MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૨૪-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોનાની મહામારી વચ્ચે પણ ભાજપ નફરતનો વાયરસ ફેલાવે છેઃ સોનિયા ગાંધી

3 નાણાંમંત્રીની આજે વડાપ્રધાન મોદી સાથે બેઠકઃ સહાય પેકેજને મળશે મંજૂરી

8 કોરોનાની મહામારી વચ્ચે અમદાવાદ સિવિલમાંથી GISFના ૭૦ જવાનો ભાગ્યા

12 નર્મદામાં વધુ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાતા તંત્ર ચિંતામાં : ભદામ ગામની મહિલા પોઝીટીવ આવતા આંકડો ૧૨ પર પહોંચ્યો

રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૧૭ નવા પોઝિટિવ કેસ અને ૭૯ દર્દી સાજા થયા, ૯ના મોત સાથે મૃત્યુઆંક ૧૧૨, કુલ દર્દી ૨૬૨૪

રાજ્યમાં ૨૪ કલાકમાં ૩ હજાર જેટલા ટેસ્ટ થયા : અમદાવાદમાં ૧૫૧, સુરતમાં ૪૧, વડોદરામાં ૭, આણંદમાં ૩, બોટાદમાં ૨, ભરૂચમાં ૫, ખેડામાં ૨ કેસ સામે આવ્યા : અરવલ્લી, ભાવનગર, ગાંધીનગર, પંચમહાલ, વલસાડ અને ડાંગમાં એક એક કેસ સામે આવ્યો : પોલીસ અને કોરોના વોરિયર્સ પર હુમલા સહિતના ૬ ગુનામાં ૨૨ લોકો સામે પાસા હેઠળ કાર્યવાહીઃ રાજ્ય પોલીસ વડા

ગાંધીનગર

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૦૦૦ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા છે, તેમાંથી કોરોનાના ૨૧૭ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૭૯ દર્દીઓ સાજા થયા છે. જ્યારે ૯ના મોત થયા છે. આમ રાજ્યમાં કુલ દર્દી ૨૬૨૪ થયા છે. જેમાં ૧૧૨ના મોત થયા છે અને ૨૫૮ દર્દી સાજા થયા છે.

નવા ૨૧૭ કેસમાં અમદાવાદમાં ૧૫૧, સુરતમાં ૪૧, વડોદરામાં ૭, આણંદમાં ૩, બોટાદમાં ૨, ભરૂચમાં ૫, ખેડામાં ૨ કેસ જ્યારે અરવલ્લી, ભાવનગર, ગાંધીનગર, પંચમહાલ, વલસાડ અને ડાંગમાં એક એક કેસ સામે આવ્યો છે.

આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું કે, આજે ૧૩ જિલ્લામાં કોરોનાના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. ગુજરાત આંકડાની દ્રષ્ટીએ ક્યાં નંબર પર છે તે મહત્વપૂર્ણ નથી. રાજ્યમાં આજે ૧૫૦ વેન્ટીલેટર ઉપલબ્ધ થયા. જ્યારે ૮૦ ટકા કેસો હોટસ્પોટ વિસ્તારમાં નોંધાયા છે.

લોકડાઉન દરમિયાન કોરોના વોરિયર્સ અને પોલીસ પર હુમલા થયા તેમાં પાસા સહિતની કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યમાં આ પ્રકારના ૬ ગુનામાં ૨૨ લોકો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યમાં કર્ફ્યૂ ભંગના ૪૧૮ ગુના નોંધાયા છે. જેમાં ૪૩૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ડ્રોન સર્વેલન્સ દ્વારા લોકડાઉનનો ભંગ કરનારાઓ સામે ગુનો નોંધી અત્યારસુધી ૧૬ હજાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. રાજ્યમાં ગઈકાલ સાંજથી આજ સવારના ૯ વાગ્યા સુધીમાં કોરોનાના ૧૫૨ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૨ દર્દીના મોત થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૧૦૫ અને અત્યાર સુધીમાં કુલ ૨૫૫૯ દર્દી નોંધાયા છે. નવા સામે આવેલા ૧૫૨ કેસમાં સૌથી વધુ અમદાવાદના ૯૪, સુરતમાં ૩૦, વડોદરામાં ૧૪, આણંદમાં ૩, બનાસકાંઠામાં ૨, ગાંધીનગરમાં ૨, અરવલ્લી, ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, નર્મદા, પંચમહાલ અને વલસાડમાં ૧-૧ કેસ સામે આવ્યા છે.

૨૩ એપ્રિલે સવારથી અત્યારસુધી બનેલી મહત્વપૂર્ણ ઘટનાઓ

● કોરોનાગ્રસ્ત દર્દીઓને હોસ્પિટલ પહોંચાડતી ૫૦ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સને અમદાવાદ સિવિલ ખાતે ડિસઈન્ફેક્ટેડ-સ્ટરિલાઈઝ કરવામાં આવી

● વડોદરાની સયાજી હોસ્પિટલમાં કોરોનાનો દર્દી આઈસોલેશન વોર્ડમાંથી નીકળીને કેન્ટીનમાં જમવા બેસી ગયો

● રાજકોટમાં પોલીસ એક્શનમાં આંટાફેરા મારતા લોકો સામે કડક કાર્યવાહી

● સુરતના ડીંડોલી વિસ્તારમાં કોરોનાનો પોઝિટિવ કેસ આતા તંત્રમાં દોડધામ, તમામ જગ્યાને

અનુસંધાન પાના નં. ૬

૨૭ એપ્રિલે વડાપ્રધાન મોદી રાજ્યોના મુખ્યમંત્રીઓ વીડિયો કોન્ફરન્સથી વાતચીત કરશે

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭ એપ્રિલના રોજ સવારે રાજ્યના મુખ્યમંત્રો સાથે વીડિયો કોન્ફ્રન્સિંગ મારફતે વાતચીત કરશે. આ બેઠકમાં કોરોના વાયરસ વિરુદ્ધ આગળની લડાઇ અંગે ચર્ચા થઇ શકે છે. કોરોના વાયરસ દેશમાં ફેલાવ્યા બાદ રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ પર વડાપ્રધાન મોદીની આ ત્રીજી બેઠક હશે. મુખ્યમંત્રીઓ સાથે વડાપ્રધાનની છેલ્લી બેઠક ૧૧ એપ્રિલના રોજ થઇ હતી જેમાં મોટાભાગના મુખ્યમંત્રીઓએ ૨૧ દિવસનું લોકડાઉન વધારવાની માંગ કરી હતી. ત્યારબાદ વડાપ્રધાન મોદીએ ૧૪ એપ્રિલના રોજ દેશને સંબોધન કર્યું હતું જેમાં લોકડાઉનને ૩ મે સુધી વધારવાની જાહેરાત કરી હતી. આ અગાઉ વડાપ્રધાને રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ૨૦ માર્ચના રોજ ચર્ચા કરી હતી. તે સિવાય પંચાયતી રાજ દિવસના અવસર પર દેશભરની પંચાયતોને સંબોધિત કરશે. ૨૪ એપ્રિલના રોજ દેશમાં પંચાયતી રાજ દિવસ મનાવવામાં આવશે. વડાપ્રધાન મોદી દેશના વિકાસ માટે શું પગલા ભરવા જોઇએ તેના પર ચર્ચા કરશે. આ અવસર પર તેઓ સ્વામિત્વ યોજનાની શરૂઆત કરશે.

મૃત્યુ પામનાર ૬૭ દર્દીમાંથી ૬૦ દર્દી અંગત બિમારીથી પીડાતા હતાઃ સરકારનો ખુલાસો

કોરોના હોટસ્પોટ વિસ્તારો એડવાન્સ સ્ટેજ-૨માં પહોંચ્યાનો ડર

સરકાર સામે સવાલ-ખરેખર કોરોનાથી મૃત્યુ થઈ રહ્યાં છે કે અંગત બિમારીથી...?, હોટસ્પોટ વિસ્તારોમાં કોરોના કોમ્યુનિટી ટ્રાન્સફર થવાની દહેશત,ડાયાબિટીસ અને બ્લડપ્રેશરના દર્દીઓ હોય તો ખૂબ સાવચેતી રાખવી ખૂબ જરૂરી

ગાંધીનગર

ગુજરાતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઇરસના કેસો ઓછા થવાને બદલે સતત વધી રહ્યાં હોય તેમ આજે પણ નવા ૧૫૨ કેસો નોંધાયા હતા. જો કે છેલ્લાં ૨૪ કલાકમાં ખરેખર કેટલા કેસો નોંધાયા તેનો કુલ આંકડો રોજ સાંજે જાહેર કરવા સરકારે નક્કી કર્યું છે. સવારના નવા ૧૫૨ કેસો સાથે કેસોની સંખ્યા ૨૫૫૯ પર પહોંચી ગઈ છે. આજે વધુ બે દર્દીઓના મોત થયા છે. તે સાથે મૃત્યઆંક ૧૦૬ પર પહોંચ્યો છે. જો કે સરકારે આજે જે જાહેર કર્યું તેમાંથી એવું ફલિત થાય છે કે જેઓ મૃત્યુ પામ્યા છે તેમાંથી મોટા ભાગના દર્દીઓ પોતાની અંગત બિમારીથી એટલે કે ડાયાબિટીશ, બીપી વગેરે.થી પિડાતા હતા. જેનો એક અર્થ એવો થઈ રહ્યો છે કે આ દર્દીઓ કોરોનાને કારણે નહીં પણ પોતાની અંગત બિમારીને કારણે માર્યા ગયા છે...? તો પછી વૈશ્વિક મહામારી કોરોનાના લક્ષણો ધરાવતાં હોય તેનાથી કેટલા દર્દીઓ માર્યા ગયા છે તેની માહિતી સરકારે આપવી જોઈએ. કારણ કે સામાન્ય છાપ એવી છે કે જેઓ માર્યા ગયા તેઓ કોરોનાને લીધે જ માર્યા ગયા છે. પરંતુ સરકારે આજે કંઈક જુદુ જ કારણ જાહેર કર્યું હતું. તેથી સરકારની માહિતી અંગે શંકા વ્યક્ત કરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ કહ્યું હતું. તો બીજી તરફ અમદાવાદ માટે સરકાર અને અમ્યુકો તંત્ર તરફથી સારા સમાચાર એ

અનુસંધાન પાના નં. ૬

કોઈ ભૂલ ના કરે, કોરોના વાયરસ આપણી સાથે લાંબા સમય સુધી રહેશેઃ WHO

જિનિવા

આખી દુનિયા હાલ કોરોના વાયરસ મહામારી સામે જંગ લડી રહી છે, વિશ્વભરમાં અત્યાર સુધીમાં ૨૫ લાખ ૬૦ હજારથી વધુ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે અને ૧ લાખ ૭૭ હજારથી વધુ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે, ભારતમાં પણ કોરોના વાયરસનો પ્રકોપ વધતો જઈ રહ્યો છે, સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા મુજબ ભારતમાં કોરોના વાયરસ પોઝિટિવ મામલાની સંખ્યા ૨૦૪૭૧ થઈ ગઈ છે અને ૬૫૨ લોકોના મોત થયા છે. દેશમાં હાલ ૧૫૮૫૯ એક્ટિવ કેસ છે. ૩૯૫૯ દર્દી ઠીક થઈ ઘરે જઈ ચૂક્યા છે.

આ મહામારીને લઈ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું કહેવું છે કે આ કોરોના એટલી જલદી દુનિયાનો પીછો નહિ છોડે, કોરોનાથી છૂટકારો મેળવવામાં દુનિયાને સમય લાંબો સમય લાગશે, બુધવારે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને આ વાતની જાણકારી આપતા કહ્યું કે દુનિયા કોરોના વાયરસથી નિપટવાના પોતાના શરુઆતી પ્રવાસમાં છે, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના મહાનિદેશક ટેડ્રોસ અદનોમે કહ્યું કે જે દેશોને કોરોના પર કાબૂ મેળવી લીધું હોય તેવું લાગી રહ્યું છે ત્યાં ફરીથી કોરોનાના મામલા વધી રહ્યા છે, આફ્રીકા, અમેરિકામાં કોરોના વાયરસના મામલા

અનુસંધાન પાના નં. ૬

ટેસ્ટીંગમાં કોઈપણ ઘટાડો કરાયો નથીઃ આરોગ્ય સચિવ

કોરોનાઃ ૫ મેટ્રો શહેરોમાં દર્દીઓનો રિકવરી રેટ નીચો, મોદી સરકારની ચિંતા વધી

૫ મેટ્રો શહેરોમાં કોરોના સંક્રમણના કેસ અને મૃત્યુઆંકમાં સતત વધારો થઈ રહ્યો છે

ન્યુ દિલ્હી

મુંબઈ, ઈન્દૌર અને જયપુર જેવા દેશના ૫ મહાનગરોમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓનો સાજા થવાનો દર નીચો હોવાથી અને મૃત્યુંદર ઊંચો હોવાથી કેન્દ્ર સરકારની મુશ્કેલીઓમાં વધારો થયો છે. આ મોટા શહેરોમાં કોરોનાનો ચેપ લાગ્યો હોય તેવો દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે.

આ મહાનગરોમાં વાયરસે રોકવા માટે ગયા ૧૦ દિવસોમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા લગભગ બમણી કરીને યુદ્ધ સ્તરે ટેસ્ટિંગ શરૂ કરવામાં આવી રહી છે. જો કે અનેક જગ્યાઓએ ટેસ્ટ કરવા માટે પૂરતી સુવિધા નથી. કેન્દ્ર સરકારના ડેટા મુજબ, રાષ્ટ્રીય સ્તર પર રિકવરી રેટ ૧૯ ટકાથી વધુ છે પરંતુ મુંબઈ, અમદાવાદ, ઈન્દૌર અને જયપુરમાં કોરોનાના દર્દીઓનો સાજા થવાનો દર નીચો છે. જયપુર અને ઈન્દૌરમાં રિકવરી રેટ ૮ ટકાથી પણ નીચો છે. ત્યાંજ મુંબઈમાં રિકવરી રેટ ૧૩ ટકા છે જ્યાં સંક્રમણના સૌથી વધારે કેસ છે અને વાયરસથી મૃત્યું પામનારા દર્દીઓની સંખ્યા પણ સૌથી વધારે છે. આ મામલે દિલ્હીનું પ્રદર્શન સૌથી શ્રેષ્ઠ છે અહિંયા રિકવરી રેટ ૨૮ ટકા છે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું કે, કોઈ શહેરમાં મૃત્યુંદર વધારે અને સ્વસ્થ થવાનો દર નીચો છે તેનો અર્થ એવો હોઈ શકે કે ત્યાં સંક્રમિત દર્દીઓની જાણ મોડી પડી રહી છે. આનાથી સંક્રમણ ગંભીર અવસ્થામાં પહોંચી જાય છે. જેને કારણે દર્દીઓને સ્વસ્થ થવામાં સમય લાગે છે અને તેમનું મોત થઈ જાય છે. એક અન્ય વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું કે, કન્ટેનમેન્ટ ઝોન અને ટેસ્ટિંગની

અનુસંધાન પાના નં. ૬

કુલ મૃત્યુઆંક ૬૮૦ને પાર,૪૨૫૮ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા

નવા ૧,૪૦૯ કેસ સાથે કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૧,૦૦૦ને પાર

ન્યુ દિલ્હી

દેશ અને વિશ્વમાં કોરોના વાઈરસનો પ્રકોપ યથાવત છે. ભારતમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૨૧ હજારને પાર પહોંચી ચૂકી છે. દેશમાં આ વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૨૧,૩૭૦ થઈ ગઈ છે. જેમાં ૧૬,૩૧૯ એક્ટિવ કેસ છે. જ્યારે ૪૩૭૦ દર્દીઓ સ્વસ્થ થઈ ચૂક્યાં છે. જ્યારે દેશમાં અત્યાર સુધી આ વાઈરસના કારણે મરનારા લોકની સંખ્યા ૬૮૧ થઈ ગઈ છે. બીજી તરફ ગુરૂવારે સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે રજૂ કરેલા આંકડા પ્રમાણે, દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા વધીને ૨૧૩૯૩ થઈ ગઈ છે. જેમાંથી ૧૬૪૫૪ કેસ એક્ટિવ છે અને ૪૨૫૮ લોકો સંપૂર્ણ સ્વસ્થ થઈ ચૂક્યા છે.કોરોનાની સૌથી વધુ અસર મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૩૧ નવા કેસો સામે આવ્યા છે, જ્યારે અહીં ૧૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૫૬૪૯ થઈ ગઈ છે અને ૨૬૯ લોકો મોતને ભેટ્યા છે. દેશમાં છેલ્લા ૧૨ કલાકમાં કોરોના વાઈરસના ૯૨૨ નવા કેસો સામે આવ્યા છે, જ્યારે ૨૯ લોકોના મોત થયા છે.

કોરોના સંકટ વચ્ચે મોદી સરકારનો મોટો નિર્ણય

કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા પર જુલાઈ-૨૦૨૧ સુધી પ્રતિબંધ

૧ જાન્યુઆરી ૨૦૨૦ પછી જોઈન કરનાર કેન્દ્રીય કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું જુલાઈ ૨૦૨૧ સુધી અટકાવ્યું,સરકારને ૧૪,૫૯૫ કરોડ રૂપિયાની બચત થશે,૧ જાન્યુઆરી ૨૦૨૦થી ૩૦ જૂન ૨૦૨૧ સુધીના મોંઘવારી ભથ્થાનું એરિયર્સ પણ નહીં મળે

ન્યુ દિલ્હી

દેશમાં કોરોનાના અચાનક આવી પડેલા સંકટના કારણે ભારતીય અર્થવ્યવસ્થાને મોટુ નુકસાન થવાનુ છે. આ તમામની વચ્ચે સરકારે ગુરૂવારના રોજ ભારત સરકારે મોટો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત જોઈએ તો, કેન્દ્રીય કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થા એટલે કે, ડીએ પર રોક લગાવી દીધી છે. આ રોક જૂલાઈ ૨૦૨૧ સુધી રહેશે.

નાણામંત્રાલય તરફથી કરેલી જાહેરાત મુજબ જોઈએ તો, કોરોના વાયરસના સંકટના કારણે ૧ જાન્યુઆરી ૨૦૨૦ બાદ કેન્દ્રીય કર્મચારીઓના અથવા પેંશનધારીઓને મળતુ ડીએની રકમ આપવામાં નહીં આવે. ૧ જૂલાઈ ૨૦૨૦થી જે વધારાનું ડીએ મળતુ હતું તે પણ આપવામાં નહીં આવે.

અહીં ઉલ્લેખનીય છે કે, કોરોનાના સંકટના કારણે કેન્દ્ર સરકારે અનેક યોજનાઓમાં કાપ મુક્યો છે. આ અગાઉ ગુરૂવારના રોજ બજેટમાં કાપ મુકવાની વાત પણ સામે આવી છે. જ્યાં નવા પ્રોજેક્ટના ખરીદી પર થોડા સમય માટે બ્રેક લેવામાં આવી શકે છે.

કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકો માટે મોંઘવારી ભથ્થામાં ૪ ટકાના વધારાને રોકાથી સરકાર દર મહિને સરેરાશ ૧,૦૦૦ રૂપિયાની બચાવી શકે છે. સરકારે

અનુસંધાન પાના નં. ૬

કુલ મૃત્યુઆંક ૪૫૦૦૦થી વધુ,૮.૫૦ લાખથી વધુ લોકો સંક્રમિત

અમેરિકામાં ૨૪ કલાકમાં કોરોનાથી ૧૭૩૮ લોકોના મોત

વોશિંગ્ટન

અમેરિકામાં દરરોજ હજારો લોકો કોરોના વાયરસથી મરી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં, અમેરિકામાં કોરોના વાયરસને કારણે ૧,૭૩૮ લોકોનાં મોત નીપજ્યાં છે. યુ.એસ. માં કોરોના વાયરસને કારણે અત્યાર સુધીમાં ૪૫,૦૦૦ થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે કોરોના વાયરસ ચેપથી ૮,૪૮,૯૯૪ લોકોને ચેપ લાગ્યો છે. અહીં કોરોના વાયરસથી લોકો જે રીતે મરી રહ્યા છે, તેનાથી અહીંની પરિસ્થિતિ એકદમ ગંભીર બની ગઈ છે. અમેરિકામાં લોકડાઉનને કારણે કરોડો લોકોની નોકરીઓ પર સંકટ આવી ગયુ છે, લોકો અન્ન અને ગુજર બસારની વિનંતી કરી રહ્યા છે. સમગ્ર દુનિયાની વાત કરીએ તો કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૨૬,૩૬,૯૮૯ પર પહોંચી ગઈ છે, જ્યારે આ વાયરસને કારણે ૧,૮૪,૧૮૬ લોકોનાં મોત નીપજ્યાં છે. ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૨૧,૩૭૦ થઈ છે, જ્યારે ભારતમાં આ વાયરસને કારણે ૬૮૧ લોકોનાં મોત નીપજ્યાં છે. ભારતમાં કોરોના વાયરસ ચેપની તપાસ કરવા જઇ રહેલી ટીમ પર સતત હુમલો કરવામાં આવી રહ્યો છે, જેના કારણે સરકાર દ્વારા આ અંગેનો વટહુકમ બહાર પાડવામાં આવ્યો છે, જે બાદ હવે આરોગ્ય કર્મચારીઓ પર હુમલો કરવો એ બિનજામીનપાત્ર ગુનો હશે.

ચીને WHOને ૩૦ મિલિયન યૂએસ ડૉલરની મદદ કરવાની જાહેરાત કરી

ચીને WHOને લગભગ ૨૨૮ કરોડ(૩૦ મિલિયન યૂએસ ડૉલર)ની મદદ કરવાની જાહેરાત કરી. ગુરુવારે ચીન દ્વારા આ જાહેરાત બાદ જિનપિંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા કોરોનાને પહોંચી વળવા માટે લડી રહેલી વૈશ્વિક સ્વાસ્થ્ય સંસ્થાની મદદ રોકવાના નિર્ણય પર ચિંતા વ્યક્ત કરી હતી.



દેશની આર્થિક રાજધાની અને સપનાના શહેર મુંબઈમાં લોકડાઉનની સ્થિતિને દર્શાવતી આનાથી સારી તસવીર કઈ હોય શકે?

પીપીઈ કિટની અછત અને ખરાબ ગુણવત્તા અંગે સવાલ ઉઠાવ્યા

કોરોનાની મહામારી વચ્ચે પણ ભાજપ નફરતનો વાયરસ ફેલાવે છેઃ સોનિયા ગાંધી

કેન્દ્ર સરકાર ગરીબ મજૂરોના ખાતામાં તાત્કાલિક ૭,૫૦૦ જમા કરાવેઃ સોનિયા ગાંધીની માંગ

ન્યુ દિલ્હી

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીએ ગુરુવારે ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યુ કે, ભાજપ કોરોના વાયરસ મહામારીના સમયે પણ સાંપ્રદાયિક શાંતિને ડામાડોળ કરી રહી છે અને નફરતનો વાયરસ ફેલાવી રહી છે. કોંગ્રેસની કાર્યસમિતિની બેઠકમાં તેમણે કોરોના વાયરસની સામેની લડતમાં મોદી સરકારની રણનીતિ પર પણ નિશાન તાક્યું છે. સોનિયા ગાંધીએ પીપીઈ કિટની અછત અને તેની ખરાબ ગુણવત્તા અંગે પણ સવાલ ઉઠાવ્યા છે.

કોંગ્રેસની કાર્યસમિતિની બેઠકની અધ્યક્ષ કરતા સોનિય ગાંધીએ ભાજપનું નામ લઈને આક્ષેપ કર્યો કે જ્યારે કોરોના વાયરસની વિરુદ્ધ એકજૂથ થઈને લડત આપવી જોઈએ ત્યારે ભાજપ સાંપ્રદાયિક પૂર્વાગ્રહો અને નફરતનો વાયરસ ફેલાવવામાં લાગી છે. આપણા સાંપ્રદાયિક સૌહાર્દને ગંભીર નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે જેનાથી પ્રત્યેક ભારતીયને ચિંતા થવી જોઈએ.

સોનિયાએ દેશમાં કોરોના વાયરસના સંક્રમણ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, ગયા ત્રણ સપ્તાહથી કોરોના વાયરસના કેસ ચિંતાજનક રીતે વધ્યા છે અને તેની ગતિ પણ વધી છે. લોકડાઉનને કારણે ખેડૂતો, મજૂરો અને પ્રવાસી મજૂરોને ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તેમણે માગણી કરી છે કે, ગરીબો, મજૂરો અને ખેડૂતોને આર્થિક મદદ કરવી જોઈએ. આ ઉપરાંત મજૂરોને ખાદ્ય સુરક્ષા ઉપલબ્ધ કરાવવા માટે પણ તાત્કાલિક પગલા લેવામાં આવે.

તેમણે ગરીબ મજૂરોને ખાદ્ય સુરક્ષા પ્રદાન કરવા તાત્કાલિક પગલા લેવાની અને ગરીબો, મજૂરો, ખેડૂતોના ખાતામાં તાત્કાલિક ૭,૫૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવાની માંગ કરી હતી. સાથે જ તેમણે તમામ કોરોના વોરિયર્સને સલામી પાઠવી હતી અને જરૂરી મેડિકલ ઉપકરણ વગર પણ ફીલ્ડમાં કામ કરી રહેલા હેલ્થ વર્કરનો ઉલ્લેખ કર્યો હતો.

સરકારી કર્મચારીઓનો ૧ મહિનાનો પગાર ૫ હપ્તામાં કપાશેઃ કેરળ સરકારનો નિર્ણય

તિરુવનંતપુરમ્

વિરોધ પક્ષ અને સ્ટાફ અસોસિએશનના વિરોધ પ્રદર્શનને અવગણીને બુધવારે કેરળ કેબિનેટે સરકારી કર્મચારીઓનો એક મહિનાનો પગાર કાપવનો નિર્ણય કર્યો છે. માસિક રૂપિયા ૨૦,૦૦૦થી વધુ પગાર ધરાવતા ડૉક્ટરો અને નર્સો સહિતના સરકારી કર્મચારીઓનો એક મહિનાનો પગાર કપાશે. કર્મચારીઓનો પગાર મેથી સપ્ટેમ્બર મહિના સુધી પાંચ એકસરખી રકમના હપ્તામાં કાપવામાં આવશે. મતલબ કે, દર મહિને ૬ દિવસનો પગાર કપાઈ જશે.

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને કહ્યું, "પ્રસ્તાવિત પે કટના વિરોધને ધ્યાનમાં લઈ શકે તેવી સ્થિતિમાં સરકાર નહોતી. દર મહિને ૬ દિવસનો પ્રમાણસર પગાર કપાઈ જશે. આ જ પ્રકારે પાંચ મહિનામાં કુલ ૩૦ દિવસનો પગાર કાપવામાં આવશે. રાજ્ય સરકારના કર્મચારીઓ, શિક્ષકો, યુનિવર્સિટી સ્ટાફ અને પબ્લિક સેક્ટર યુનિટના કર્મીઓના પગાર કાપવામાં આવશે. જો કે, જે કર્મચારીઓનો પગાર ૨૦,૦૦૦ રૂપિયાથી ઓછો તેમને આમાંથી બાકાત રાખવામાં આવ્યા છે."

કર્મચારીઓ પાસેથી 'ખરા દિલ'ના સહકારની અપેક્ષા રાખતાં સીએમે કહ્યું, સ્વેચ્છાએ કે કમને કર્મચારીઓએ પાંચ મહિના સુધી પોતાના પગારમાંથી મામૂલી રકમ આપવાની રહેશે. કોવિડ-૧૯ અને લોકડાઉનના કારણે રાજ્યમાં ઊભા થયેલા આર્થિક સંકટ માટે આ જરૂરી છે. મહત્વનું છે કે, મંત્રીઓ, ધારાસભ્યો, સ્વૈચ્છિક સરકારી સંસ્થાઓના ચૂંટાયેલા સભ્યોનો પગાર અને માનદ વેતન એક વર્ષ સુધી ૩૦% કાપી લેવાશે.

જ્યાં સુધી દેશમાં કોરોનાની સ્થિતિ રહે ત્યાં સુધી રક્ષા ડીલને રોકી દો

કોરોના સંકટઃ સરકારે સેનાને રક્ષા કરારો અટકાવવા આદેશ કર્યો

ન્યુ દિલ્હી

કોરોના સંકટ અને લોકડાઉનની અસર હવે રક્ષા કરારો પર પડી રહી છે. રક્ષા મંત્રાલય તરફથી ત્રણેય સેનાઓને પોતાના આધુનિકરણ માટે કરવામાં આવનારા રક્ષા કરારો અત્યારે રોકી દેવા માટે કહેવામાં આવ્યું છે. મંત્રાલયનું કહેવું છે કે કોવિડ-૧૯નાં કારણે બજેટમાં કાપને જોતા અમે આ નિર્ણય લીધો છે. રક્ષા મંત્રાલયનાં સૂત્રોએ જણાવ્યું કે, જ્યાં સુધી દેશમાં કોવિડ-૧૯ની સ્થિતિ રહે છે, ત્યાં સુધી રક્ષા ડીલને રોકી દે. ત્રણેય સેનાઓને તમામ રક્ષા કરારો રોકી દેવા માટે કહેવામાં આવ્યું છે.

ત્રણે સેનાઓ પોતાના આધુનિકરણ માટે અનેક રક્ષા કરારો કરી રહી છે, જે અલગ અલગ તબક્કાઓમાં છે. ભારતીય વાયુસેના ફ્રાન્સથી ૩૬ રાફેલ વિમાન અને રશિયા પાસેથી એસ-૪૦૦ વાયુરક્ષા પ્રણાલી માટે ચુકવણીની પ્રક્રિયામાં છે, જ્યારે સેના પણ અમેરિકા અને રશિયા સહિત અલગ અલગ દેશોથી ટેંક, આર્ટિલરી ગન અને અસૉલ્ટ રાઈફલ પણ લઈ રહી છે.

તો નૌસેનાએ તાજેતરમાં જ અમેરિકા પાસેથી ૨૪ મલ્ટીરોલ હેલિકોપ્ટર માટે કરાર પર સહી કરી હતી. હવે તમામ રક્ષા ડીલ રોકી દેવા માટે કહેવામાં આવ્યું છે. આનો મતલબ એ નથી કે ડીલને કેન્સલ કરી દેવામાં આવી છે, પરંતુ ડીલની આગળની પ્રક્રિયા માટે રોકી દેવામાં આવી છે. સ્થિતિ સામાન્ય થયા બાદ ડીલને આગળ વધારી દેવામાં આવશે.

લોકડાઉનના કારણે આતંકી હુમલાઓ વધ્યા, ૧૩ દિવસમાં ૧૦ જવાન શહીદ

શ્રીનગર

લોકડાઉનના ૨૮ દિવસોમાં જમ્મુ કાશ્મીરમાં આતંકી હુમલાઓના કારણે સુરક્ષાદળોને જાન માલનુ ભારે નુકસાન ઉઠાવવુ પડ્યુ છે.

લોકડાઉન લાગુ કરાવવા માટે ઝઝૂમી રહેલા સુરક્ષાદળોના જવાનો પર આંતકી હુમલાઓ વધી ગયા છે. આવી ૧૮ ઘટનાઓ બનીચુકી છે. જેમાં ૧૦ જવાન શહીદ થઈ ચુક્યા છે. જોકે સામે સુરક્ષાદળોએ ૧૮ આતંકીઓનો સફાયો પણ કર્યો છે.

જોકે ૨૮ દિવસમાં જેટલુ નુકસાન થયુ છે તેટલુ છેલ્લા ૬ મહિના પણ થયુ નહોતુ.કલમ ૩૭૦ હટાવાયા બાદ સુરક્ષાદળોના પાંચ જવાનો શહીદ થયા હતા. જયારે ૩૦ થી ૪૦ આતંકીઓને આ સમયગાળા દરમિયાન જવાનોએ યમસદન મોકલી આપ્યા હતા.

હાલમાં કાશ્મીર ખીણમાં સુરક્ષાદળો બેવડી લડાઈ લડી રહ્યા છે. એક તરફ કાશ્મીરમાં કોરોનાના વધતા જતા કેસો વચ્ચે લોકોને ઘરમાં રહેવા માટે સમજાવવા જવાનો ઝઝૂમી રહ્યા છે તો બીજી તરફ આતંકીઓ તેનો ફાયદો ઉઠાવીને આંતકી હુમલા કરી રહ્યા છે.

નિફ્ટી ૧૨૬ અંક સાથે ૯૩૧૩ની સપાટીએ

સેન્સેક્સ ૪૮૩ પોઈન્ટના વધારા સાથે ૩૧૮૬૩ની સપાટીએ બંધ

મુંબઇ

બુધવારે અમેરિકા અને એશિયન માર્કેટમાં તેજીની અસર ગુરૂવારે ભારતીય શેર માર્કેટ પર પણ જોવા મળી છે. ગુરૂવારે અંતિમ સેશનમાં બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૪૮૩ પોઈન્ટ અથવા ૧.૫૪ ટકા વધીને ૩૧,૮૬૩ નજીક જ્યારે નિફ્ટી ૫૦ આંક ૧૨૬ અંક અથવા ૧.૩૮ ટકા કૂદીને ૯,૩૧૩ નજીક બંધ આવ્યા છે.

બેંક નિફ્ટીની વાત કરીએ તો ઈન્ડેક્સ આજે ૫૬૬ અંક ઉછળીને ૨૦,૨૬૭ નજીક સેટલ થયો છે. આ સિવાય બીએસઈ પર મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૯૦ ટકા અને ૧.૩૫ ટકા વધીને બંધ આવ્યા છે. અન્ય સેક્ટર્સની વાત કરીએ તો આજે પાવરને છોડી મોટા ભાગે સેક્ટર્સમાં તેજી જોવા મળી છે. ભારતીય ચલણની વાત કરીએ તો ગુરૂવારે રૂપિયો ડોલર સામે ૬૨ પૈસા મજબૂત બની ૭૬.૦૬ પર નોંધાયો છે. જ્યારે ગ્લોબલ માર્કેટની વાત કરીએ તો બુધવારે અમેરિકન માર્કેટમાં S&P ૫૦૦ ૨.૨૯ ટકા, NASDAQ ૨.૮૧ ટકા અને ડાઉ જોન ૧.૯૯ ટકા ઉછળીને બંધ આવ્યા. ઉપરાંત યુરોપિયન માર્કેટમાં FTSE ૦.૦૩ ટકા ઘટી, CAC ૦.૩૦ ટકા વધી અને DAX ૦.૧૪ ટકા ઘટીને સેટલ થયા હતા.

મેડિકલ જર્નલ લાંસેટના એડિટર ઈન ચીફ રિચર્ડ હોર્ટનનું નિવદેન

ભારતમાંથી કોરોના નાબૂદ કરવા માટે ૧૦ અઠવાડિયાનું લોકડાઉન જરૂરી

ન્યુ દિલ્હી

કોરોના વાયરસની મહામારીથી બચવા માટે ભારતમાં ૪૦ દિવસનું લોકડાઉન કરવામાં આવ્યું છે.એક ગ્લોબલ નિષ્ણાંતનું કહેવુ છે કે, ભારતમાં ઓછામાં ઓછુ ૧૦ અઠવાડીયા સુધી લોકડાઉનમાં રાખવુ જોઈએ. મેડિકલ જર્નલ લાંસેટના એડિટર ઈન ચીફ રિચર્ડ હોર્ટનનું કહેવુ છે કે, ભારતે લોકડાઉન હટાવવાની ઉતાવળ કરવી જોઈએ નહીં.

તેમણે ભાર આપીને જણાવ્યું હતું કે, ભારતમાં ઓછામાં ઓછુ ૧૦ અઠવાડીયુનું લોકડાઉન રાખવું જોઈએ. આ નિષ્ણાંતનું કહેવુ છે કે, કોઈ પણ દેશમાં આ મહામારી કાયમ માટે રહેતી નથી. આ પોતાની જાતે જ ખતમ થઈ જાય છે. તેમણે જણાવ્યું છે કે, ભારતમાં જો લોકડાઉન સફળ રહેશે તો, ૧૦ અઠવાડીયામાં જ કોરોના પોતાની જાતે જ ખતમ થઈ જશે. આપને જણાવી દઈએ કે, ભારતમાં લોકડાઉનનો બીજો તબક્કો ચાલી રહ્યો છે. જે ત્રીજી મે સુધી લાગૂ રહેશે. લોકોને આશા છે કે, લોકડાઉન હટ્યા બાદ બધુ બરાબર થઈ જશે. દેશમાં પ્રથમ અને બીજા તબક્કાને ભેગુ કરી કુલ ૪૦ દિવસનું લોકડાઉન છે.

રાષ્ટ્રપતિ દ્વારા વટહુકમને મંજૂરીઃ સ્વાસ્થ્ય કર્મચારી પર હુમલા કરનાર વિરુદ્ધ કડક કાર્યવાહી થશે

ન્યુ દિલ્હી

દેશમાં વ્યાપક બની રહેલી કોવિડ-૧૯ મહામારી સામે ઝઝૂમી રહેલા ડોક્ટર, નર્સ અને અન્ય આરોગ્ય કર્મચારીઓ પર વધી રહેલા હુમલાને મધ્યનજર કેન્દ્ર સરકારે આ પ્રકારના બનાવો અટકાવવા ૧૨૩ વર્ષ જૂના એપિડેમિક ડિસીઝ એક્ટ ૧૮૯૭માં સુધારો કરી વટહુકમ જારી કરવાનો નિર્ણય કર્યો હતો. જેના પર આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મહામારી રોગ (સંશોધન) અધ્યાદેશ, ૨૦૨૦ પર મ્હોર મારી દીધી. બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી કેબિનેટની બેઠકમાં કાયદામાં સુધારો કરવાનો નિર્ણય લેવાયો હતો.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું હતું કે, સરકાર ડોક્ટરો અને નર્સો સહિતના આરોગ્ય કર્મચારીઓ પર હુમલા સહન કરશે નહીં. દેશને મહામારીમાંથી બચાવવાના પ્રયાસો કરી રહેલા આરોગ્ય કર્મચારીઓ પરના હુમલાને સાંખી લેવાશે નહીં. સરકારે વટહુકમ તૈયાર કરી લીધો છે અને રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ તેનો તાત્કાલિક અસરથી અમલ કરાશે. કેન્દ્રીય કેબિનેટે એપિડેમિક ડિસીઝ એક્ટ ૧૮૯૭માં સુધારો કરીને વટહુકમને મંજૂરી આપતાં હિંસાના આ પ્રકારના કૃત્યને સજાપાત્ર અને બિનજામીનપાત્ર અપરાધ ગણાશે. દોષિત વ્યક્તિએ આરોગ્ય કર્મચારીના વાહનો અથવા ક્લિનિકની સંપત્તિને કરેલા નુકસાન માટે બજારભાવ કરતાં બમણું વળતર ચૂકવવું પડશે.

ફંડનો ઉપયોગ ત્રણ તબક્કામાં કરાશે

કોરોના સામે લડવા કેબિનેટે ૧૫૦૦૦ કરોડના ફંડને મંજૂરી આપી

ન્યુ દિલ્હી

કોરોના વાઇરસના પ્રસારને રોકવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં 'ઇન્ડિયા કોવિડ-૧૯ ઇમરજન્સી રિસપોન્સ એન્ડ હેલ્થ સિસ્ટમ પ્રિપેડનેસ પેકેજ' માટે ૧૫૦૦૦ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય લીધો છે.

આ ફંડનો ઉપયોગ ત્રણ તબક્કામાં કરવામાં આવશે. તાત્કાલિક કાવિડ-૧૯ ઇમરજન્સી પ્રતિક્રિયા માટે ૭૭૭૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. બાકીની રકમનો ઉપયોગ આગામી એકથી ચાર વર્ષ દરમિયાન કરવામાં આવશે.

સરકાર દ્વારા જારી કરાયેલા નિવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં કોરોનાના ટેસ્ટ કરવા માટે લેબોરેટરીઓની સંખ્યા વધારવામાં આવી છે. આ ઉપરાંત વધુ ૧૩ લાખ ટેસ્ટિંગ કીટ ખરીદવાનો આર્ડર આપવામાં આવ્યો છે.



કોરોના વાયરસના આ સંકટના સમયમાં કામ કરનાર નગરપાલિકાના સફાઇ કર્મચારીઓનું યુપીના પ્રયાગરાજમાં સન્માન કરવામાં આવ્યું. આ દરમ્યાન પુજારીઓએ તેમના પગ ધોયા હતાં. અને તેમના કાર્ય માટે ધન્યવાદ આપ્યા હતાં.

અમદાવાદનાં દંપતીનાં મોતનું રહસ્ય ખુલ્યું પત્નીની હત્યા બાદ પતિએ કર્યો આપઘાત

અમદાવાદ

લૉકડાઉનમાં લોકોને ઘરમાં જ રહેવાની અપીલ કરવામાં આવી છે. બે દિવસ પહેલા શહેરનાં ગોતા વિસ્તારમાં દંપતીના તેમના ઘરમાંથી મૃતદેહ મળ્યાં હતાં. આ ઘટના ૨૧મી એપ્રિલ એટલે કે, મંગળવારે ઘટી હતી. જેમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. ફ્લેટમાં રહેતા ૫૦ વર્ષનાં પતિ કાલાસોના રોયે ૪૫ વર્ષની પત્ની પારોમીતા રોયની હત્યા કરીને પછી તેને પણ આપઘાત કરી લીધો હતો.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, ગોતામાં વંદેમાતરમ રોડ પર આવેલા સાયોના તિલક-૩માં રહેતા દંપતીના મૃતદેહ તેમના ફ્લેટમાંથી મળી આવ્યા હતા. આ અંગે સોલા પોલીસના જણાવ્યા મુજબ, ફ્લેટમાંથી તીવ્ર દુર્ગંધ આવતા પડોશીઓએ ૨૧ એપ્રિલના રોજ પોલીસને જાણ કરી હતી. જે બાદ ત્યાં આવીને તપાસ કરતા ફ્લેટનાં ડ્રોઈંગરૂમમાંથી મહિલા અને બેડરૂમમાંથી પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં મૃતકોના નામ કાલાસોના રોય અને તેમના પત્ની પારોમીતા રોય હોવાનું જાણવા મળ્યું હતું. આ લોકોનાં અન્ય પરિવારનો ગઈકાલ સુધી કોઈ સંપર્ક થયો ન હતો. પોલીસે જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસમાં કાલાસોના રોયે પહેલા તિક્ષ્ણ હથિયાર વડે પત્નીની હત્યા કરી નાંખી હતી. બાદમાં તેણે ફિનાઈલ પીને આપઘાત કરી લીધો હોવાની આશંકા છે. મહત્વનું છે કે, ફ્લેટમાંથી ફિનાઈલ ભરેલી અડધી બોટલ મળી આવી છે. પતિ કાલાસોનાને ડાયાબિટીશ અને બ્લડપ્રેશરની બીમારીથી પિડાતા હતા. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યાં છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ તેમના મોતનું અસલ કારણ જાણવા મળશે. આ દંપતી મૂળ કોલકાતાના રહેવાસી હતો. હાલ સોલા પોલીસે હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.



પશ્ચિમ બંગાળના સતીપુર ખાતે લોકડાઉન દરમિયાન રસ્તા પર યમરાજના સ્વાંગમાં એક સવયંસેવક નાના છોકરાને ઘરે પાછો ધકેલવા એની પાછળ દોડ્યો હતો.

ના હોય...અમેરિકામાં બે પાલતુ બિલાડીઓ કોરોના પોઝિટિવ...!!

વોશિંગ્ટન

કોરોના વાયરસનો કહેર યથાવત છે. આ ખતરનાક વાયરસ ચીનના વુહાનથી નીકળ્યો છે, જેના કારણે વિશ્વભરમાં ઉથલપાથલ થઈ ગઈ છે. અત્યાર સુધી, આ વાયરસે માનવોમાં વિનાશ સર્જ્યો છે અને તે હવે પ્રાણીઓમાં પણ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં, જ્યાં વાઘણ કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું હતું, ત્યારે હવે બે પાલતુ બિલાડીઓ કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. ખરેખર, આ સ્થિતિ અમેરિકાના ન્યૂયોર્કનો છે. યુ.એસ.ના આરોગ્ય અધિકારીઓએ એક નિવેદનમાં કહ્યું કે, યુનાઇટેડ સ્ટેટ્સમાં પાલતુ પશુના સંક્રમિત થવાનો આ પહેલો કેસ છે, જ્યારે ન્યૂયોર્કની બે બિલાડીઓ કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, બંને બિલાડીઓને શ્વાસ લેવામાં તકલીફ હોવાનું જણાયું હતું, ત્યારબાદ તેમની તપાસ કરવામાં આવી હતી અને તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. તેની સારવાર તાત્કાલિક શરૂ કરી દેવામાં આવી છે. તેની બીમારીમાંથી સ્વસ્થ થવાની અપેક્ષા છે. તેઓ જે ઘરમાં હોય તે લોકો અથવા તેના પડોશમાંથી પણ ચેપ લાગવાની સંભાવના છે. હાલમાં, ત્યાં પ્રાણીઓની નિયમિત પરીક્ષણ કરવાની ભલામણ કરવામાં આવી નથી.

નાણાંમંત્રીની આજે વડાપ્રધાન મોદી સાથે બેઠકઃ સહાય પેકેજને મળશે મંજૂરી

ન્યુ દિલ્હી

લોકડાઉનને પગલે દેશનું અર્થતંત્ર થંભી ગયું છે પરંતુ, લોકડાઉન બાદ ફરી અર્થતંત્રને પાટે ચઢાવવા માટે સરકાર મરણિયા પ્રયાસ કરી રહી છે. સરકારે લોકડાઉન ૧.૦માં એક નાનું આર્થિક પેકેજ આપીને લોકોને આર્થિક મદદ આપવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે લોકડાઉન લંબાવાતા હવે મધ્યકદના કુટુંબોને પણ ભારે આર્થિક સંકળામણનો સામનો કરવો પડી રહ્યો છે.

ઉજી મેના રોજ લોકડાઉન ૨.૦ની સમયમર્યાદા પુરી થવા જઈ રહી છે. જોકે દેશના ટોચના શહેર જેવા કે મુંબઈ, દિલ્હી, બેંગ્લોર, અમદાવાદ, પૂણેની કોરોના સ્થિતિ ખરાબ છે અને દેશના ટોપ હોટસ્પોટમાં શામેલ છે તેથી આ પ્રાઈમ શહેરોમાં લોકડાઉન લંબાવવું નિશ્ચિત છે. આ યાદીમાં સુરત, નોઈડા, રાયપુર જેવા ટાયર-૨ સિટી પણ શામેલ થઈ છે.

આર્થિક સ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકાર વધુ એક આર્થિક પેકેજની તૈયારી કરી છે. આ અંગે છેલ્લા એક સમ્તાહથી નાણામંત્રાલયમાં બેઠકોનો ધમધમાટ ચાલ્યો હતો અને ગઈકાલે એક અંતિમ મહત્વની બેઠક યોજાઈ હતી.લોકડાઉન ૨.૦ના સ્ટીમ્યુલ પેકેજને આવતીકાલે પીએમ મોદી સામે નાણામંત્રી રજૂ કરશે અને સામાન્ય ફેરફાર સાથે કાલે સાંજે કે મહત્તમ શનિવારે-સોમવારે આર્થિક સહાયની જાહેરાત થઈ શકે છે.

લાંબા લોકડાઉનનો સામનો કરવા માટે સરકારે વિલંબ કર્યા વગર આવશ્યક અનુસાર પ્રોત્સાહન પેકેજની જાહેરાત કરવી જોઈએ. હાલની પરિસ્થિતિ જોતા ઉદ્યોગ જગતે કુલ મળીને ૧૫થી ૧૬ લાખ કરોડ રૂપિયાનુ પ્રોત્સાહન પેકેજ જાહેર કરવાની જરૂર છે.

કોરોના વાયરસ ચામાચિડિયામાંથી માણસમાં ફેલાયો

ચીનમાં કેવી રીતે પેદા થયો કોરોના વાયરસ? વૈજ્ઞાનિકોને મળ્યા મહત્વપૂર્ણ પૂરાવા

વિશ્વમાં અત્યાર સુધી ૧.૮૪ લાખ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યો

લોંસ એંન્જેલસ

દુનિયાભરમાં મહામારીનું રૂપ લઈ ચૂકેલા કોરોના વાયરસના ઉદ્ભવને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે અમેરિકાના વૈજ્ઞાનિકોને મહત્વપૂર્ણ જાણકારી મળી છે. અમેરિકન વૈજ્ઞાનિકોનું માનવું છે કે કોરોના વાયરસ પહેલા જંગલી પ્રાણીઓમાં ઉત્પન્ન થયો અને પછી માણસ તેનાથી સંક્રમિત થયો. કોરોના વાયરસે સમગ્ર વિશ્વને પ્રભાવિત કર્યું છે અને અત્યાર સુધી ૧,૮૪,૨૮૦ લોકોના મોત થયા છે. આટલું જ નહીં દુનિયાની અડધી વસ્તી લોકડાઉનમાં જીવન પસાર કરવા મજબૂર બની છે.

અમેરિકાની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના રિસર્ચરોએ કહ્યું કે, કોરોના વાયરસની મહામારી અને પાછલા એક દાયામાં આવેલા સંક્રમિત રોગોનો સંબંધ વન્યજીવો સાથે છે. યુનિવર્સિટીમાં પ્રોફેસર પાઉલા કૈનને કહ્યું, 'આપણે એવી પરિસ્થિતિઓ પેદા કરી છે જેમા માત્ર થોડા સમયમાં આ થઈ ગયું. આ થોડા સમય બાદ ફરીથી થશે.' વૈજ્ઞાનિક હજુ પણ સ્પષ્ટ નથી કે હાલનું સંક્રમણ કેવી રીતે શરુ થયું પરંતુ તેમનું માનવું છે કે કોરોના વાયરસ ઘોડાની નાળના આકાર જેવા ચામાચિડિયામાંથી ફેલાયો છે.

કૈનને કહ્યું કે, આ વાતના પૂરાવા છે કે કોરોના વાયરસ ચામાચિડિયામાંથી માણસમાં ફેલાયો. વર્તમાન સમયમાં આ મહામારીના ઉદભવ માટે આ કારણ છે. રિસર્ચરોએ કહ્યું કે, ચીનના વુહાન શહેરમાં એક મીટ માર્કેટમાં માણસોમાં કોરોના વાયરસ ફેલાયો. આ માર્કેટમાં જીવતા વન્યજીવો વેચવામાં આવતા હતા. તેમણે કહ્યું, આ પ્રકારના કેટલાક સંક્રમણ થોડા વર્ષો પહેલા એમઈઆરએસ અને એસએઆરએસ દરમિયાન થયા હતા.

રિસર્ચરોએ કહ્યું, કેટલાર પરિણામ જણાવે છે કે એમઈઆરએસ વાયરસ ચામાચિડિયાથી ઉંટોમાં ફેલાયો અને તેમાંથી માણસોને સંક્રમણ થયું. જ્યારે સાર્સ વિશે મનાય છે કે તે ચામાચિડિયાથી બિલાડીમાં ફેલાયો અને ત્યાંથી માણસોમાં. વૈજ્ઞાનિકોએ કહ્યું કે, ઈબોલા બાયરસ પણ ચામાચિડિયામાંથી જ માણસોમાં આવ્યો છે. કોરોના વાયરસમાં એવા ઘણા જેનેટિક છે જે ચામાચિડિયામાં મળી આવે છે.

કૈનને કહ્યું કે, કોરોના વાયરસ પર પૈંગોલિનની પણ છાપ છે, પરંતુ હજુ સુધી આ સ્પષ્ટ નથી કે શું પૈંગોલિનની કોઈ સીધી ભૂમિકા છે અથવા તે પણ ચામાચિડિયાનો શિકાર છે. તેમણે કહ્યું, સેંકડો કોરોના વાયરસ છે અને તેમાં મોટી સંખ્યામાં ચામાચિડિયામાંથી મળી આવે છે. કૈનને કહ્યું, અમને આશંકા છે કે આગામી સમયમાં હજુ વધારે કોરોના વાયરસ મનુષ્ય પર સંક્રમણ કરી શકે છે. જોકે આ ૧૦૦ વર્ષમાં ૧ વખત થાય છે. પરંતુ આ જ્યારે થશે ત્યારે જંગલની આગની જેમ સમગ્ર દુનિયામાં ફેલાઈ જશે.

૨૦૨૧-૨૨માં વધીને ૬.૭ ટકા પહોંચી શકે છે

૨૦૨૦-૨૧માં ભારતનો જીડીપી દર ઘટીને ૦.૮ ટકા થશેઃ ફીચ રેટિંગ એજન્સી

ન્યુ દિલ્હી

કોરોના સામે ઝઝૂમી રહેલા ભારતનુ આર્થિક મોરચે ભાવિ વધારે ધૂંધળુ દેખાઈ રહ્યુ છે. રેટિંગ એજન્સી ફીચે ફરી એક વખત ૨૦૨૦-૨૧માં ભારતના ગ્રોથ રેટમાં કાપ મુક્યો છે. હવે ફીચનુ કહેવુ છે કે, આ સમયગાળા દરમિયાન ભારતનો ગ્રોથ રેટ માત્ર ૦.૮ ટકા રહેશે. એજન્સીનુ કહેવુ છે કે, કોરોનાના રોગચાળા અને લોકડાઉનના કારણે દુનિયામાં અભૂતપૂર્વ આર્થિક મંદી જોવા મળી રહી છે. જેની અસર ભારત પર પણ થશે.

જોકે ફીચનુ કહેવુ છે કે, ૨૦૨૧-૨૨માં ભારતનો ગ્રોથ રેટ ફરી વધીને ૬.૭ ટકા પર પહોંચી શકે છે. ૨૦૨૦ના કેલેન્ડર વર્ષના અંતિમ ક્વાર્ટરમાં ભારતનો ગ્રોથ રેટ ૧.૪ ટકા પર પહોંચશે.

ભારતના ગ્રોથ રેટમાં ઘટાડા પાછળનુ મુખ્ય કારણ ગ્રાહકોના ખર્ચમાં મુકાનારો કાપ હોઈ શકે છે. સાથે સાથે રોકાણમાં પણ ઘટાડો જોવા મળી શકે છે. વર્તમાન નાણાકીય વર્ષમાં સતત બે ક્વાર્ટર માટે નેગેટિવ ગ્રોથ જોવા મલી શકે છે. એપ્રિલથી જુનના ક્વાર્ટરમાં ગ્રોથ રેટ -૦.૨ ટકા અને જુલાઈથી સપ્ટેમ્બર ક્વાર્ટરમાં -૦.૧ ટકા ગ્રોથ રેટ નોંધાઈ શકે છે.

નમાઝ અને તરાવીહને તમારા ઘરેથી જ અદા કરોઃ જામા મસ્જિદના શાહી ઈમામની મુસ્લિમોને અપીલ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનાં રોગચાળાને લીધે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં અરાજકતા ફેલાઈ છે. કોરોના રોગચાળાની સાંકળ તોડવા માટે લોકડાઉન દેશમાં અમલમાં છે. દરમિયાન, ૨૪ એપ્રિલથી રમજાનનો મુબારક મહિનો શરૂ થઈ રહ્યો છે. રમઝાનનાં મુબારક મહિનામાં, દેશભરનાં ઉલેમાઓએ મુસ્લિમોને તેમના ઘરોમાં નમાઝ અપીલ કરવાની અપીલ કરી છે. આ કરીને, તેઓ તેમના પરિવાર અને દેશને આ ખતરનાક રોગથી બચાવી શકે છે.

જામા મસ્જિદનાં શાહી ઈમામ સૈયદ અહેમદ બુખારીએ બુધવારે લોકોને કહ્યું હતું કે, સરકારની સૂચનાનું પાલન કરીને આપણે પોતાને અને આપણા દેશને બચાવી શકીએ છીએ. બધા લોકો સામાજિક અંતરને અનુસરે. નમાઝ અને તરાવીહને તમારા પોતાના ઘરેથી અદા કરો. આ સિવાય, જે લોકો કોરોના રોગનો શિકાર બન્યા બાદ ઠીક થયા છે, તેઓએ પોતાનું રક્ત (પ્લાઝ્મા) અન્ય લોકોને દાન કરવું જોઈએ. ફતેપુરી મસ્જિદનાં શાહી ઈમામ, ડૉ.મુફ્તી મુકર્રમ અહમદે જણાવ્યું હતું કે, આજે કોરોના વાયરસથી સમગ્ર દુનિયા પરેશાન છે. સરકારે આ વાયરસને દૂર કરવા માટે લોકડાઉન કર્યું છે. આવી સ્થિતિમાં આપણે સરકાર અને ડૉક્ટર્સની વાતને માનવી જોઈએ. રમજાન દરમિયાન, બધા લોકોએ તેમના પોતાના ઘરે રહીને ઈબાદત કરવી જોઈએ. સહરી અને ઈફ્તાર દરમિયાન કોઈપણ સમયે બહાર ન નિકલો. ઉપરાંત, ન તો કોઈ પાડોશીને તેના ઘરે બોલાવો કે ન તો તેના ઘરે તમે જાઓ.

ચીને કોરોના વેક્સિન બનાવવાનું શરુ કર્યુઃ પાકિસ્તાનમાં ટ્રાયલ કરશે

બીજિંગ/ઇસ્લામાબાદ

કોરોના વાયરસને લઈ આખી દુનિયામાં ઘેરાયેલા ચીને કોવિડ-૧૯ વેક્સીન માટે પાકિસ્તાનને બલીનો બકરો બનાવી રહી છે? આ પ્રશ્ન ઘણા બધા લોકોના મનમાં ફરી રહ્યો છે. જો કે વાત એમ છે કે એક સમયે કોરોના વાયરસનો ગઢ રહેલા ચીને તેને ઉકેલવા માટે એક વેક્સીન બનાવી છે જેનું આવતા ત્રણ મહિનામાં પાકિસ્તાનમાં ટ્રાયલ કરાશે. તેના માટે બંને દેશ વચ્ચે એક કરાર પણ થયો છે.

ચીન તેના દ્વારા એ જાણવાની કોશિષ કરશે કે આ વેકસીન કેટલી કારગર છે અને તેનો કોઈ દુષ્પ્રભાવ તો નથી? પાકિસ્તાની મીડિયાના મતે પાકિસ્તાનના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થના મેજર જનરલ ડોકટર આમિર ઈકરામે કહ્યું કે ચીને વેક્સીનના ટ્રાયલ માટે કામ શરૂ કરી દીધું છે. તેમણે કહ્યું કે એવી આશા છે કે પાકિસ્તાનમાં આવતા ત્રણ મહિનામાં કોરોના વાયરસની લોન્ચ કરી દેવાશે.

ઈકરામે કહ્યું કે કેટલીય કંપનીઓ વેકસીન બનાવાનો પ્રયાસ કરી રહી છે પરંતુ ચીને તેની શોધ કરી લીધી છે. તેમણે કહ્યું કે સામાન્ય રીતે એક વેક્સીન બનાવામાં ૮ થી ૧૦ વર્ષ લાગે છે. ચીનની બનેલી આ નવી વેક્સીનને કેટલીય સંસ્થાઓ પાસેથી માન્યતા મળી ગઈ છે. અમે આ બધા મામલાઓને ખૂબ જ ઝડપથી ઠીક કરી લઈશું. અસલમાં ચીન પોતાની વેક્સીનનું પાકિસ્તાનમાં કોરોના વાયરસના દર્દીઓ પર ક્લિનિકલ ટ્રાયલ કરવા જઈ રહી છે. કોઈપણ વૈક્સીનનું વ્યક્તિ પર ટ્રાયલ ખૂબ મોટો ખતરો હોય છે. દર્દીનો જીવ પણ જઈ શકે છે અને બીમારી વધુ ફેલાય શકે છે. આ બધા ખતરા છતાંય પાકિસ્તાનની ઈમરાન સરકાર પોતાના આકા ચીનને ખુશ કરવા માટે નાગરિકોના જીવ દાવ પર લગાવવા માટે તૈયાર છે. આની પહેલાં ચીને એલાન કર્યું હતું કે હવે પોતાની વેક્સીનનું દુનિયાના બીજા દેશોમાં પરીક્ષણ કરશે.

અમેરિકન સ્પેસ એજન્સીના જણાવ્યા અનુસાર

લોકડાઉન ઈફેક્ટઃ ભારતમાં ૨૦ વર્ષમાં સૌથી ઓછું વાયુ પ્રદૂષણ

વોશિંગ્ટન

દેશમાં કોરોનાવાયરસના લીધે ૪૦ દિવસનું લોકડાઉન લાગ્યું છે. ૩ મે સુધી આ લાગૂ રહેશે. આ દરમ્યાન દેશના કેટલાંય ભાગમાં વાયુ પ્રદૂષણમાં જબરદસ્ત ઘટાડો નોંધાયો. અમેરિકન સ્પેસ એજન્સી નાસાના મતે ઉત્તર ભારતમાં છેલ્લાં ૨૦ વર્ષમાં આવો ઘટાડો નોંધાયો છે. એજન્સીના સેટેલાઈટ સેન્સરે જાણ્યું કે ઉત્તર ભારતમાં એયરોસોલ લેવલ એટલે કે વાયુ પ્રદૂષણ છેલ્લાં ૨૦ વર્ષમાં સૌથી ઓછું મપાયું છે.

યુનિવર્સિટી સ્પેસ રિસર્ચ એસોસીએશનના પવન ગુમા કહે છે કે અમને ખબર હતી કે લોકડાઉન દરમ્યાન અમને કેટલીય જગ્યા પર વાયુમંડળીય સંરચનામાં પરિવર્તન જોઈશું, પરંતુ મેં આટલું ઓછું એયરોસોલ લેવલને ક્યારેય જોયું નથી.

સાઉથ એન્ડ સેન્ટ્રલ એશિયાના સહાયક સચિવ એલિસ જી વેલ્સે કહ્યું કે નાસાની આ તસવીરોને ૨૦૧૬મા શરૂ થનાર દરેક વસંતમાં લેવાયા હતા અને એ દેખાડે છે કે ભારતમાં છેલ્લાં ૨૦ વર્ષમાં સૌથી ઓછું પ્રદૂષણ છે. ભારત અને દુનિયાના બીજા દેશ એક વખત ફરીથી કામકાજ અને યાત્રાની તૈયારીઓ કરી રહ્યા છે એવામાં આપણે આને ભૂલવું જોઈએ નહીં.

આપને જણાવી દઈએ કે ભારતમાં લોકડાઉનની શરૂઆતમાં એર પોલ્યુશનમાં ફેરફારની ખબર પડવી મુશ્કેલ હતી. પ્રદૂષણ સ્તરમાં ઘટાડો મુખ્યત્વે લોકડાઉન તો હતું સાથો સાથ ઉત્તર ભારતમાં કેટલાંક રાજ્યોમાં વરસાદ પડ્યો હતો. વરસાદ બાદ એયરોસોલ લેવલ વધ્યું નથી. તેના લીધે વાયુ પ્રદૂષણ ૨૦ વર્ષની નીચલી સપાટી પર પહોંચી ગયું. કેટલાંય પર્યાવરણવિદોનું માનવું છે કે લોકડાઉન ખત્મ થયા બાદ સરકારે આ તરફ ધ્યાન આપવું જોઈએ જેથી કરીને આ સ્થિતિને યથાવત રાખી શકાય.

રોકાણનાં ૧૪ દિવસની અંદર જ ત્રણ બેન્કોએ યસ બેન્કમાં હિસ્સેદારી વેચી

મુંબઈ

સંકટગ્રસ્ત યસ બેંકને બચાવવા માટે ઘણી ખાનગી બેંકોએ આગળ આવીને તેમાં રોકાણ કર્યું હતું. જો કે બીએસઈ તરફથી પ્રાપ્ત થયેલ માહિતી અનુસાર દેશની ત્રણ ખાનગી ક્ષેત્રની બેંકોએ ૧૭થી૩૧ માર્ચ દરમિયાન અગાઉથી જ યસ બેંકમાં રહેલો પોતાનો હિસ્સો વેચી દીધો છે. આ ત્રણ બેંકોમાં ફેડરલ બેંક, કોટક મહિન્દ્રા બેંક અને આઈડીએફસી ફર્સ્ટ બેંકનો સમાવેશ થાય છે.



આ બેંકોમાં સૌથી વધુ ૫.૮૬ કરોડ શેર ફેડરલ બેંકે વેચ્યા જ્યારે કોટક મહિન્દ્રા બેંકે ૪.૭૨ કરોડ અને આઈડીએફસી ફર્સ્ટ બેંકે ૪.૦૨ કરોડ શેરનું વેચાણ કર્યું છે. આમ યસ બેંકમાં ફેડરલ બેંકની હિસ્સેદારી ૩૧ માર્ચે ૪૭ બેસિસ પોઈન્ટ ઘટીને ૧.૯૨ ટકા થઈ ગઈ છે. આ ઉપરાંત કોટક મહિન્દ્રા બેંકનો હિસ્સો ૩૭ બીપીએસ ઘટીને ૩.૬૧% અને આઈડીએફસી ફર્સ્ટ બેંકનો હિસ્સો ૧૭ થી ૩૧ માર્ચની વચ્ચે ૩૨ બીપીએસ ઘટીને ૧.૬૩% રહ્યો છે. મહત્વની વાત તે છે કે યસ બેંકમાં ૭૫ ટકા રોકાણ ૩ વર્ષ માટે વેચી શકાશે નહીં તેવી પૂર્વશરત કરવામાં આવી છે. બીજી તરફ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એક્સિસ બેંક, બંધન બેંક અને એચડીએફસી બેંક જેવી બેંકોએ હજુ સુધી કોઈ શેર વેચ્યો નથી અને આ માટે તેમની હિસ્સેદારીમાં કોઈ ફેરફાર થયો નથી. જોકે આઈસીઆઈસીઆઈ બેંકે ૧૭ માર્ચ પછી વધુ ૭૮,૩૦૦ શેર ખરીદ્યા છે, છતાં તેની હિસ્સેદારી ૭.૯૭ ટકા પર યથાવત છે. અત્રે નોંધનીય છે કે સંકટમાં મુકાયેલ યસ બેંકને બચાવવા માટે એસબીઆઈની યોજનાને સરકારે મંજૂરી આપી હતી. આ યોજના અંતર્ગત એસબીઆઈ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક મહિન્દ્રા બેંક, બંધન બેંક, ફેડરલ બેંક અને આઈડીએફસી ફર્સ્ટ બેંક સહિતના રોકાણકારોએ યસ બેંકમાં રૂ.૧૦,૦૦૦ કરોડનું રોકાણ કર્યું હતું.

ઈ-પોર્ટલ અને મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવશે

વડાપ્રધાન મોદી આજે દેશના સરપંચો સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંવાદ કરશે

ન્યુ દિલ્હી

કોરોનાના કોહરામ વચ્ચે પીએમ મોદી દેશના સરપંચો સાથે સંવાદ કરશે. આ સંવાદ વીડિયો કોન્ફન્સિંગ દ્વારા ૨૪ એપ્રિલના કરવામાં આવશે. પીએમ મોદીએ ટ્વિટ કરી આ જાણકારી આપી છે. તેમણે કહ્યું કે, શુક્રવારના રાષ્ટ્રિય પંચાયતી રાજ દિવસના અવસર પર વીડિયો કોન્ફન્સિંગ દ્વારા હું દેશભરના સરપંચોની સાથે સંવાદ કરશે. મને આ વાતચીતની પ્રતીક્ષા રહેશે.

૨૪ એપ્રિલના આ વીડિયો કોન્ફ્રેન્સિંગ દરમિયાન ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ અને મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવશે. આ સાથે જ સ્વામિત્વ ભારત યોજના પણ લોન્ચ થશે, જેનાથી ગ્રામીણ વિસ્તારમાં વિકાસના પ્રયાસોને ગતિ મળશે.

અમરનાથ યાત્રા રદ નહીં થાયઃ ૨૩ જૂને શરૂ થશે

ન્યુ દિલ્હી

વર્ષ ૨૦૨૦માં થનારી અમરનાથ યાત્રા રદ નહીં થાય, સરકારે અમરનાથ યાત્રા રદ કરવાનો નિર્ણય પાછો ખેંચ્યો છે. આ વર્ષે પવિત્ર અમરનાથ યાત્રા ૨૩ જૂનથી શરુ થશે.

આ પહેલા કોરોના મહામારીના પ્રકોપને લીધે શ્રી અમરનાથજી શ્રાઇન બોર્ડના ચેરમેન અને ઉપરાયપાલ ગિરીશ ચદ્રં મુર્મુએ ૩૮મી બોર્ડ મિટીંગનુ નેતૃત્વ કરતા જમ્મુના ભવનમાં પવિત્ર યાત્રા રદ કરવાનો મહત્વનો નિર્ણય લીધો હતો.

આ બેઠક પછી જાહેરાત કરવામાં આવી હતી કે કાશ્મીરમાં ૭૭ રેડ ઝોન છે આ કારણસર પવિત્ર અમરનાથ યાત્રા રદ કરી દેવી જોઇએ. પવિત્ર અમરનાથ યાત્રા માટે શ્રદ્ધાળુઓ આજ ટસ દ્વારા જાય છે. મહામારીને કારણે શ્રદ્ધાળુઓ માટે કેમ્પ લગાવવા, મેડિકલ ફેસિલિટીઝ, લંગર અને બરફ હટાવવા જેવા જરી કામ અશકય છે. ઉપરાયપાલે કહ્યુ હતું કે ભારત સરકારે લોકડાઉનને ૩ મે સુધી લંબાવ્યુ છે અને આગામી સમય માટે સ્થિતિ સ્પષ્ટ નથી. એવામાં પવિત્ર અમરનાથ યાત્રાની મંજૂરી આપવી યોગ્ય નથી, અમારા માટે તમામ શ્રદ્ધાળુઓની સુરક્ષા પ્રથમ સ્થાને છે.

તંત્રી લેખ

જીઓ-ફેસબુક ગઠબંધન

દુનિયાની સૌથી મોટી સોશિયલ નેટવર્ક કંપની ફેસબુકે રિલાયન્સ જીઓ પ્લેટફોર્મમાં ૪૩૫૭૪ કરોડ રૂપિયાનુ રોકાણ કરવાની જાહેરાત કરી છે. જીઓમાં આ રોકાણ કરીને ૧૦ ટકા હિસ્સેદારી મેળવી લેવાની જાહેરાત કરવામા આવી છે. ફેસબુકે માઈનોરિટી હિસ્સેદારી મેળવી લેવા માટે દુનિયામાં આટલી મોટી રકમ હજુ સુધી ક્યા પણ રોકી નથી. આનાથી સાબિત થાય છે કે ફેસબુક માટે ભારતીય ટેલિકોમ સેક્ટર કેટલુ મહત્વ રાખે છે. ભારતની પ્રથમ નંબરની સૌથી મોટી ટેલિકોમ કંપની અને દુનિયાની સૌથી મોટી સોશિયલ નેટવર્કિંગ કંપની એક મંચ પર આવી જવાના કારણે તેનુ મહત્વ પણ ખુબ રહેલુ છે. તમામ લોકોને આ બાબત પણ કહેવા માંગીએ છીએ કે ફેસબુકની માલિકીની કંપની વોટ્સ એપ માટે પણ ભારત દુનિયાના સૌથી મોટા માર્કેટ તરીકે છે. જ્યારે ૪૦ કરોડ કસ્ટમર અને ૮૦ ટકા મોબાઈલ તેની સાથે જોડાયેલા છે. વોટેસ અપ ટુંક સમયમા જ પોતાની પેમેન્ટ સર્વિસ લાવવાની તૈયારીમાં છે. જે હવે જીઓની ભાગીદારીમાં સામે આવનાર છે. આ એક અભૂતપૂર્વ ગઠબંધન તરીકે છે. જયારે માહિતી, કોમ્યુનિકેશન અને ડિજિટલ પેમેન્ટમાં આટલા મોટા પાયે એક જ ખેલાડીનુ પ્રભુત્વ રહેશે ત્યારે કેટલીક બાબતોને ધ્યાનમાં લેવા જેવી રહેલી છે. અલબત્ત આ ભાગીદારીને ભારતના હિતમાં દર્શાવવામાં આવી રહી છે. ખેડુતો, નાના વેપારીઓથી લઈને તમામ ભારતીયોની લાઈફમાં આના કારણે સુધારો થશે તેવી વાત કરવામાં આવી રહી છે. જો કે જેટલી મોટી ડીલ છે તેટલા જ મોટા પ્રશ્ન પણ થઈ રહ્યા છે. દેશહિતમાં આ જરૂરી છે કે આ ભાગીદારીને તટસ્થતા જાળવીને સમજી લેવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. સૌથી પહેલો તો આ સવાલનો જવાબ મળવો જોઈએ કે ઈન્ફર્મેશન અને મિડિયા સેક્ટરમાં મોનોપોલી માટે જે માહોલ બનશે તેનો સામનો કઈ રીતે કરવામાં આવનાર છે. આ સવાલ ડેટા અને પ્રાઈવેસીનો રહેલો છે. જિયો અને ફેસબુકની પાસે પહેલાથી જ અમારી લાઈફના સંબંધમાં એટલો બધો ડેટા છે કે તેની સુરક્ષાનો સવાલ પોતાના જવાબની રાહ જુએ છે. ડેટા પ્રાઈવેસીના મામલે ફેસબુકનો કેવો રેકોર્ડ છે તે કઈ રીતે લોકશાહી સરકારોના નિશાન પર છે તે બાબત તમામ લોકો સારી રીતે જાણે છે. આના કારણે જ ફેક ન્યુઝના રાક્ષસ માનવતા માટે મોટા પડકારરૂપ બની ગયા છે. ટુંક સમયમાં જ હવે તેમાં વોટેસ એપ પેમેન્ટ સર્વિસના પાસા પણ ઉમેરાઈ જશે. અમે સાફ જોઈ શકીએ છીએ કે એક ખુબ જ જટિલ સવાલ અમારી સામે છે. જેનો યોગ્ય જવાબ જ્યાં સુધી ન મળે ત્યાં સુધી અમારા રેગ્યુલેટર્સને આગળ વધવાની ભુલ કરવી જોઈએ નહીં. આની સાથે જોડાયેલો અન્ય એક પ્રશ્ન એ છે કે શુ આ નવી તાકાત પોતાની જવાબદારીથી કામ કરી શકશે. બીજી ડિજિટલ પેમેન્ટ કંપનીઓને માર્ગથી દુર કરવાના પ્રયાસ તો થનાર નથી ને ? તાકાતનુ એટલું મોટુ કેન્દ્રિકરણ આવી શંકા ઉભી કરે છે. કોણ આ બાબતની ગેરંટી લેશે કે તમામ બાબતો યોગ્ય રીતે આગળ વધી શકશે. રેગ્યુલેટર્સ પોતાની જવાબદારી અદા કરે તે સમયની માંગ છે. સ્વાભાવિક છે કે આ તમામ મુદ્દા ભારતીય જનતાની .ડિજિટલ સ્વતંત્રતા અને લોકશાહી મુલ્યો સાથે સંબંધ ધરાવે છે. આ માત્ર કોઈ કંપની અથવા તો બિઝનેસ સાથે જોડાયેલા મુદ્દા નથી. દુનિયાની દરેક સરકાર હાલમાં મુલ્યાંકન સાથે આગળ વધી રહી છે.

દેશના ટેલિકોમ સેક્ટરનુ તેના માટે કેટલુ મહત્વ છે તે આ કરારથી સાબિત થાય છે

મહામારી સમયમા રૂપાણી સરકાર સાચે જ સંવેદનશીલ છે?!

વિશ્વભરના દેશોને કોરોનાએ હચમચાવી નાખ્યા છે. તો ભારતમાં કોરોના ઉપરાંત કેટલીક મીડિયા ચેનલ હિંદુ-મુસ્લિમ મુદ્દો ઊભો કરવા મચી પડી છે..... વડાપ્રધાન મોદીજી અવાર નવાર દેશની પ્રજાને અને મીડિયાને સંદેશો આપતા રહ્યા છે કે કોરોના વાયરસ ધર્મ, જાતિ કે કોમ જોઈને ચપેટમાં નથી લેતો...પરંતુ હરકોઈને ચપેટમાં લઈ લે છે. દેશનાં તમામ લોકો આ મહામારીને રોકવા- તેને હરાવવા એક સાથે ઊભા છે.... છતાંય પોતાની ટીઆરપી વધારવા હિંદુ-મુસ્લિમ ચર્ચાઓ કે ડિબેટો ગોઠવે છે,તેને લગતા સમાચારો આપ્યા કરે છે..તે કેટલું યોગ્ય છે....? હવે આમ પ્રજામાં આવી ચેનલો સામે આક્રોશ વધવા લાગ્યો છે. એકાદ બે નેતાની મુસ્લિમ સંબંધે અયોગ્ય ટ્વીટ તથા અજુગતી ટીકા કરતા ખાડીના દેશો ભડકી ઊઠયા હતા અને મોદીજીને ઈશારો પણ આપ્યો હતો જેથી મોદીજીએ પોતે જ કહેવું પડ્યું કે ભાઈચારાની ભાવના અગત્યની છે ભારત ભાઈચારાની ભાવનાને જ મહત્વ આપે છે. ત્યારે હવે આવું કોમવાદનું ઝેર ફેલાવવાના પ્રયાસો કરતી ચેનલો સાનમાં સમજે કે પછી મોદી સરકારે ત્રીજું નેત્ર ખોલે તે જરૂરી બની ગયું છે.....!નહીં તો આવી ચેનલો ખાડી દેશોમાં રોજગારી મેળવતા લાખો ભારતીયોને મુશ્કેલીમાં મૂકી દેશે.... અત્યારે ભારત કોરોના સંક્રમણ બાબતે ૧૭ મા ક્રમે આવી ગયું છે. દેશભરમાં કુલ ૨૧,૩૯૩ કેસ અને મૃતાક ૬૮૧ નોંધાયો છે. કેન્દ્રના આરોગ્ય મંત્રાલય એપ્રિલ માસમાં કહ્યું હતું કે કોરોનાથી લોકોએ ડરવાની જરૂર નથી... આ વાત આજે પણ હજારો ભણેલા-ગણેલા અબૂધોમાં ઘર કરી ગઈ છે એટલે મોદીજીના લોકડાઉનમા પણ અનેકો ઘર બહાર ટહેલવા નીકળી પડતા હતા પરિણામે કોરોના સંક્રમિતોની સંખ્યા વધી પડી છે... પરંતુ કેટલાક આબુધો કોરોના સંક્રમિતો કે તેમના સગાસંબંધીઓએ ડોક્ટરો, નર્સો, મેડિકલ કર્મચારીઓ, પોલીસો, ફાયર બ્રિગડ સહિતના કર્મચારીઓ પર હુમલા કરતા કે નીર્લજ વર્તન કરતા તથા ટેસ્ટ કરાવવાનો ઈનકાર કરતા સરકારે આખરે નાછૂટકે કાયદો કરવો પડ્યો એટલે હવે આવા તત્વોએ ચેતી જવુ પડશે નહીં તો..... સાત વર્ષની જેલ અને ૫ લાખ દંડ તેમજ એમ્બ્યુલન્સ દવાખાના- હોસ્પિટલને નુકસાન કરનારને દંડ સહિત સજા થશે. જે ખૂબ જરૂરી સાચો નિર્ણય સરકારે લીધો છે જેને મોટાભાગના લોકોએ આવકાર્યો છે.

કોરોના વાઈરસને કરવા માટે કેન્દ્ર સરકારે દેશભરમાં lockdown જાહેર કર્યું તેના અનેક સારા પરિણામો પણ રહ્યા છે કે આવકારદાયક છે સરકાર નદીઓને સ્વચ્છ કરવા પ્રદૂષણ રોકવા આવા દૂષિત થતી રોકવા માટે અબજો રૂપિયાની યોજનાઓ બનાવી અને તેનો અમલ પણ કરી લીધો હતો છતાં તેના પરિણામ હતા ત્યારે માનવભક્ષી કરવામાં આવતા દેશભરની નદીઓ ટુંકી થઈ ગઈ છે તેના પાન નિર્મળ ચોખ્ખા થઈ ગયા છે કે વાયુ પ્રદુષણ સાવ ખતમ થઈ ગયું છે પરિણામે આકાશ વાતાવરણ હવા સ્વચ્છ થઈ ગયા છે કુદરતે અદભુત રૂપ ધારણ કર્યું છે ોઢૈં અલા કાજલ જગ્યા સહિતના જીવો ગુમ થઈ ગયેલ છે હવે શહેરી ઝાડપાન ધરાવતા વિસ્તારોમાં દેખાવા લાગ્યા છે એક અદભૂત નજારો જોવા મળી રહ્યો છે તો શ્વાસ જેવા અનેક દર્દીઓને રાહત થઈ ગઈ છે જોકે ગુજરાતમાં આટલું સરસ કુદરતી વાતાવરણ બની જવા છતાં ગુજરાતમાં અમદાવાદ સુરત વડોદરા વર્ષ પર બની ગયા ત્યારે રાજકોટ શહેરી જનોની જાગૃતિને કારણે રાજકોટમાં એક પણ કેસ નોંધાયો નથી કે નહીંવત્ થઈ ગયા છે કે કારણે દિલ્હી આરોગ્ય ટીમ રાજકોટ તેમજ તેની હોસ્પિટલની મુલાકાત લેવાના છે અને કોરોના કે શરૂ કરવા બાબતનો અભ્યાસ કરવાની છે કે રાજકોટ કીર્તિમાન એકડું કર્યું છે ગુજરાતના ૨૮ જિલ્લામાં મળીને કુલ્લે ૨૫૫૯ કેસ નોંધાયા પાંચ નોંધાયો છે જ્યારે અમદાવાદ શહેરમાં ૧,૫૯૫ કેસો અને મતદાન નોંધાયું છે સુરતમાં કુલ ૪૪૫ કેસો અને વડોદરામાં ૨૨૫ કેસો અને મરચાં ૧૦ નોંધાયા છે તો અન્ય જિલ્લાઓમાં કેશુ ઘટવા લાગ્યા છે પરંતુ કોરોના હર્રીહિ લુકમાં એટલો બધો પેસી ગયો છે કે હવે ત્યાં આવી ગઈ છે પરંતુ શાકભાજી અનાજ કરિયાણું ખરીદવા જતા લોકો distance જાળવતા નથી જે સરકાર, આરોગ્ય તંત્ર તેમજ પોલીસ તંત્ર માટે ચિંતાનો વિષય છે કારણ કે આ ખરીદનારાઓમા કોઈ કોરોના સંક્રમિત હોય તો.....?

અમદાવાદ શહેરમાં ડોક્ટરો, નર્સો, મેડિકલ કર્મચારીઓ, પોલીસો, ફાયરબ્રિગેડ અને હોસ્પિટલ સફાઈ કર્મચારીઓ પૈકીના કેટલાક કોરોના સંક્રમિત બની ગયા છે તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદના તમામ વિસ્તારોને સેનેટાઈઝર છંટકાવ કરવો જોઈએ તેમાં અનેક વિસ્તારોમાં છંટકાવ નથી થયો, તો જે તે મનપા કચેરીઓ, ઓફિસો, સરકારી- અર્ધસરકારી કચેરીઓના પ્રવેશ દ્વારે ડીશ ઈન્ફેક્શન મશીન મુકવામાં નિષ્ફળ છે. કોરોના સિવાયના અન્ય રોગ ધરાવતા દર્દીઓ માટે મોટી તકલીફ ઊભી થઈ છે કારણ કે મોટા ભાગના ખાનગી દવાખાનાઓ બંધ છે તો અનેક હોસ્પિટલોની પણ એ જ હાલત છે. મનપાની ફરતી મેડિકલ વાનો ગુમ થઈ ગઈ છે... જે તે વોર્ડમાં જ્યા મેડિકલ સેન્ટરો છે તેના મેડિકલ અધિકારી કે સ્ટાફ દર્દીને તપાસતા જ નથી માત્ર રોગ પૂછી ને દવા આપે છે.... તો અનેક જરૂરી દવાઓ પણ નથી. જેના કારણે દર્દીઓ માટે પરેશાની ઉભી થઈ છે.... કારણ રોજમદારો, ગરીબો,લોઅર મધ્યમ વર્ગ પાસે કામ નથી-ધંધો નથી કે પૈસા પણ નથી... જે દવા ક્યાંથી ખરીદી શકે.....? ઉપરાંત કહેવાતી સંવેદનશીલ રૂપાણી સરકારનીજ વાત કરું તો શ્વાસ- બીપીની દવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની અનુકૂળ થઈ જતા આના દર્દી છેલ્લા ચારેક વર્ષથી ગાંધીનગર હોસ્પિટલથીજ દવા લે છે. આ દર્દીએ આરોગ્ય મંત્રી નીતિન પટેલના પી.એ શ્રીને પોતાના કેસપેપરના ફોટો વોટ્સ એપ મોકલી દવા મળી રહે તેવી વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી....કારણ લોકડાઉન છે.જ્યારે ૧૦૮ ગાંધીનગર-અમદાવાદમાં દોડતી રહે છે તેના દ્વારા દવાઓ મોકલી શકે.... પરંતુ સરકારે સંવેદના ગુમાવી દીધી હોય તે રીતે દવા મોકલવા કોઈ વ્યવસ્થા કરીજ નહી...ત્યારે અન્ય દર્દીઓની હાલત શું હશે....? આ એક વ્યક્તિગત અનુભવ છે જેને શબ્દદેહ આપ્યો છે..... વંદે માતરમ્

આવી જ સ્થિતી રહેશે તો નોકરી, ધંધા, આવકના રસ્તા નહીં બચે...

કોરોના વચ્ચે લોકોની નોકરી બચશે ?



હાઉસિંગ, રિયલ એસ્ટેટ, હોટેલ, ટેલિકોમ અને એરલાઈન્સ કંપનીઓ હચમચી ઉઠી છે : કોરોનાના કારણે વિકટ સ્થિતી ભારતમાં પણ છે

ભારત જ નહી બલ્કે દુનિયાના મોટા ભાગના દેશો હાલમાં લોકડાઉનમાં છે અથવા તો ખુબ મર્યાદિત સ્થિતી અને નિયમો વચ્ચે મર્યાદિત કામ ચાલી રહ્યુ છે. કોરોના વાયરસના પ્રકોપને ખતમ કરવા માટે આ રણનિતી નથી આ બાબત તો તમામ લોકો સારી રીતે જાણે છે. આનો મુખ્ય ઉદ્ધેશ્ય બિમારીના વિસ્ફોટની મર્યાદાને ઘટાડી દેવા અને બચાવનુ માળખુ ઉભુ કરવા માટે સમય હાંસલ કરવા સાથે મર્યાદિત છે. ફલુના વાયરસની જેમ આ ગરમીના આગમનની સાથે નરમ પડી જશે તે સમજને પહેલાથી જ ફગાવી દેવામાં આવી ચુકી છે. વેક્સીન અવવા તો પાકી સારવાર હાલમાં શોધાઈ નથી. આવી સ્થિતીમાં બચીને ચાલવાની બાબત જ બચી જાય છે. જેમાં દુનિયાના દેશો લાગેલા છે. જો કે આની સામે હવે સમાંતર ચિંતા એ પણ થઈ રહી છે કે જો આવી જ સ્થિતી રહેશે તો જુન અને જુલાઈ સુધી નોકરી , કામ ધંધા અને આવકના બાકી સાધનો જીવિત રહી શકે તેવી શક્યતા ઓછી છે. અમારા ત્યાં રવિની કાપણી સમાહ અથવા તો દસ દિવસમાં પૂર્ણ થઈ જનાર છે. ગામડામાં આ સિઝન દરમિયાન તમામના હાથમાં કોઈને કોઈ પૈસા પહોંચી જાય છે. જો કે આ વર્ષે આ શક્ય બનશે તેમ માની લેવા માટે કોઈ કારણ નથી. મંડીઓ યોગ્ય રીતે ચાલી રહી નથી. સમાચાર એવા પણ આવી રહ્યા છે કે લોકોએ થોડીક ઓછી કિંમતે ખાનગી ખરીદારોને તેમની પેદાશ વેચી મારવાની શરૂઆત કરી દીધી છે. સૌથી ખરાબ બાબત એ છે કે ખેત મજદુરોના હાથમાં કોઈ પૈસા પહોંચી શક્યા નથી. ખરાબ હવામાન અને બિમારીના ડરના કારણે લોકોએ વધારે રેટ પર સંયુક્ત હાર્વેસ્ટર મારફતે કાપણી અને મંડાઈ તમામ ચીજો એક સાથે કરાવી લેવાનો નિર્ણય કર્યો છે. જો કે નાના અને સિમાંત ખેડુતો માટે આ રસ્તો તો બંધ સમાન રહેલો છે. ખાવા માટે અનાજ પેદા કરનાર પરિવાર જો હિમ્મત કરીને પોતાના ખેતમાં હાર્વેસ્ટરની વ્યવસ્થા કરે છે તો પણ તેને કેટલાક જરૂરિ ખર્ચ પર બ્રેક મુકવાની જરૂર પડી શકે છે. રાષ્ટ્રીય સ્તર પર જોવામાં આવે તો સૌથી મોટો પ્રશ્ન તો એ થાય છે કે શુ હાલની ખેતિહારી ગતિવિધીઓ દેશના વિશાળ ગ્રામીણ વિસ્તારોને કામકાજી માહોલમાં રાખી શકશે ? ગ્રામીણ માહોલ હાલમાં હચમચી ઉઠ્યુ છે. ખેતી હવે રોકડ રકમ માગે છે. સ્થિતી એ થઈ છે કે શહેરી વિસ્તારોમાંથી પણ આ વખતે ગ્રામીણ ક્ષેત્રોમાં એટલા પૈસા પહોંચી શકશે નહીં કે ખરીફ માટે શરૂઆતી સિંચાઈ અને ખાતરની વ્યવસ્થા કરી શકાય છે. ઉપરથી ફેક્ટરીમાં કામ કરનાર લોકો તો હાલમાં શહેરોમાં આપવામાં આવી રહેલી સુવિધા પર આધારિત થઈ ગયા છે. અથવા તો ગ્રામીણ વિસ્તારોમાં જતા રસ્તામાં અટવાયા છે. છેલ્લા કેટલાક સમયથી ખરાબ હાલતમાં રહેલી ગ્રામીણ અર્થવ્યવસ્થાને આ વર્ષે તેમના પરિવારને ચલાવવાની પણ મોટી જવાબદારી આવી ગઈ છે. આવી સ્થિતીમાં દર વર્ષે મેના મધ્યમાં જ તથા જુલાઈની શરૂઆતમાં લગ્ન પ્રસંગ વધારે રહે છે. આ વખતે આવી કોઈ સંભાવના દેખાઈ રહી નથી. ભારતની આશરે ત્રણ ચતુર્થાશ ગ્રામીણ વસ્તીની જીડીપીમાં ભૂમિકા નહીંવત સમાન છે. છેલ્લા દસ વર્ષોમાં બે અથવા તો ત્રણ વર્ષ જ એવા ગયા છે જ્યારે ઓછા વરસાદના કારણે ખેતીની હાલત ખરાબ થયેલી છે. છતાં દેશમાં જીડીપી ગ્રોથ રેટ છ ટકાથી વધારે રહ્યો હતો. જો કે આ વખતે મામલો ઉપરથી તરફ વધારે ખરાબ છે. જેથી પ્રાઈમરી સેક્ટર ખેતી, ખાણ અને મછળી પકડી પાડવા સાથે સંબંધિત કામ દેશ માટે આશા જગાવે છે. બીજા તબક્કામાં લોકડાઉનના ગાળા દરમિયાન સરકારે પોતાની રીતે આ તમામ ક્ષેત્રોમાં શક્ય બને તેટલી હદ સુધી સક્રિયતા જાળવી રાખવા માટેના પ્રયાસો કર્યા છે. આ કેટલા સફળ થાય છે તેના મુલ્યાંકન હવે કરવામાં આવનાર છે. કેટલાક એવા ક્ષેત્ર છે જે ઉપરથી ખુશાળ દેખાય છે. હાઉસિંગ અને રીયલ એસ્ટેટ સેક્ટરની હાલત પહેલાથી જ ખરાબ થયેલી છે. એરલાઈન્સ અને હોસ્પિટાલિટી કંપનીઓ ડુબવાના હેવાલ પહેલાથી જ આવી રહ્યા છે. ટેલિકોમ, ઓઈલ એન્ડ ગેસ જેવા અજેય ગણાતા ક્ષેત્રો પણ હચમચી ઉઠ્યા છે.મેન્યુફેક્ચરિંગ અને નિર્માણ જેવી પ્રવૃતિઓ પણ ઠપ્પ થયેલી છે. આવી સ્થિતીમાં લોકો પરેશાન થયેલા છે.

દુનિયાના દેશો પેકેજો જાહેર કરવા લાગેલા છે

ઈકોનોમીને બચાવવા પેકેજો

કોરોનાના કારણે સમગ્ર દુનિયામાં ભારે હાહાકારની સ્થિતી રહેલી છે. લાખો લોકોના મોત થઈ ચુક્યા છે. ૨૬ હજારથી વધારે કેસો દુનિયાના ૨૧૦થી વધારે દેશોમાં નોંધાયા છે. ભારતમા પણ કેસોની સંખ્યા ઝડપથી વધીને ૨૨ હજારની નજીક પહોંચી રહી છે. સમગ્ર દુનિયા હાલમાં લોકડાઉનની સ્થિતીમાં આવેલી છે. સમગ્ર દુનિયામાં હાલમાં દેશો પોતાની ઈકોનોમીને બચાવવા માટે પેકેજ જાહેર કરી રહ્યા છે. ભારતમાં પણ પેકેજની જાહેરાત કરવામાં આવી રહી છે. પહેલા એક પેકેડ જાહેર કરવામાં આવી ચુક્યુછે. હવે ભારતમાં પણ ઉદ્યોગ સંઘોએ તેની માંગ કરી છે. સરકાર તરફથી પણ તેમની માંગને ધ્યાનમાં લઈને હવે જીડીપીના પાંચ ટકા અથવા તો આશરે ૯.૫ લાખ કરોડ રૂપિયાના પેકેજની તૈયારી કરી લેવામાં આવી છે. આ પેકેજ પર છેલ્લા કેટલાક દિવસથી મંથનની પ્રક્રિયા ચાલી રહી હતી. હવે આ પેકેજ તૈયાર છે. જેની કોઈ પણ સમય જાહેરાત કરવામાં આવી શકે છે. અર્થવ્યવસ્થા આની ભરપાઈ કઈ રીતે કરશે તે બાબત મોડેથી જોવામા આવનાર છે. પરંતુ આ મહાકાય પેકેજ યોગ્ય રીતે કામમાં આવી શકે તે માટે બજારમાં સ્વસ્થ માંગ ઉપરાંત પણ કેટલાક પાસા પર કામ કરવાની જરૂર દેખાઈ રહી છે. આવનાર દિવસોમાં મુડી અને શ્રમની વ્યવસ્થા કરવાની સાથે સાથે તમામ પાસા પર ધ્યાન આપવાની જરૂર રહેનાર છે. સમય પણ ઓછો રહેલો છે. બજારના સંતુલન, માંગ અને પુરવઠા વચ્ચે તાલમેલ બેસાડી દઈને આગળ વધવાની જરૂર ે દેખાઈ રહી છે. સરકાર માટે હવે ચિંતાની વાત એ હોવી જોઈએ કે મોટી વયના લોકો, કમજોર અને બિમાર લોકોને બાદ કરતા મોટા ભાગના લોકોને કઈ રીતે ફરી કામ પર ઉતારી દેવામાં આવે તે બાબત પર સરકારને ધ્યાન આપવાની જરૂર છે. આના માટે પણ તમામ શરતોને પાળવાની જરૂર દેખાઈ રહી છે. જેમાં સેનિટાઈઝેશન, ટેસ્ટિંગ અને કામકાજની સાવચેતી રાખીને આગળ વધવાની જરૂર દેખાઈ રહી છે. જેથી ખતરો ખુબ રહેલો છે. અમને હવે અસંભવને સંભવ બનાવવાની દિશામાં આગળ વધવાની જરૂરિયાત દેખાઈ રહી છે. સરકાર બિલકુલ સક્રિય દેખાઈ રહી છે. આનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે દુનિયાના દેશોમાં ભારત દ્વારા લેવામાં આવી રહેલા પગલાની અસર દેખાઈ રહી છે. તેની પ્રશંસા પણ થઈ રહી છે.

સિક્સ પેક્સના ક્રેઝ વચ્ચે ચરબી અયોગ્ય છે

મહિનામાં ચરબી ઘટી શકે

એક સમય હતો જ્યારે કોઈ પેટ બહાર નિકળેલી વ્યક્તિ બહાર નિકળતી હતી ત્યારે લોકો કહેતા હતા કે અમર ખાનદાનમાંથી છે. જો કે હવે સમય બદલાઈ ગયો છે. હવે સમય સિક્સ પેક્સનો છે. શરીરના કુલ ફૈટના પ્રમાણથી વધારે જરૂરી હવે ફેટના શરીરમાં યોગ્ય યોગદાન. જાણકાર લોકો કહે છે કે સમગ્ર શરીરમાં ફેટ વધારે હોવાની બાબત એટલી ખતરનાક નથી જેટલી ખતરનાક બાબત પેટની આસપાસ ફેટ છે. પુરૂષો માટે ૪૦ ઈંચથી વધારે અને મહિલાઓ માટે ૩૫ ઈંચથી વધારે કમર કદ સ્થુળતા સાથે સંબંધિત બિમારીનુ કારણ બને છે. આવી સ્થિતીમાં પહેલાથી જ સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે. કેટલીક સરળ કસરત અને યોગાસન કરીને પેટની આસપાસની ચરબીને કાબુમાં રાખી શકાય છે. એરોબિક એક્સરસાઈઝ, વોકિંગ, સ્વિમિંગ, જોગિંગ, સાયકલિંગ જેવી કસરત ખુબ આદર્શ પુરવાર થાય છે. વધારાના વજનને ઘટાડી દેવા માટે સાયકલિંગ સૌથી સારી બાબત છે. દરરોજ આશરે ખુલ્લામાં એક કલાક સાયકલ ચલાવવામાં આવે તો ૩૦૦ કેલોરી બર્ન થઈ જાય છે. જોગિંગ પણ કસરતના એક લોકપ્રિય તરીકા તરીકે છે. આના કારણે હાર્ટની પંમ્પિગ ક્ષમતામાં વધારો થાય છે. દરરોજ બે કિલોમીટર જોગિંગથી ખુબ ફાયદા થાય છે. સ્વામિંગ પણ ખુબ સારી કસરત સમાન છે. આના કારણે સમગ્ર શરીરની કસરત થાય છે. આના કારણે ખુબ વધારે કેલોરી બર્ન થઈ જાય છે. એરોક્સિ કસરત પણ હાલના સમયમાં ખુબ લોકપ્રિય છે. આના કારણે પેટની આસપાસની ચરબીને દુર કરવામાં સફળતા મળે છે. વોકિંગ પણ શ્રેષ્ઠ કસરત તરીકે છે. પેટના સ્તરને ઘટાડી દેવા માટે તે ઉપયોગી સાબિત થાય છે. ઝડપથી ૪૫-૫૦ મિનિટ સુધી ચાલવામાં આવે તો સીધો ફાયદો થાય છે. આ તમામ સામાન્ય કસરત શરીર માટે આદર્શ પુરવાર થાય છે. આધુનિક સમયમાં આ કસરતનો ઉપયોગ કરી શકાય છે.

કોઈ પણ સરકાર તેને નજરઅંદાજ ના કરી શકે

૫૦ ટકાથી વધારે અનામતની મંજૂરી નહીં: સુપ્રીમ કોર્ટે સરકારને ફટકાર લગાવી

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે બુધવારે એક વખત ફરીથી કડક શબ્દોમાં સ્પષ્ટ કરી દીધુ કે, કોઈ પણ સ્થિતિમાં અનામત ૫૦ ટકાથી વધારે નહીં થઈ શકે. સુપ્રીમ કોર્ટ તરફથી જ ઈન્દ્રા શાહના મામલે વધારેમાં વધારે ૫૦ ટકા અનામત નક્કી કરવાના આદેશનો આધાર આપતા જણાવ્યું કે, કોઈ પણ સરકાર તેને નજરઅંદાજ ના કરી શકે.

સુપ્રીમ કોર્ટની ૫ સભ્યોની બંધારણીય પીઠે આ ટિપ્પણી આંધ્ર પ્રદેશ સરકારના વર્ષ ૨૦૦૦ના એક આદેશ પર કરી હતી. આંધ્ર સરકારે ૨૦ વર્ષ પહેલા સૂચિત વિસ્તારોની સ્કૂલોમાં શિક્ષકોનો ભરતીમાં અનુસૂચિત જનજાતિઓને ૧૦૦ ટકા અનામત આપવાનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ અરૂણ મિશ્રા, જસ્ટિસ ઈન્દિરા બેનર્જી, જસ્ટિસ વીનિત શરણ, જસ્ટિસ એમઆર શાહ અને જસ્ટિસ અનિરૂદ્ધ બોસની પીઠે આંધ્ર સરકારના આ નિર્ણયને ગેરબંધારણીય અને દુર્ભાગ્યપૂર્ણ માન્યો હતો.

પીઠને જાણવા મળ્યું કે, ૧૯૮૬માં પણ રાજ્ય સરકારે ૧૦૦ ટકા અનામત આપવાની જાહેરાત કરી હતી, પરંતુ ટ્રિબ્યૂનલે ત્યારે સરકારના આ નિર્ણયને ફગાવ્યો હતો. જો કે બાદમાં કોર્ટોએ પણ ટ્રિબ્યુનલના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો.

વર્ષ ૧૯૯૮માં સરકારે સુપ્રીમ કોર્ટમાં પોતાની અપીલ પરત લીધી હતી. પીઠે જણાવ્યું કે, રાજ્ય સરકાર પાસે આશા છે કે, હવેથી તે ૧૦૦ ટકા અનામત આપવાનું ગેરબંધારણીય કામ ફરીથી નહીં કરે. આમ છતાં રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૦માં ફરીથી સૂચિત વિસ્તારોમાં અનુસુચિત જનજાતિઓને ૧૦૦ ટકા અનામત આપવાનો આદેશ ઈસ્યુ કર્યો હતો.

અમેરિકામાં વાયરસથી ૪૭ હજાર લોકોના મોત નિપજ્યા

કોરોના વાયરસ થકી ચીને અમેરિકા પર હૂમલો કર્યોઃ ટ્રમ્પનો આરોપ

વોશિંગ્ટન

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાયરસ મહામારી માટે એક વાર ફરીથી ચીન પર આક્રમક થયા છે. ટ્રમ્પે કહ્યુ છે કે દેશને મહામારી બાદ સામાન્ય કરવામાં ઘણો સંઘર્ષ કરવો પડશે. આ સાથે જ તેમણે એ પણ કહ્યુ કે તેમના દેશ પર હુમલો કરવામાં આવ્યો છે. કોરોના વાયરસના કારણે અત્યાર સુધી અમેરિકામાં ૪૭,૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ૮,૫૨,૦૦૦ લોકો આનાથી સંક્રમિત છે અને ક્યાંયથી પણ આના પર વિરામ લાગવાના અણસાર નથી દેખાઈ રહ્યા. ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે વ્હાઈટ હાઉસમાં મીડિયા સાથે વાત કરી હતી અને અહીં તેમણે એક વાર ફરીથી ચીનને આડે હાથ લીધુ હતુ. ટ્રમ્પે કહ્યુ, અમારા પર હુમલો થયો છે. આ એક હુમલો હતો. આ માત્ર ફ્લૂ નથી. કોઈએ પણ આ રીતની વસ્તુ પહેલા ક્યારેય નથી જોઈ અને સન ૧૯૧૭માં છેલ્લી વાર આ રીતની ઘટના જોવામાં આવી હતી. ટ્રમ્પે આ વાત એ વખતે કહી જ્યારે તેમને પૂછવામાં આવ્યુ હતુ કે અમેરિકામાં થોડા દિવસો પહેલા તેમના પ્રશાસન તરફથી ઘણા ટ્રિલિયન ડૉલરના પેકેજનુ એલાન કરવામાં આવ્યુ છે. આના કારણે દેશ પર દેવુ વધી રહ્યુ છે. ટ્રમ્પે કહ્યુ કે, અમારી પાસે આના સિવાય કોઈ વિકલ્પ નહોતો. મને દર વખતે એ વાતની ચિંતા રહે છે. અમારે આ સમસ્યાને ઠીક કરવની હતી. ટ્રમ્પે આગળ કહ્યુ, અમે દુનિયામાં મહાનતમ અર્થવ્યવસ્થા હતા, ચીનથી પણ સારી અને બાકી બધાથી સારી, અમેત્રણ વર્ષોમાં આનાથી વધુ નિર્માણ કર્યુ છે. ટ્રમ્પે ત્યારબાદ ઈશારો કર્યો કે અમેરિકાથી પહેલાથી ઘણુ વધુ મજબૂત હશ અને વહેલી તકે અર્થવ્યવસ્થાને ખોલવામાં આવશે.

અંબાણીની સંપત્તિ ૪ અબજ ડોલર વધી ૪૯ અબજ ડોલર થઈ

ફેસબુક-જીયો ડીલ બાદ મુકેશ અંબાણી એશિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિ બન્યા

મુંબઈ

મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ જીયો અને માર્ક ઝુકરબર્ગની કંપની ફેસબુક વચ્ચે પાર્ટનરશીપ થયા પછી અંબાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે. તેમણે અલીબાબાના સ્થાપક જેક માને પાછળ છોડી દીધા છે. ફેસબુક સાથેના સોદા બાદ અંબાણીની સંપત્તિ ૪ અબજ ડોલર વધી ૪૯ અબજ ડોલર થઈ છે. ફેસબુક મુકેશ અંબાણીની જીયોમાં રૂ. ૪૩,૫૭૪ કરોડનું રોકાણ કરશે. આ રોકાણ બાદ, જીયોમાં ફેસબુકનો હિસ્સો વધીને ૯.૯૯% થશે.

મુકેશ અંબાણી એશિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિ જેક માને પાછળ છોડી ગયા છે. અંબાણીની સંપત્તિમાં જેક માની સરખામણીમાં ૩ અબજ ડોલરનો વધારો થયો છે. બ્લૂમબર્ગના ડેટા અનુસાર, ૨૧ એપ્રિલ સુધીમાં મુકેશ અંબાણીની સંપત્તિમાં ૧૪ અબજ ડોલરનો ઘટાડો થયો હતો જયારે જેક માની સંપત્તિમાં ૧ અબજ ડોલરનો ઘટાડો થયો હતો.

ફેસબુક સાથેના સોદાના સમાચાર પછી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં બુધવારે મોટો ઉછાળો આવ્યો હતો. એક સમયે તે ૧૧% ના વધારા સાથે રૂ. ૧૩૭૫ પર કારોબાર કરી રહ્યો હતો. કારોબારના અંતે આરઆઈએલના શેર ૯.૮૩%ના વધારા સાથે રૂ. ૧૩૫૯ પર બંધ થયો હતો. બુધવારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટ કેપ રૂ. ૯૦,૦૦૦ કરોડ વધ્યું હતું. કોઈપણ ભારતીય કંપનીમાં લઘુમતી હિસ્સા માટે આ અત્યાર સુધીની સૌથી મોટી એફડીઆઈ છે. જિયો પ્લેટફોર્મની પ્રી મની એન્ટરપ્રાઈઝ વેલ્યુ લગભગ ૬૬ અબજ ડોલર હશે. રોકાણ બાદ જિઓ પ્લેટફોર્મની કિંમત ૪.૬૨ લાખ કરોડ થશે. આ ભાગીદારીથી લોકો અને વ્યવસાય માટે વિશાળ તકો ઉભી થશે.

સોનિયા ગાંધી સામે ટીપ્પણી બદલ અર્ણબ ગોસ્વામી સામે ગુજરાતમાં પણ ફરિયાદ

વડોદરા

અર્ણબ ગોસ્વામી વિરૂધ્ધ ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ફરિયાદ નોંધાવી છે. પોતાની ચેનલ પર ડિબેટમાં અર્ણબ ગોસ્વામીએ પાલઘરમાં થયેલા સાધુઓના મોત માટે સોનિયા ગાંધી પર ટીપ્પણી કરી હતી જેને લઈને તેના વિરૂદ્ધ ફરિયાદ કરવામાં આવી રહી છે. અર્ણબ ગોસ્વામી સામે અમદાવાદમાં ફરિયાદ નોંધવામાં આવી છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ફરિયાદ નોંધાવી છે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી પર ટિપ્પણીને કારણે આ એફઆઈઆર કરવામાં આવી છે. ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ફરિયાદ નોંધાઈ છે.

પાલઘરમાં સંતોના થયેલા મોતની ડિબેટમાં અર્ણબ ગોસ્વામીએ સોનિયા ગાંધી વિરૂદ્ધ ટીપ્પણી કરી હતી જે મામલે હવે ગુજરાતમાંથી પણ અર્નબ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. મોડી રાત્રે મુંબઈમાં રિપબ્લિક ટીવીના અર્ણબ ગોસ્વામી અને તેમના પત્ની પર હુમલો થયો છે. સ્ટુડિયો થી ઘરે જતા રસ્તામાં તેમની ગાડી પર અમુક કોંગ્રેસી કાર્યકર્તા બાઈક સવારોએ હુમલો કર્યોનો આરોપ મુક્યો છે. અર્ણબ પોતાના પર થયેલ હુમલા માટે જાહેરમાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને વાદ્રા પરિવાર પર આરોપ લગાવ્યો છે.

કોરોનાને પગલે રાજકોટમાં કોવિડ-૧૯ હોસ્પિટલની મુલાકાતે કેન્દ્રની ટીમ પહોંચી



રાજકોટ

ભાવનગરમાં વધુ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાયો છે. હોટસ્પોટ વિસ્તાર નજીક કણબીવાડમાં રહેતા સતારભાઈ અબ્દુલભાઈ જેઠવા (ઉ.વ.૬૦)નો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આથી તેઓને આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના પરિવારજનોને વહીવટી તંત્ર દ્વારા ઉભા કરાયેલા ક્વોરન્ટીન ફેસીલિટીમાં રાખવામાં આવ્યા છે. બોટાદમાં વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા છે. વોર્ડ નં.૯ના કલસ્ટર વિસ્તારમાંથી બે પોઝિટિવ કેસ મળી આવ્યા છે. જેમાં ૭૮ વર્ષના વૃદ્ધ અને ૪૮ વર્ષની મહિલાનો સમાવેશ થાય છે. બોટાદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૨ કેસ નોંધાયા છે અને એકનું મોત નીપજ્યું છે.કોરોના વાઈરસને લઈને કેન્દ્રની આરોગ્યની ટીમ રાજકોટ સિવિલ હોસ્પિટલ આવી પહોંચી છે. મેડિકલ કોલેજના ડીન અને સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ તેમજ આરોગ્યના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. મેડિકલ કોલેજમાં કેન્દ્રીય આરોગ્યની ૭ સભ્યોની ટીમની બેઠક શરૂ થઈ છે. બાદમાં કોવિડ-૧૯ હોસ્પિટલનું ચેકીંગ કરશે અને કોરોના વાઈરસની કામગીરીને લઈને બેઠકમાં સમીક્ષા કરી હતી. જંગલેશ્વર વિસ્તાર અંગે પણ માહિતી માગી હતી.

હાલ કોરોનાની પરિસ્થિતિને પગલે માત્ર ઓનલાઈન જ વેરા ભરપાઈ કરી શકાય છે. પુરુષ મિલકતધારકોને ૧૧ટકા વળતર તથા મહિલા મિલકતધારકોને ૧૬ ટકા વળતર યોજના ચાલુ છે. હાલની કોરોના વાઈરસની મહામારીને ચાલી રહેલ છે ત્યારે માત્ર ઓનલાઈન જ મિલકત વેરો ભરપાઈ કરી શકાશે. આ પરિસ્થિતિમાં શહેરીજનો દ્વારા ૨૦૨૦-૨૧ના વર્ષનો એડવાન્સ મિલકતવેરો ઓનલાઈન ભરપાઈ કરી રહ્યા છે. જેમાં ૨૩ એપ્રિલ સુધીમાં શહેરમાંથી કુલ ૯૫૦૦ જેટલા મિલકતધારકો રૂપિયા ૩.૩૩ કરોડનો ટેક્સ ઓનલાઈન ભરપાઈ કરી ચૂક્યા છે, તેમ મ્યુનિ. કમિશનર ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

રાહતના સમાચારઃ આ વર્ષે જ ભારતને મળી શકે છે કોરોનાની વેક્સિન

ઓક્સફોર્ડ યુનિ.માં વેક્સિન ટ્રાયલ સફળ રહેશે તો ડિસેમ્બરમાં તે ભારતને ઉપલબ્ધ થશે

ન્યુ દિલ્હી

વિશ્વના અનેક દેશો કોરોના મહામારીના ખાત્મા માટે વેક્સિન પર કામ કરી રહ્યા છે. જો કે, આ બધા સંકટ વચ્ચે ભારત માટે એક આશાનું કિરણ દેખાઈ રહ્યું છે અને વર્ષના અંત સુધીમાં ભારતને કોરોના સામે લડવા વેક્સિન મળી શકે છે. હાલ બ્રિટનની ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં તેનું ટ્રાયલ ચાલી રહ્યું છે. વિશ્વ પ્રસિદ્ધ વેક્સિનોલોજિસ્ટ અને પ્રોફેસર એડ્રિયન હિલે કરેલા દાવા પ્રમાણે સપ્ટેમ્બર સુધીમાં કોરોનાને માત આપવામાં ઉપયોગી વિશ્વની પ્રથમ વેક્સિન બજારમાં આવી જશે.

પ્રોફેસર હિલે જણાવ્યું કે, જો ટ્રાયલ સંપૂર્ણપણે સફળ રહેશે તો સપ્ટેમ્બર બાદ તે દવાનો સપ્લાય ચાલુ થશે અને ભારતમાં તે વર્ષના અંત સુધીમાં ઉપલબ્ધ થઈ જશે. વેક્સિન માટેના મોટા પ્રોજેક્ટ પર કામ કરી રહેલા એડ્રિયનના કહેવા પ્રમાણે હાલ અનેક વેક્સિન ટ્રાયલ રૂટિન પર છે અને ઓક્સફોર્ડમાં પણ આવી જ એક વેક્સિન પર કામ ચાલી રહ્યું છે. તેઓ આ ટ્રાયલમાં સફળ થવાની આશા રાખી રહ્યા છે અને બાદમાં તેઓ મહત્તમ વેક્સિન ઉત્પાદન પર ધ્યાન આપશે.

ટ્રાયલ દ્વારા મળેલા સંકેતો પ્રમાણે કોરોના વાયરસ વિરૂદ્ધ માત્ર એક ડોઝ પણ કારગર નીવડશે પરંતુ રોગપ્રતિકારકશક્તિ સારી હશે તો તે વધુ ઝડપથી સારૂ કામ કરી શકશે. આ પ્રોજેક્ટમાં ભારતીય પ્રોફેસર આદર પૂનાવાલા પણ સામેલ છે તથા જો ક્લિનિકલ ટેસ્ટ અને અન્ય ટ્રાયલ સંપૂર્ણપણે યોગ્ય રહેશે તો વર્ષના અંત સુધીમાં દવા મળી રહેશે. બે સમાહ બાદ તેઓ મહીનામાં પાંચ મિલિયન ડોઝ બનાવવામાં સફળ થશે અને ત્યાર બાદ બમણા ઉત્પાદન માટે કામ કરવામાં આવશે.

પોતાના ૪૦૦૦ નાગરિકોને સ્વખર્ચે ભારતમાંથી પરત લઈ ગયું અમેરિકા

અમદાવાદ

કોરોના મહામારીની સ્થિતિમાં ભારતમાંથી બ્રિટન ઉપરાંત અમેરિકા દ્વારા પણ પોતાના ૪ હજારથી વધુ નાગરિકોને પરત લઈ જવામાં આવ્યા છે. આ માટે ગુજરાત ઉપરાંત ભારતભરના શહેરોમાં રહેલા કે અટવાયેલા અમેરિકન નાગરિકોને અમેરિકા પરત લઈ જવા યુએસ એમ્બેસી દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. અમેરિકા પરત ફરવા ઈચ્છુક અમેરિકન નાગરિકોને લઈ જવા માટે ભારતીય સત્તાવાળાઓ પણ ખૂબ સહકાર આપી રહ્યા હોવાનું યુએસ કોન્સ્યુલે જણાવ્યું છે. મુંબઈ સ્થિત યુએસ કોન્સ્યુલના જણાવ્યા અનુસાર ૨૨ એપ્રિલ સુધીમાં ૪ હજાર કરતા વધુ અમેરિકન નાગરિકોને યુએસ સરકાર દ્વારા ચાર્ટર્ડ કરાયેલી બસોમાં મુંબઈ લઈ જવાયા છે અને અહીંથી ખાસ વિમાનમાં તેમને અમેરિકાના વિવિધ રાજ્યોમાં મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે. ગુજરાતના અમદાવાદ, વડોદરા, સુરત અને વલસાડ ખાતેથી આ બસો લઈ જવામાં આવી હતી. યુએસ કાનૂન મુજબ ખાનગી યુએસ નાગરિકોને ડિપાર્ચર માટેની સહાય રિએમ્બર્સેલ ધોરણે કરવામાં આવે છે. આનો મતલબ એ થયો કે કોઈ પણ યુએસ નાગરિકને જે-તે દેશમાંથી ખાસ વિનંતીના આધારે અમેરિકા ખસેડવામાં આવે તો જે-તે સમયે તેનો ખર્ચ ભલે યુએસ સરકાર ઉઠાવે. પરંતુ બાદમાં આ પરિવહન અને એરફેર સહિતના ખર્ચની જે-તે નાગરિકે યુએસ સરકારને પરત ચૂકવણી કરવાની રહે છે.

રાજ્યમાં ૨૪ કલાકમાં પહેલા પાનાથી ચાલુ

સેનિટાઈઝ કરવામાં આવી

- કેન્દ્રીય આરોગ્ય વિભાગની ટીમ રાજકોટમાં, કોરોનાની કામગીરીને લઈને બેઠકમાં સમીક્ષા કરી
- ગુજરાતમાં પ્રથમ વખત એક સાથે ૪૫ દર્દીઓ કોરોના મુક્ત થયા, વડોદરામાં હોસ્પિટલમાંથી રજા અપાઈ

એક્સપોર્ટનો ઓર્ડર ધરાવતા શહેરી વિસ્તારના ઉદ્યોગો ૨૫મી એપ્રિલથી શરૂ કરવામાં આવશે

એક્સપોર્ટનો ઓર્ડર ધરાવતા હોય તેવા ઉદ્યોગો કે જે શહેરમાં આવતા હોય પરંતુ કન્ટેન્મેન્ટ વિસ્તારની બહાર હોય તેવા ઉદ્યોગોને ૨૫ એપ્રિલથી ચાલુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, આ માતે તમામ જિલ્લાના કલેક્ટરને અરજી કરવાની રહેશે, તેમ મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું છે.

ટેસ્ટમાં કોઈપણ પ્રકારનો ઘટાડો કરવામાં આવ્યો નથીઃ જયંતિ રવિ

રાજ્યમાં દરરોજ ૩ હજાર ટેસ્ટ કરવામાં આવે છે. ટેસ્ટમાં કોઈપણ પ્રકારનો ઘટાડો કરવામાં આવ્યો નથી. પહેલા જેટલા ટેસ્ટ કરવામાં આવતા હતા તેટલા જ ટેસ્ટ કરાશે. દરરોજના ૩ હજાર ટેસ્ટમાંથી ૨૫૦૦ ટેસ્ટ અલગ-અલગ વિસ્તારમાં કરવામાં આવશે જ્યારે ૫૦૦ ટેસ્ટ ક્વોરન્ટીન કરવામાં આવેલા લોકોમાં કરાશે. મૃત્યુ પામનાર ૬૭ દર્દીમાંથી ૬૦ દર્દી બિમારીથી પીડાતા હતા. ડાયાબિટીસ અને ટીબી જેવી ગંભીર બિમારીઓના કારણે રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે. ગંભીર બિમારી હોય એ લોકોએ વધારે ધ્યાન રાખવું પડશે. વૃદ્ધો અને બાળકો બહાર ન નીકળે તેમ આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું છે. રાજસ્થાનના કોટામાંથી આવેલા ગુજરાતના ૪૦૦ વિદ્યાર્થીઓ શામળાજી પહોંચ્યા હતા. ત્યાંથી આ વિદ્યાર્થીઓ ૧૫ બસોના માધ્યમથી શામળાજીથી અમદાવાદ આવવા નીકળ્યા છે.

કોરોના હોટસ્પોટ પહેલા પાનાથી ચાલુ

અપાયા કે ૭ જેટલા ક્વોરેન્ટાઈન વિસ્તારો ખોલી દેવામાં આવ્યાં છે. અને ૨૯ જણાં સાજા તથાં રજા આપવામાં આવી છે.

કોરોનામાં સરકારની કામગીરીની માહિતી આપનાર આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ કહ્યું કે, મૃત્યુના પ્રમાણમાં મોટાભાગના કેસોમાં અન્ય બીમારીઓ વધારે હોવાની વાત સામે આવી છે. સરકાર પારદર્શિતાથી મૃત્યુનો આંકડો બતાવે છે. કરજણ તાલુકાના ગોવિંદભાઈ નામના દર્દી શ્વાસ અને કફની તકલીફ સાથે દાખલ કરાયા હતા. તેમને પહેલેથી જ શ્વાસની તકલીફ હતી. મોટાભાગના લોકો અન્ય ગંભીર બિમારીથી પીડાતા હોય છે. મૃત્યુ એવા લોકોના જ થાય છે જેમને પહેલેથી કોઈ બિમારી હોય. તેથી ડાયાબિટીસ અને બ્લડપ્રેશરના દર્દીઓ હોય તો ખૂબ સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. ગંભીર બિમારીવાળા લોકોના જ મોત થયા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોરોના વાયરસના રોજના ૩૦૦૦ ટેસ્ટ કરીશું. ૨૫૦૦ રેન્ડમ લઈશુ અને ૫૦૦ ટેસ્ટ જે એડમિટેડ છે તેમને ૨ વખત ચેક કરવા પડતા હોય છે એટલે તેમને ટેસ્ટ કરીશું.

ગાંધીનગર ખાતે આરોગ્ય સચિવ જંયતિ રવિએ જણાવ્યું હતુ કે, ગુજરાતમાં કોરોના વાયરસના નવા આંકડા આજથી દિવસમાં એક જ વખત સાંજે ૬ વાગ્યે આપવામાં આવશે. રાજ્યમાં દરરોજ ૩ હજાર ટેસ્ટ કરવામાં આવે છે. ટેસ્ટમાં કોઈપણ પ્રકારનો ઘટાડો કરવામાં આવ્યો નથી. પહેલા જેટલા ટેસ્ટ કરવામાં આવતા હતા તેટલા જ ટેસ્ટ કરાશે. દરરોજના ૩ હજાર ટેસ્ટમાંથી ૨૫૦૦ ટેસ્ટ અલગ-અલગ વિસ્તારમાં કરવામાં આવશે જ્યારે ૫૦૦ ટેસ્ટ ક્વોરન્ટીન કરવામાં આવેલા લોકોમાં કરાશે. તેમને આ ખુલાસો એટલા માટે કરવો પડ્યો કેમ કે સરકારે ટેસ્ટીંગના કેસો ઘટાડી દેતા તંત્ર સામે આંગળી ચિંધાવામાં આવી હતી.

તેમણે વધુમાં કહ્યું કે, રાજ્યમાં કોરોના વાયરસના કારણે મૃત્યુ પામનાર ૬૭ દર્દીમાંથી ૬૦ દર્દી બિમારીથી પીડાતા હતા. ડાયાબિટીસ અને ટીબી જેવી ગંભીર બિમારીઓના કારણે રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે. ગંભીર બિમારી હોય એ લોકોએ વધારે ધ્યાન રાખવું પડશે. વૃદ્ધો અને બાળકો બહાર ન નીકળે તેમ જણાવ્યું છે.

જયંતિ રવિએ કહ્યું કે, જેમની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે અને જેમને ગંબીર બીમારી હોય છે તેમના જ મૃત્યું થાય છે. કોરોનાથી બચવું હોય તો, ઘરમાં જેટલા પણ વધુ ઉંમરના હોય, કોઈ બીમારી હોય, ૫ વર્ષથી ઓછી ઉંમરના હોય, ગર્ભવતી હોય તેમની સાથે ડિસ્ટન્સ રાખવુ જરૂરી છે.

દરમ્યાનમાં સૂત્રોએ કહ્યું કે, ગુજરાતમાં કોરોના ને કારણે સ્થિતિ દિવસેને દિવસે ચિંતાજનક બની રહી છે. ગુજરાતમાં નવા કેસોનો આંકડો સતત વધી રહ્યો છે. ત્યારે ગુજરાત હજુ બીજા સ્ટેજમાં છે. પરંતુ ગુજરાત માટે સૌથી ચોંકાવનારા સમાચાર એ છે કે, ગુજરાતના હોટસ્પોટ વિસ્તારો stage-૨ના એડવાન્સ સ્ટેજમાં પહોંચી ગયાં છે. ગુજરાતના આ હોટસ્પોટ વિસ્તારોમાં કોરોના કોમ્યુનિટી ટ્રાન્સફર થવાની દહેશત છે. કોરોનાને લઈ ગુજરાત માટે ગંભીર સમાચાર એ છે કે, કેટલાક વિસ્તાર એડવાન્સ સ્ટેજમાં હોવાનું સામે આવ્યું છે. બીજા સ્ટેજથી એક કદમ આગળ કેટલાક વિસ્તાર હોટસ્પોટ વિસ્તારમાંથી આવતા કેસ એડવાન્સના આવે છે. હાલ ગુજરાતમાં ૧૫ જેટલા કોરોનાના હોટસ્પોટ વિસ્તારો છે, જેમાં ગુજરાતના ચાર મોટા શહેરો છે.

ગુજરાતમાં કુલ ૧૫ હોટસ્પોટ વિસ્તાર છે. જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને ભાવનગર સામેલ છે. ગુજરાતમા હાલ કુલ ૨૨૭૨ કેસ કોવિડ ૧૯ના છે, જે ગુજરાતના ૨૮ જિલ્લાઓમાં છે. પરંતુ ગુજરાત માટે આ અતિગંભીર સમાચાર એ છે કે, હોટસ્પોટ કમ્યુનિટી ટ્રાન્સફર વધશે. અત્યાર સુધી ગુજરાત કોરોના કેસ મામલે બીજા સ્ટેજમાં હતું, હવે ત્રીજુ સ્ટેજ આવશે, જે ભયાનક કહેવાય છે. આરોગ્ય સચિવ જયંતી રવિએ પણ કહ્યું કે, ૧૫થી વધુ હોટસ્પોટ વિસ્તારો હવે ત્રીજા સ્ટેજમાં પ્રવેશ કરે તેમ છે. અહીંથી મોટા પ્રમાણમાં કમ્યુનિટી ટ્રાન્સફર થતુ હોય છે. જેમાં મોટી સંખ્યામાં લોકો ચેપગ્રસ્ત બનતા હોય છે. આંકડા પણ બતાવે છે કે જે રીતે દર્દીઓની સંખ્યા વધી છે, તેમાંથી ૫૦ ટકાથી વધુ કેસ હોટસ્પોટ વિસ્તારોના છે.

કોઈ ભૂલ ના કરે પહેલા પાનાથી ચાલુ

વધવામાં સતત તેજી જોવા મળી રહી છે જે ખતરાની ઘંટડી છે. તેમણે કહ્યું કે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ૩૦ જાન્યુઆરીએ વૈશ્વિક આપાતકાળની ઘોષણા કરી હતી, જેનાથી તમામ દેશ કોરોના વાયરસ મહામારી વિરુદ્ધ યોજના બનાવી શકે અને તૈયારી કરે, અગાઉ પણ ટેડ્રોસ અદનોમે કહ્યું હતું કે આનાથી પણ ખરાબ સમય આવશે.

૫ મેટ્રો શહેરોમાં પહેલા પાનાથી ચાલુ

સંખ્યા વધારીને ૩ મે સુધી જેટલું વધુ બની શકે તેટલું કોરોના સંક્રિય કેસોની ઘટાડવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ૩મે બાદ આ ૬ મહાનગરોમાં તબક્કાવાર રીતે લોકડાઉન હટાવવામાં આવી શકાય છે જો કે સંપૂર્ણ રીતે છૂટછાટ અપાશે નહીં.

કેન્દ્રીય કર્મચારી પહેલા પાનાથી ચાલુ

મોંઘવારી ભથ્થું વધારવા માટે ૧૪,૫૯૫ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ નિર્ધારિત કર્યો હતો.

કોરોના વાયરસના પ્રસારને રોકવા માટે દેશમાં લાગુ લૉકડાઉનથી દેશની અર્થવ્યવસ્થાને ઘણું ભારે નુકસાન પહોંચ્યું છે.

વિરમગામના ધારાસભ્યની ગ્રાન્ટમાંથી કોરોના સામે લડવા જરૂરી સાધન સામગ્રીની આરોગ્ય કેન્દ્રમાં ફાળવણી કરાઇ



• સ્ટરેલીયમ ૧૦૦ એમએલ, ત્રિપલ લેયર માસ્ક, શોપ શોલ્યુશન, એન ૯૫ માસ્ક, ફેશશિલ્ડ ૨૫, ટેબ એચસીક્યુ, કોવીડ ૧૯ સ્વચ્છતા કિટ, પીપીઇ કીટ, પલ્સ ઓક્સિમીટર, નેબ્યુલાઇઝરની ફાળવણી કરવામાં આવી

• વિરમગામના ધારાસભ્ય લાખાભાઇ ભરવાડની ઉપસ્થિતીમાં આરોગ્ય કેન્દ્રને જરૂરીયાત મુજબ સાધન સામગ્રીની ફાળવણી કરવામાં આવી

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસના પોઝીટીવ કેસ વધી રહ્યા છે ત્યારે વિરમગામ વિધાનસભા વિસ્તાર એટલે કે વિરમગામ, માંડલ, દેત્રોજ તાલુકાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અર્બન હેલ્થ સેન્ટર માટે વિરમગામના ધારાસભ્ય લાખાભાઇ ભરવાડ દ્વારા ૧૦ લાખ રૂપીયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતા આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત અમદાવાદ દ્વારા ફાળવવામાં આવેલ વસ્તુઓનું વિરમગામ ખાતે વિતરણ કરવામાં આવ્યુ હતુ. વિરમગામના ધારાસભ્ય લાખાભાઇ ભરવાડ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, સુધીર રાવલ, અજિત ખુડદીયાની ઉપસ્થિતીમાં તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતેથી વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અર્બન હેલ્થ સેન્ટરની જરૂરીયાત પ્રમાણે કુલ સ્ટરેલીયમ ૧૦૦ એમએલ ૭૬૮, ત્રિપલ લેયર માસ્ક ૩૦૦૦, શોપ શોલ્યુશન ૩૦ લીટર, એન ૯૫ માસ્ક ૫૦, ફેશશિલ્ડ ૨૫, ટેબ એચસીક્યુ ૯૦૦, કોવીડ ૧૯ સ્વચ્છતા કિટ ૧૨૮૩, પીપીઇ કીટ ૧૨૦, પલ્સ ઓક્સિમીટર ૩૦, નેબ્યુલાઇઝર ૩૦ની ફાળવણી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે,. હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઇરસનો ચેપ લાગી શકે છે. તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી ધ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. જો થોડી સાવચેતી રાખવામાં આવે તો કોરોના વાઇરસના ચેપથી ચોક્કસ બચી શકાય તેમ છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીંક ખાતી વખતે રૂમાલથી મોઢા ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહીં અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ.

વિરમગામના ધારાસભ્ય લાખાભાઇ ભરવાડે જણાવ્યુ હતુ કે, કોરોના મહામારીના કારણે જે પરીસ્થિતી ઉભી થઇ છે ત્યારે કોરોના સામેની લડાઇ માટે ૧૦ લાખ રૂપીયાની ગ્રાન્ટ ફાળવી હતી. જેમાંથી વિરમગામ ખાતે જીલ્લા પંચાયત અમદાવાદ દ્વારા જરૂરી સામાન ખરીદીને વિરમગામ, માંડલ, દેત્રોજ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અર્બન હેલ્થ સેન્ટરમાં ફાળવણી કરવામાં આવી હતી. આ સામાન જરૂરીયાત પ્રમાણે વિરમગામ તાલુકાના આરોગ્ય કેન્દ્રની ગાડીઓમાં ભરીને તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામથી રવાના કરવામાં આવ્યો હતો. વિરમગામ તાલુકામાં આરોગ્ય તંત્ર, પોલીસ તંત્ર દ્વારા સારી કામગીરી કરવામાં આવી રહી છે.

બોટાદમાં કોરોનાનાં વધુ બે કેસ સામે આવતા કુલ આંકડો ૧૨ પર પહોંચ્યા

બોટાદ

બોટાદમાં કોરોનાના વધુ બે પોઝિટિવ કેસ સામે આવ્યા છે. બોટાદમાં ૪૮ વર્ષીય મહિલા અને ૭૮ વર્ષીય વૃદ્ધનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બંને કેસ બોટાદના કન્ટેનમેન્ટ ઝોનમાંથી સામે આવ્યા છે. નવા કેસ મળે બોટાદમાં કુલ ૧૨ કેસ નોંધાયા છેપ જ્યારે કે અત્યાર સુધીમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે.

લાઠીનાં PSI પિતાને લીધે થયા કોરોના સંક્રમિત, ૧૨ પોલીસ કર્મી કરાયા ક્વોરન્ટીન

અમરેલી

અમરેલીમાં લાઠીનાં પીએસઆઈ તેમના પિતાને ગાંધીનગર મળીને પરત ફર્યા જેના કારણે પીએસઆઈ ચર્ચાનો વિષય બન્યા છે. ચર્ચાનો વિષય એટલા માટે કારણકે તેમના પિતાનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. જેથી તેઓ તેમને મળવા રવાના થયા હતા.

પીએસઆઈ તેમના પિતાના સંપર્કમાં આવ્યા આ દરમિયાન પીએસઆઈના સંપર્કમાં પણ ૧૨ લોકો આવ્યા હતા.જેથી તે તમામ લોકોને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે..જેમા ૬ લોકોને હોમ ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે.

કોંગ્રેસના MLAને TRB જવાન સાથે 'દાદાગીરી' કરવી પડી ભારે, નોંધાઈ ફરિયાદ

મહેસાણા

રાજયમાં એક બાજુ લોકડાઉન છે ત્યારે ઠેરઠેર પોલીસ લોકોને બહાર આવતા અટકાવી રહી છે ત્યારે પોલીસ સાથે સહકાર આપવાના બદલે માથાકૂટ કરી અને ગાળો આપતા ધારાસભ્ય સામે પોલીસે લાલ આંખ કરી છે. બનાવ બહુચરાજીનો છે જ્યાં સિદ્ધપુરના કોંગ્રેસી ધારાસભ્ય ચંદનજી ઠાકારોના કાફલાને ટીઆરબી જવાને અટકાવી પાસ માંગતા બબાલ થઈ હતી. ઉશ્કેરાયેલા ચંદનજીએ ટીઆરબીજવાનને ખરી ખોટી સંભળાવી અને ગાળો પણ આપી હતી. આ મામલે રાજયના પોલીસ વડા શિવાનંદ ઝાની સૂચના બાદ મહેસાણા એસીપીએ ગુનો દાખલ કરાવ્યો છે. જોકે, સમગ્ર મામલાની બીજી બાજુમાં ચંદનજીનું કઈક જુદું જ વર્ઝન છે.

ચંદનજી ઠાકોરે જણાવ્યું હતું કે 'મારો કાફલો જઈ રહ્યો હતો ત્યારે મારી ગાડી અટકાવી હું રેશન કીટ વિતરણના કાર્યક્રમમાંથી પરત આવી રહ્યો હતો. મેં ટીઆરબીજવાનને સમજાવ્યો કે હું ધારાસભ્ય છું, મારી પાસે પરવાનગી છે છતાં તેણે ગેરવર્તણૂક કરતા મારે નીચે ઉતરવું પડ્યું હતું અને હું નજીકની પોલીસ ચોકીમાં જઈ રહ્યો હતો ત્યારે તેણે મને અપશબ્દો કહ્યા હતા.

આ મામલે ટીઆરબીજવાન જીતુ રાવલે કહ્યું કે મને ચંદનજીએ ધમકી આપી કે તારી નોકરી જતી રહેશે. સરકારમાં કહીને તને છૂટો કરાવી દઈશ અને ગાળો આપી હતી. મને જાણ નહોતી કે ધારાસભ્યની ગાડી છે છતાં મેં મારી ફરજના ભાગરૂપે તેમની ગાડી અટકાવી હતી. ધારાસભ્ય ચંદનજી ઠાકોરને આ મામલે દાદાગીરી કરવી ભારે પડી છે. તેમના સામે જાહેનામાના ભંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસની કામગીરીમાં રૂકાવટ અને લોકડાઉનનો ભંગ કરવાનો ગુનો બહુચરાજી પોલીસે દાખલ કર્યો છે.

પાટણની ૧૩૦ વર્ષ જૂની લાઈબ્રેરીમાં કોરોનાના ઉલ્લેખવાળા જૂના લેખ મળ્યા

પાટણ

આજે વિશ્વ પુસ્તક દિવસ છે, પરંતુ લોકાડાઉનને કારણે આજે તમામ પુસ્તાકાલયો સુના પડ્યા છે. પાટણની ૧૩૦ વર્ષ જૂની ફતેહસિંહ લાયબ્રેરી પણ આજે વાંચકો વિના સુની પડી રહી છે. જોકે ચોકવાનારી એક વાત એ છે કે, આ લાયબ્રેરીમાં ૨૦૦૫ અને ૨૦૧૫માં કોરોના વાયરસનો ઉલ્લેખ કરતો એક લેખ પણ જોવા મળ્યો હતો.

કોરોના વાયરસને લઈ લોકડાઉન થતા કેટલાક મહત્વના વાર તહેવાર પ્રસંગો પર ગ્રહણ લાગ્યું છે ત્યારે આજે વિશ્વ પુસ્તક દિવસ હતો, જે વાચકો વગર સુનો પડ્યો હતો, પાટણની ૧૩૦ વર્ષ જૂની ફતેહસિંહ લાયબ્રેરી વાચકો વિના સુની પડી હતી, છતાં પણ વર્ચુઅલ લાયબ્રેરીનો કન્સેપ્ત હાથ ધરાયો છે.

ભાવનગરમાં વધુ એક કેસ આવતા કુલ આંકડો ૩૪ સે પહુચ્યો, પના મોત, ૧૮ ડિસ્ચાર્જ

રાજકોટ

ભાવનગરમાં વધુ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાયો છે. હોટસ્પોટ વિસ્તાર નજીક કણબીવાડમાં રહેતા સતારભાઇ અબ્દુલભાઇ જેઠવા (ઉ.વ.૬૦)નો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આથી તેઓને આઇસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના પરિવારજનોને વહીવટી તંત્ર દ્વારા ઉભા કરાયેલા ક્વોરન્ટીન ફેસીલિટીમાં રાખવામાં આવ્યા છે. એક પોઝિટિવ કેસ વધતા ભાવનગરમાં ૩૪ કેસ થયા છે. જેમાં પના મોત, ૧૮ ડિસ્ચાર્જ, એક અન્ય વોર્ડમાં ટ્રાન્સફર અને ૧૦ આઇસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ છે. રાજકોટમાં ૩૭ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં ૨૮ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે અને ૯ના રિપોર્ટ આવવાના બાકી છે.

કોરોનાઃ ડાકોરના ગામોમાં પ્રવેશ બંધી માટે યુવાનોએ પોલીસ સાથે સાંભળી જવાબદારી

ખેડા

દેશવ્યાપી લોકડાઉનનો નાગરિકો દ્વારા ભંગની ફરિયાદો પોલિસને મળી રહી છે. તો બીજી તરફ લોકલ ટ્રાન્સમિશનને લઈ કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં મોટો વધારો નોંધાયો છે. ત્યારે ડાકોર પંથકના ગામોના અગ્રણીઓ અને શહેર પોલિસના સંકલનથી ઉભી થયેલ ગામ પ્રવેશબંધી અને ચેકપોસ્ટ પદ્ધતિ જિલ્લામાં નવી રાહ ચીંધે છે.ગામના પ્રવેશ માર્ગ પર પહેરેદારી કરતા યુવાનોગામના પ્રવેશ માર્ગ પર પહેરેદારી કરતા યુવાનોજેમાં દરેક ગામના ૨૦ થી ૩૦ યુવાનોની કોરોના કન્ટ્રોલ ટીમ બનાવાઈ છે.

જે દિવસ રાત ગામના પ્રત્યેક ચેકપોસ્ટ ઉપર સ્વૈચ્છીક નક્કી કરેલી કલાકો સુધી સેવા આપશે. બહારથી ગામમાં પ્રવેશતા અને અવર જવર કરતા દરેક નાગરિકની પૂછપરછ અને સમજાવટ કરવામાં આવે છે. અનિવાર્ય હોય તો જ ગામમાં પ્રવેશ આપવામાં આવે છે અન્યથા તેઓને સમજાવી આદર સાથે પાછા મોકલી દેવામાં આવે છે.જીલ્લામાં કોવિડ-૧૯ અટકાયતી પગલા જીલ્લા વહિવટીતંત્ર દ્વારા લેવામાં આવ્યા છે. સમગ્ર ગુજરાતમાં આગામી ૩ એપ્રિલ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આ વાઈરસ એકબીજાના સંપર્કમાં આવવાથી તથા સોશ્યલ ડિસ્ટન્સના અભાવને કારણે ઝડપથી ફેલાય છે. જેથી કામ વગર ઘરની બહાર ના નીકળવા સરકાર દ્વારા અપીલ કરવામાં આવી છે. ડાકોર પોલિસ સ્ટેશનના પીએસઆઈ આર. બી.ચાવડાને પેટ્રોલિંગ દરમિયાન તે પંથકના સરપંચો અને અગ્રણીઓએ લોકલ ટ્રાન્સમિશનથી પોતાના ગામો કોરોનાનો ભોગ ન બને તે માટે પોલિસ ચેકપોસ્ટ ઉપર અને ગામમાં વધુ પોલિસ જવાનો મુકવા રજૂઆતો કરાતી હતી. જોકે આ રજૂઆતે જીલ્લાને નવું વ્યવસ્થા મોડેલ આપ્યું છે. કોરોના સંક્રમણ રોકવા માટે ગામના સરપંચની સાથે સુરક્ષામાં પોલિસ સાથે પીપીપી મોડની થીયરી અપનાવી ગામના યુવાનોને ભાગીદાર કરવા નક્કી કર્યું છે.

વડોદરામાં કોરોનાના વધુ ૧૦ કેસો સાથે એકનું મોત થતા કુલ સંખ્યા ૨૧૭ થઈ

વડોદરા

વડોદરામાં આજે કોરોનાના ૧૦ નવા પોઝિટીવ કેસ નોંધાયા હતા. જયારે એકનું મોત થયું હતું. આ સાથે શહેરમાં કોરોનાના કુલ દર્દીઓની સંખ્યા ૨૧૭ થઈ ગઈ છે. આજે નોંધાયેલા નવા દર્દીઓ સમા, જ્યુબેલીબાગ, આજવા રોડ બહાર કોલોનીમાં નોંધાયા હતા. તે સિવાય પારુલ યુનિવર્સિટી, સ્ટાફ ક્વાર્ટર, પાદરા ચોકારી, હરણી રોડ,ફતેપુરા, કાલુપુર,નાગરવાડા, ગાજરાવાડી, રાવપુરા વિસ્તારમાં કોરોનાના દર્દીઓ નોંધાયા છે.

નોંધનીય છે કે શહેરમાં આજે એક સાથે ૪૫ કોરોના પોઝિટીવ દર્દીઓ સ્વસ્થ થઈને ઘરે પહોંચ્યા હતા. આ તમામને આજવા રોડ ખાતેની ઈબ્રાહિમ બાવની આઈટીઆઈ ખાતેના કોવિડ કેર સેન્ટરમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યા હતા.છેલ્લા બે દિવસથી આ તમામનો ટેસ્ટ દિવસમાં બે વખત નેગેટિવ આવી રહ્યો છે. આથી તમામને રજા આપવામાં આવી છે. આ દર્દીઓ નાગરવાડા વિસ્તારના હતા.

વડોદરા શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા ૧૦ કોરોના પોઝિટિવ દર્દીઓના નામ

• અબ્દુલ રશિદ અરબ (ઉ.૫૫), ગુલિસ્તા એપાર્ટમેન્ટ, બહાર કોલોની

• વાસવી મહેશભાઇ પટેલ (ઉ.૨૧), નર્સિંગ સ્ટાફ ક્વાર્ટર્સ, પારૂલ યુનિવર્સિટી

• ઠાકોરભાઇ ભીખાભાઇ ગોહિલ (ઉ.૩૫), ચોકારી ગામ, પાદરા

• ચંદ્રકાંત વિનોદદાસ (ઉ.૩૨), હરણી, સમા

•યોગીનીબેન નિલેષભાઇ ગાયકે (ઉ.૩૫), કાલુપુરા, ફતેપુરા

• હિકમસબે ૨૧ મુસ્તાકભાઇ (ઉ.૬૧), સૈયદપુરા, નાગરવાડા

• અનિલકુમાર પટેલ (ઉ.૨૯), હરણી, સમા

• રાહતબાનુ મોહમ્મદ સાબિર (ઉ.૬૫), વાડી ગામ, મોટી ઓરવાડ

• શિવ જય સિંગ (ઉ.૨૯), હરણી, સમા

• હર્ષ સુનિલ કહાર (ઉ.૧૯), ખોડિયાર માતાનો ખાંચો, રાવપુરા

કોરોના સામે સફળતાઃ રાજ્યમાં પ્રથમ વખત એક સાથે વડોદરામાં ૪૫ દર્દીઓને અપાઈ રજા

વડોદરા

કોરોના વાઈરસની મહામારી વચ્ચે વડોદરા શહેર અને ગુજરાત માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં પ્રથમવાર એક સાથે ૪૫ દર્દીઓને રજા અપાતી હોય તેવી ઘટના વડોદરામાં બની છે. હોટસ્પોટ બનેલા નાગરવાડાના સહિત વડોદરાના ૪૫ દર્દીઓને આજે એક સાથે રજા આપવામાં આવી છે. આ તમામને આજવા રોડ ખાતેની ઈબ્રાહિમ બાવની આઈટીઆઈ ખાતેના કોવિડ કેર સેન્ટરમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યા હતા.

છેલ્લા બે દિવસથી આ તમામનો ટેસ્ટ દિવસમાં બે વખત નેગેટિવ આવી રહ્યો હતો. આથી તેમને હવે રજા આપવાનું નક્કી કરાયું હતું. બરોડા મુસ્લિમ ડૉક્ટર્સ એસોસીએશન દ્વારા આ તમામનું કાઉન્સિલિંગ પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેઓ પ્લાઝમા ડોનર્સ પણ બનશે અને આગામી દિવસોમાં જો જરૂર પડશે તો તેઓ લોકોની પણ મદદ કરશે.

ઔરંગાબાદથી આવી બોટાદમાં પ્રવેશવાનો પ્રયાસ કરતાં જમાતીઓની પાલીસે કરી અટકાયત

બોટાદ

મહારાષ્ટ્રના ઔરંગાબાદથી ફૂટના ટ્રકમાં બેસીને બોટાદ જિલ્લામાં પ્રવેશ કરતા જમાતીઓને બોટાદ એસઓજી પોલીસે ઝડપી પાડ્યાં હતા. કોરોના વાઇરસને વલ્ડે હેલ્થ ઓર્ગેનાઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવ્યો છે. જે બાબતે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે કોરોના વાઇરસ ફેલાતો અટકાવવા વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલી છે. દેશમાં અને રાજયમાં ૨૨ માર્ચથી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. જે અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવતા બોટાદ જિલ્લાના સ્થાનિક રહિશો પૈકી કોઇ વ્યક્તિ બોટાદ જિલ્લા બહાર કે, ગુજરાત રાજય બહાર ગયેલા હોય જેઓ સ્થાનિક તંત્રની પૂર્વ પરવાનગી વગર અને મેડકીલ તપાસણી કરાવ્યા વગર બોટાદ જિલ્લામાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. બોટાદ જિલ્લાના પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાએ બોટાદ એસઓજી શાખાને આવા કોઇ વ્યક્તિ બોટાદ જિલ્લામાં પ્રવેશ કરે તો તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અંગેની સુચના આપેલી જે આધારે એસ.ઓ.જી શાખાના પોલીસ ઇન્સ્પેક્ટર એચ.આર.ગોસ્વામીની રાહબરી નીચે એસ.ઓ.જી પોલીસને મળેલી બાતમીના આધારે એસ.ઓ.જી સ્ટાફે બોટાદમાં રહેતા ઇમ્તિયાઝ અબ્બાસ મુળીયા ચારેક માસ પહેલા મરકઝ ખાતે જમાતમાં ગયા હતા.જે મહારાષ્ટ્રના ઔરંગાબાદથી ફૂટની ગાડીમાં બેસીને બોટાદ આવવા નીકળ્યાં હતા. તે અન્ય વ્યક્તિઓની મદદથી સ્થાનિક તંત્રને કોઇપણ પ્રકારની જાણ કર્યા વગર અને કોઇપણ પ્રકારની મેડિકલ ટેસ્ટ કરાવ્યાં વગર આવ્યા હતા. કોરોના વાઇરસ કોવીડ-૧૯ લઇને પોતાની બેદરકારી દાખવી અને સરકારના નિયમોનો અનાદર કરી બોટાદ જિલ્લામાં પ્રવેશ કર્યો હતો.જેથી તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા અંગેની એસ.ઓ.જીના સ્ટાફ દ્વારા બોટાદ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોધવામાં આવ્યો છે. હાલ ગુન્હાની તપાસ એસઓજી શાખા દ્વારા ચલાવવામાં આવી છે. જેમા ૬ આરોપી પૈકી ૪ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

લૉકડાઉનમાં કેસનો ભરાવો થતાં હાઈકોર્ટ અને નીચલી કોર્ટમાં ઉનાળું વેકેશન રદ ઉઠી માંગ

રાજકોટ

બાર કાઉન્સિલ ઑફ ગુજરાતના પૂર્વ ચેરમેન અને બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના મેમ્બર દીલિપ પટેલે સુપ્રીમ કોર્ટ ઑફ ઈન્ડિયાના ચીફ જસ્ટીસ શરદ બોબડેને કોવિડ ૧૯ના સંદર્ભે લૉકડાઉન દરમિયાન કેસનો ભરાવો થવા મામલે ઉપલી અને નીચલી કોર્ટોમાં ઉનાળું વેકેશન રદ કરવાની લેખિત રજુઆત કરી છે.

તેમના તરફથી સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને રજુઆત કરવામાં આવી છે કે, હાલના સંજોગો જોતા એક વર્ષના કામનો ભરાવો હાઈકોર્ટ તથા નીચેની અદાલતોમાં થયો છે. એક વર્ષ કાયદા અને ન્યાયતંત્રમાં કેસનો નિકાલ અટકી ગયો છે. આનાથી હજારો કેસનું ભારણ વધશે. લૉકડાઉનથી દેશનું અર્થતંત્ર ડગમગી ગયું છે કરોડરજ્જુ ભાંગી ગઈ છે. આથી પરિસ્થિતિ જોતા સમગ્ર દેશની અંદર ન્યાયતંત્રમાં એક વર્ષ સુધી પેન્ડિંગ કેસો વધી જશે. જેના પરિણામે ન્યાયતંત્ર દ્વારા મળનાર ન્યાય કદાચ એક વર્ષ પછી પણ મળે તેવી પરિસ્થિતિનું નિર્માણ થશે.

દીલિપભાઈએ રજુઆત કરી છે કે, લોકડાઉનથી કેસોનો ભરાવો થતો મહદઅંશે અટકાવવા માટે હાલમાં ભારતની તમામ હાઈકોર્ટ અને નીચલી અદાલતોમાં પડનાર સમર વેકેશન રદ અથવા મોકૂફ રાખી અને તે દિવસો દરમિયાન વધારાના કલાકો ફાળવીને કામ કરવું જોઈએ. આવું કરવામાં આવશે તો જ આ દેશની અંદર વધતા જતા કેસોનો ભરાવો દૂર થશે. લોકો ન્યાયથી વંચિત ન રહે અને લોકોને ઝડપી ન્યાય મળે તે માટે સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટ પ્રયત્ન કરી રહી હોવાથી સમગ્ર દેશની કોર્ટમાં વેકેશન રદ કરવામાં આવે.

કોરોનાની મહામારી વચ્ચે અમદાવાદ સિવિલમાંથી GISFના ૭૦ જવાનો ભાગ્યા

અમદાવાદ

અમદાવાદની સિવિલ હોસ્પિટલનું સંચાલન કરી રહેલા ડોક્ટરોએ હોસ્પિટલને બદનામ કરવા માટે કોઈ કસર છોડી નથી, સિવિલ કંપાઉન્ડમાં કોરોનાની મહામારી સમયે અફરા-તફરીના દોરમાં જીઆઈએસએફના જવાનોને માસ્ક, મોજાં સહિતના સુરક્ષાના સાધનો પૂરા ના પડાતાં ૧૦૦ જેટલા આ જવાનોમાંથી ૭૦ જેટલા જવાનો પોતાના વતન ભાગી ગયા છે. હવે માંડ ૨૫થી ૩૦ જેટલા જવાનો ફરજ બજાવી રહ્યા છે, આ જવાનોની માગ છે કે, તેમના સુરક્ષાના સાધનો પૂરા પાડવા જોઈએ, અમારો પણ પરિવાર છે, અમારી સલામતીનું શું? મોટા ભાગનો સ્ટાફ ભાગી ગયો હોવાથી હાજર સ્ટાફને ૮ને બદલે ૧૬-૧૬ કલાકની ફરજ બજાવવાનો વારો આવ્યો છે, આ સ્થિતિમાં પીવાના પાણીના ફાંફા પડી રહ્યા છે, જમવાની સગવડ પૂરી પાડવી જોઈએ તેવી પણ આ જવાનોની માગણી છે.

૧૨૦૦ બેડની કોરોના હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં ફરજ બજાવી રહેલા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સના જવાનો પરેશાન થઈ રહ્યા છે, આ જવાનો કહે છે કે, પહેલાં અમે ૮ કલાકની ડ્યૂટી બજાવતા હતા પણ મોટા ભાગનો સ્ટાફ મહામારીમાં ભાગી ગયો હોવાથી અમને ૮ને બદલે ૧૬ કલાક ફરજ બજાવવી પડે છે, એમાંય અમને સેફ્ટીના સાધનો પૂરા પડાતા નથી, પીવાનું પાણી ભરવા જઈએ તો કેટલાક બંધ હાલતમાં છે, પી.જી.માં જઈએ તો પાણી ભરવાની ના પાડે છે,

કંપાઉન્ડમાં ખોડિયાર માતાનું મંદિર છે ત્યાં કુલર હતું પણ એ રૂમને લોક મારી દીધું છે, જો આ જ સ્થિતિ રહી તો મહામારીના સમયે ૩૦ જેટલો જે સ્ટાફ ફરજ બજાવી રહ્યો છે તેને ભાગી જવામાં વાર નહિ લાગે. મહામારી સમયે વધુ બે સેનેટરી ઈન્સ્પેક્ટરો રવાના, રહ્યા બે જ સિવિલ હોસ્પિટલમાં ૧૩ જેટલા સેનેટરી ઈન્સ્પેક્ટરમાંથી ૯ તો પહેલાં જ ભાગી ગયા હતા અને હવે બાકી બે ઈન્સ્પેક્ટરો પણ મંગળવારે ભાગી ગયા હોવાનું સિવિલ હોસ્પિટલના સૂત્રો જણાવી રહ્યા છે, હવે માંડ બે ઈન્સ્પેક્ટરોથી કામ ચલાવવું પડી રહ્યું છે.

કોંગ્રેસ MLA ઈમરાન ખેડાવાલાનો કોરોનાનો બીજો રિપોર્ટ આવ્યો પોઝિટિવ

અમદાવાદ

અમદાવાદમાં કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનો કોરોનાનો બીજો રિપોર્ટ પણ આવી ગયો છે. ગત મોડી રાતે બીજો રિપોર્ટ આવ્યો છે, જે પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. અગાઉ ૧૪ એપ્રિલે પ્રથમ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારે હવે વે ૨૬ એપ્રિલના રોજ ઈમરાન ખેડાવાલાનો ત્રીજો ટેસ્ટ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ઈમરાન ખેડાવાલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા પહેલા તેઓ ગાંધીનગરમાં મુખ્યમંત્રી સાથેની બેઠકમાં ગયા હતા. જેમની સાથે કોંગ્રેસના બીજા બે ધારાસભ્યો પણ હતા, જેઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા સહિત કોંગ્રેસના ત્રણ નેતાઓનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમાં અમદાવાદના કોર્પોરેટર બદરુદ્દીન શેખ પણ સામેલ છે. તેઓ વેન્ટિલેટર પર અને ક્રિટીકલ હોવાનું સામે આવ્યું હતું. જેના બાદ તેમના જમાઈ સમીર શેખે ખુલાસો કર્યો હતો કે, યેનકેન પ્રકારે તેમની સ્થિતિને લઈને અફવાઓ ચાલી રહી છે. તેમની પરિસ્થિતિને લઈને જે પણ સમાચાર હશે તેની જાણ સૌથી પહેલા મને બદરુદ્દીન શેખની તબિયત અત્યારે સ્થિર છે. તેમના માટે દુઆ કરવા વિનંતી.

સાબરકાંઠામાં કોરોનાને લઈને જિલ્લા કચેરીએ સ્ક્રિનીંગ શરૂ કરાયું

સાબરકાંઠા

જિલ્લામાં કોરોના વાઈરસનુ સંક્રમણ ફેલાય નહીં તે માટે વહિવટી તંત્ર દ્વારા તકેદારીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં ત્રણ કેસ પોઝિટિવ આવ્યા છે. કોરોનાને લઈને દેશભરમાં લોકડાઉન છે. પરંતુ સરકારી કચેરીના કર્મચારીઓ પોતાની ફરજ બજાવી રહ્યા છે, ત્યારે આ કર્મચારીઓના આરોગ્યની દરકાર કરી હિંમતનગર કલેક્ટર કચેરી ખાતે ફરજ બજાવતા તમામ અધિકારીઓ અને કર્મચારીઓનું થર્મલ ટેમ્પરેચર દ્વારા સ્ક્રિનીંગ કરવામાં આવ્યું હતું. જેથી કોઇ કર્મચારી, અધિકારીને કોઈ શંકાસ્પદ લક્ષણ દેખાય તો તેમના આરોગ્યની વધુ તપાસ કરી શકાય અને કોરોનાના સંક્રમણને ફેલાતુ અટકાવી શકાય.સાબરકાંઠા જિલ્લા કચેરીએ સ્કીનીંગ શરૂ કરાયુંસાબરકાંઠા જિલ્લા કચેરીએ સ્કીનીંગ શરૂ કરાયુંહાલમાં સાબરકાંઠા જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા પંચાયત તેમજ જિલ્લા પોલીસવડાની કચેરી પર સ્ક્રિનીંગ શરૂ થતા જિલ્લાના તમામ અધિકારીઓનું સ્ક્રિનીંગ શરૂ થયું છે જેના પગલે અધિકારીઓમાં કોઈપણ વ્યક્તિને કોરોના પોઝિટિવ હોય તો તાત્કાલિક ધોરણે સારવાર આપવાની સાથે-સાથે સરળતાથી કોરોના વાઈરસનું સંક્રમણ અટકાવવા માટેનો પ્રયાસ હાથ ધરાયો છે. આગામી સમયમાં તમામ તાલુકા મથકોએ પણ આવી શરૂઆત થાય તે જરૂરી છે.

સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં અંબિકા માતાજી મંદિરમાં ઉભા કરાયા ક્વોરેન્ટાઈન વોર્ડ

સાંબરકાંઠા

સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં અંબિકા માતાજી મંદિરનો કોરોનાના મહાસંકટમાં સદુપયોગ થઈ રહ્યો છે. આ મંદિરના રૂમોમાં ક્વોરેન્ટાઈન વોર્ડ ઉભા કરાયા છે. જેમાં હાલ આરોગ્ય વિભાગના કર્મચારીઓ જ ક્વોરેન્ટાઈન કરાયા છે.

અંબાજી મંદિરના પાંચ રૂમમાં પાંચ તબીબોને ક્વોરેન્ટાઈન કરાયા છે. જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના તબીબો અને સ્ટાફ સહિત ૨૦ જણાને અહીં ક્વોરેન્ટાઈન કરાયા છે. ચાર જણાની એક ટીમમાં બે તબીબ, ફાર્માસિસ્ટ અને ફીમેલ હેલ્થ વર્કરનો સમાવેશ થાય છે. આ મેડિકલ ટીમ ૩ દિવસની કામગીરીમાં કોરોના વોરિયર બન્યા હતા.

આરબીએસકે ૫ ટીમો કોરોનાને લઈને અમદાવાદમાં ડેપ્યુટશન પર હિંમતનગર, ઈડર અને ખેડબ્રહ્માની ૫ ટીમોને ૧૦ દિવસ માટે મોકલવામાં આવી હતી. આ ટીમે ત્રણ દિવસમાં કોરોનાને લઈને અમદાવાદમાં પોઝિટિવ કેસોને રીફર અને પરિવારને ક્વોરેન્ટાઈન કરવાની કામગીરી કરી હતી. અમદાવાદ જેવા હોટસ્પોટ વિસ્તારમાં ફરજ બજાવી પરત આવેલ આરબીએસકે ૫ ટીમોનો ટેસ્ટ થવો જરૂરી છે. જેના બાદ તેઓને અહી ક્વોરેન્ટાઈન કરાયા હતા.

સાબરકાંઠા ખેડબ્રહ્મામાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રોહિત પટેલ લોકડાઉન દરમ્યાન દારુ પીધેલી હાલતમા ઝડપાયા છે. રોહિત પટેલ લક્ષ્મીપુરા પ્રાથમિક શાળા પાસેથી દારુ પીધેલી હાલતમા બફાટ કરતા હતા. ખેડબ્રહ્મા પોલીસે તેમને પકડી તેમના સામે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી કરી કાર્યવાહી કરી છે. રોહિત પટેલ હાલ ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ છે. રોહિત પટેલે ત્રણ મહિના પહેલા લક્ષ્મીપુરા ગામની મહિલાઓને ભેગી કરી ગામમાં દારૂ બંધ કરાવવા પોલીસ સ્ટેશનમાં હલ્લાબોલ કરાવ્યું હતું. અને હવે પોતે જ દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા છે.

સાત દિવસના ક્વોરન્ટીન બાદ ફરી ફરજ પર આવ્યા ડે. સીએમ નીતિન પટેલ

ગાંધીનગર

રાજયમાં કોરોના વાયરસના સંક્રમણે માઝા મૂકી છે. રાજયમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૦૦૦ને પાર થઈ ગઈ છે જેમાં કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનો પણ સમાવેશ થાય છે. આ મામલે આજે એક નવો ધડાકો થયો છે. ઈમરાન ખેડાવાલા જે દિવસે કોરોના સંક્રમિત થયા તે દિવસે તેઓ રાજયના મુખ્યમંત્રી અને ઉપમુખ્ય મંત્રી નીતિન પટેલ સાથેની બેઠકમાં ગાંધીનગર ગયા હતા. આ બેઠકમાં ખેડાવાલાએ માસ્ક પણ પહેર્યુ નહોતું. જોકે, આ બેઠક બાદ નીતિન પટેલ તબીબોની સલાહ મુજબ સાત દિવસથી હોમ ક્વોરન્ટીન હતા અને આજથી તેમણે કામ શરૂ કર્યુ હોવાની માહિતી ટ્વીટરમાં આપી હતી.

નીતીન પટેલે ટ્વીટર પર એક પોસ્ટ મૂકી અને તેમાં લખ્યું હતું કે ' ડૉકટરોની સલાહ પ્રમાણે ગયા અઠવાડિયાથી હું સાત દિવસ માટે નિવાસ્થાને ક્વોરન્ટાઈનમાં રહેલ. આ સમયગાળામાં જે મંત્રીઓ, ધારાસભ્યો, સંસદસભ્યો, શુભેચ્છકો અને કાર્યકર્તાઓ અને પત્રકાર મિત્રોએ શુભેચ્છા પાઠવેલ તેનો આભાર માનું છું. આજથી સરકારી કામકાજમાં પરત ફર્યો છું'

દરમિયાન આજે સાંજે કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનો રિપોર્ટ ફરી પોઝિટિવ આવ્યો છે. ઈમરાન ખેડાવાલા કર્ફ્યૂ પહેલાં સેવાના કામમાં બહાર હતા ત્યારે તેમને કોઈ કારણોસર સંક્રમણ થયું હતું. હવે તેઓ અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે, જ્યાં તેમનો બીજો રિપોર્ટ પર પોઝિટિવ આવ્યો છે.

ઈમરાન ખેડાવાલા કોરોના સંક્રમિત આવતા મુખ્યમંત્રી રૂપાણી પણ એક પ્રકારે કોઈને મળતા નહોતા.તેઓ પોતાના નિવાસસ્થાનેથી કામ કરી રહ્યા હતા અને નિવાસસ્થાને કોઈ પણ સાત દિવસ સુધી કોઈને પ્રવેશ ન આપવાની સૂચના આપવામાં આવી હતી.

લોકડાઉન ૨.૦માં ધીરે ધીરે રાહતના સમાચાર, મ્યુનિ. કમિશનરે જણાવ્યું

અમદાવાદના ૭ ક્લસ્ટર ક્વોરન્ટીન વિસ્તારો ખોલવામાં આવતા લોકો બહાર નીકળી શકશે

ગાંધીનગર

સરકારી હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને મળતા અયોગ્ય ભોજન અને સારવારના વીડિયો વાયરલ થઈ રહ્યા છે. ત્યારે અમદાવાદ મહાનગરપાલિકાના કમિશનર વિજય નહેરાએ આ પ્રકારની નકારાત્મકતા ન ફેલાવવા દર્દીઓ તેમજ અન્ય નાગરિકોને અપીલ કરી છે. આજે રાજ્યમાં કોરોનાના ૧૫૨ કેસો નવા આવ્યા છે. જેમાં ૯૦ કેસો અમદાવાદના છે. વિજય નહેરાએ જણાવ્યું કે કોરોનાના તમામ દર્દીઓને યોગ્ય સારવાર તેમજ ભોજન સમયસર આપવામાં આવી રહ્યું છે. તેમ છતાં સામ મામૂલી વાત કે ખામીને ઉજાગર કરીને આ પ્રકારના વીડિયો બનાવવા યોગ્ય નથી. આ માહોલ નકારાત્મકતા ફેલાવવાનો નથી તેમ કમિશનર નહેરાએ જણાવ્યું. અત્યારે દરેક નાગરિકોએ કોરોના સામેની લડાઈમાં સરકારને સાથ અને સહકાર આપવો જોઈએ. વિજય નહેરાએ કહ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં ૨૯ લોકોનો ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અમદાવાદમાં ૭ ક્લસ્ટર ક્વોરન્ટીન વિસ્તારોને ખોલવામાં આવ્યા છે. જેના કારણે ૨ હજાર ઘરોમાં રહેતા ૧૦ હજાર લોકોને રાહત મળી છે. આ વિસ્તારોના નાગરિકો હવે બહાર નીકળી શકશે

લોકડાઉન ૨.૦માં અમદાવાદના ગ્રામ્ય વિસ્તારોમાં ઉદ્યોગો ફરી ધમધમતા થયા

અમદાવાદ

જિલ્લામાં લોકડાઉન બાદ ગ્રામ્ય વિસ્તારમાં વહીવટીતંત્રએ આપેલી છુટછાટોને પગલે ઉદ્યોગો ફરી ધમધમતા થયા છે. ૨૦ એપ્રિલ બાદ લોકડાઉનમાં અપાયેલી રાહત બાદ ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૧૩થી વધુ ઔદ્યોગિક એકમો કાર્યરત થયા છે, જેમાં ૪૮ જેટલા ઔદ્યોગિક એકમો આવશ્યક ચીજવસ્તુઓ સંબંધિત છે, જ્યારે ૬૫ જેટલા ઔદ્યોગિક એકમો અન્ય ચીજવસ્તુઓ અને સેવાઓને લગતા છે.જો વિસ્તારની દ્રષ્ટીએ જોઈએ તો સાણંદ તાલુકામાં ૫૮, ધોળકામાં ૧૮, કેરાલામાં ૧૭ અને માંડલ તાલુકામાં ૭ ઔદ્યોગિક એકમો પુનઃ શરુ થયા છે. આ માટે વહીવટીતંત્રએ જરુરી પાસની વિતરણ વ્યવસ્થા પણ શરુ કરી છે. જિલ્લા વહીવટીતંત્રએ આ માટે કુલ ૭,૯૬૩ મુવમેન્ટ પાસ ઈસ્યૂ કર્યા છે, જેમાંથી ૩૩૫ જેટલા પાસ બાંધકામ ઉદ્યોગના સંદર્ભમાં અપાયા છે. અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અન્ય કામગીરી માટે પણ પાસ-વિતરણ વ્યવસ્થા જારી છે. જે અંતર્ગત ગુરૂવારે ૨,૧૪૧ પાસ ઈસ્યૂ કર્યા હતા. આમ, અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રએ ઓનલાઈન પાસ સિસ્ટમ શરુ કરી ત્યારથી આજ દિન સુધીમાં કુલ ૫૭,૭૫૦ પાસ ઈસ્યૂ કર્યા છે.

સુરેન્દ્રનગરમાં પાણી પુરવઠા પ્રધાનની અધ્યક્ષતામાં કોરોનાની સ્થિતિને લઈ કરાઈ સમીક્ષા બેઠક

સુરેન્દ્રનગર

કોરોનાની મહામારીમાં રાજ્યના પાણી પુરવઠા પ્રધાન કુંવરજીભાઈ બાવળીયાએ સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં તેમણે કોઈપણ વ્યક્તિ રાશનના અભાવે ભૂખ્યો ન રહે તે માટે રાજ્ય સરકાર કટીબધ્ધ છે તેમ જણાવ્યું હતું.રાજ્યના પાણી પુરવઠા પ્રધાન કુંવરજીભાઈ બાવળીયાએ સુરેન્દ્રનગર જિલ્લાની મુલાકાત લઈ સમગ્ર રાજ્યમાં કોરોના વાઈરસની મહામારી અન્વયે ઉભી થયેલી લોકડાઉનની પરિસ્થિતિની સામે સુરેન્દ્રનગર જિલ્લામાં કોરોના વાઈરસ સંદર્ભે જિલ્લા પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ કાર્યોની સમિક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, અત્યારે આપણે સહુ કોરોના વાઈરસના નિર્ણાયક તબક્કામાંથી પસાર થઈ રહ્યાં છીએ, ત્યારે દરેક બાબતમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે ખુબ જ જરૂરી છે.


હાલ કોરોના વાઈરસ બાબતે જિલ્લાની સ્થિતિ પ્રમાણમાં ખૂબ સારી છે. આવી જ પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે શહેરી વિસ્તારની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ અન્ય જિલ્લામાંથી લોકો પ્રવેશ ન મેળવે તે બાબતની જાગૃતતા આવી છે અને આ બાબતે ગામના લોકો દ્વારા જ ગામની સરહદો સીલ કરી બહારથી આવતા લોકોને પ્રવેશવા ન દઈને ગામમાં રહેતા લોકોની વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.આમ છતાં અન્ય જિલ્લામાંથી કે, બહારથી જો કોઈ વ્યક્તિ આવે તો તેની જાણ સત્વરે સબંધિત વિભાગને થાય અને તેનો તુરત જ ટેસ્ટ કરવામાં આવે તે પણ અત્યંત જરૂરી છે. કુંવરજીભાઈ બાવળીયા વધુમાં કોઈપણ વ્યક્તિ રાશનના અભાવે ભૂખ્યો ન રહે તે માટે રાજ્ય સરકાર કટીબધ્ધ છે, અને આ માટે પ્રત્યેક જિલ્લામાં પુરતા પ્રમાણમાં રાશનનો જથ્થો પણ ઉપલબ્ધ છે.

૧૪ દિવસ માટે બેંક બંધ કરવાનો આદેશ

છોટાઉદેપુરમાં એચડીએફસી બેંકનો સંપૂર્ણ સ્ટાફ કરાયો ક્વોરન્ટીન

છોટાઉદેપુર

શહેરમાં સ્ટેશન રોડ પર આવેલી એચડીએફસી બેંક ૧૪ દિવસ માટે બંધ કરવા માટે વહીવટી તંત્રએ આદેશ કર્યો છે. આ બેંકમાં કોરોના પોઝિટિવ બે વ્યક્તિ અવારનવાર રૂપિયા ભરવા આવતા હતા જેને લઈને તંત્રએ બેંકને ક્વોરન્ટીન કરવાનો આદેશ આપ્યો છે.



ઉલ્લેખનીય છે કે, કોરોનાના પોઝિટિવ દર્દીની વારંવાર આવનજાવનથી બેંકનો સ્ટાફ તેના સંપર્કમાં આવ્યો હતો. તેથી તમામ સ્ટાફને ૧૪ દિવસ માટે ક્વોરન્ટીન કરવો પડ્યો છે. આ ઉપરાંત જિલ્લા આરોગ્ય અધિકારીએ તમામના સેમ્પલ લઈ આગળની કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.

એસીનો ઉપયોગ કરવો જ હોય તો બારી પણ ખુલ્લી રાખવી જોઈએ: જયંતિ રવિ

ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના પોઝિટિવ કેસમાં ભારે વધારો થયો છે. આ સંજોગોમાં લોકો કોરોનાથી બચવા તમામ જરૂરી પગલાઓ લઈ રહ્યા છે અને લોકડાઉનના નિયમોનું પાલન કરી રહ્યા છે. રાજ્યમાં ૩૨,૩૧૭ નાગરીકો ક્વોરન્ટાઈન હેઠળ છે અને ૨૧૨૫ જેટલા દર્દીઓ કોવિડ-૧૯ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે ત્યારે બંધ રૂમમાં એર કુલર કે કન્ડીશનર ચાલુ રાખવાથી કોરોના વાઈરસનો વાઈરલ લોડ વધવાની શક્યાતાઓ સંદર્ભે પુછાયેલા સવાલના જવાબમાં ડો. જંયતિ રવિએ કહ્યુ કે, સુચના આપી છે. બંધ રૂમ અથવા પેક આવાસમાં AC ચાલુ હોય ત્યારે વેન્ટિલેશન માટે એકાદ બારી ખુલ્લી રાખવી જરૂરી છે. જેથી ફ્રેશ હવા મળતી રહે. સારવાર હેઠળના પોઝિટીવ દર્દીઓ અને તેમના સંપર્ક- સંસર્ગમા રહેલા નાગરીકો પંખાનો ઉપયોગ વધારે તેવી આરોગ્ય વિભાગની ભલામણ છે. ગુજરાતમાં ઉનાળાની શરૂઆત થઈ જતા ગરમીના કારણે લોકો એર કન્ડિશન ચાલુ કરવા ઈચ્છે છે પણ એના કારણે કોરોના થવાના ચાન્સ વધે કે કેમ એ વિશે સ્પષ્ટ માહિતી ન હોવાથી અવઢવમાં છે. આ સંજોગોમાં રાજ્યના આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ પ્રેસ કોન્ફરન્સમાં જાહેરમાં સત્તાવાર સલાહ આપી છે. જોકે તેમણે ઉમેર્યું છે કે જો એસીનો ઉપયોગ કરવો જ હોય તો બારી પણ ખુલ્લી રાખવી જોઈએ.

બીજી બાજુ એઈમ્સના ડાયરેક્ટરે સેન્ટ્રલ એસીથી કોરોનાનું જોખમ કેટલું વધે તેને લઈને એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. આજે એઈમ્સના ડાયરેક્ટે જણાવ્યું હતું કે, સેન્ટ્રલ એસીથી કોરોના સંક્રમણનું પ્રમાણ વધી શકે છે. એસીના કારમે કોરોના વાયરસ ફેલાવવાનું જોખમ પણ ખુબ જ મોટા પ્રમાણમાં રહેલું છે.

રૂપાણી સરકારે કોટામાં ફસાયેલા ૪૦૦ વિદ્યાર્થીઓ માટે દોડાવી ૨૦ એસટી બસો

અમદાવાદ

સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવાનું હોય એક બસમાં માત્ર ૧૫ વિદ્યાર્થીને જ બેસાડવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. જો કે ઘણા વિદ્યાર્થીઓએ કોટામાં જ રોકાઈ જવાનું મુનાસિબ માન્યું હતું. કેમકે લોકડાઉન ખૂલે ત્યારપછી તેમણે તૈયારી તો કરવાની જ છે. પરીક્ષા આજે નહીં તો કાલે આપવાની છે. તેના કારણે ઘરે જઈએ તો અભ્યાસ યોગ્ય રીતે થઈ શકે નહીં તેવી પણ ઘણા વિદ્યાર્થીઓની માનસિકતા છે. કોટાથી રવાના થતા પહેલા એસટીની બસોને સેનિટાઈઝ કરાઈ હતી. દરેક વિદ્યાર્થીનું થર્મલ સ્કીનીંગ પણ કરાયું હતું. પરંતુ જે વિદ્યાર્થીઓને પરત આવવું હતું અને જેમના વાલીઓને સંતાનોની ચિંતા હતી તેવા ૪૦૦ જેટલાં વિદ્યાર્થી હોવાનું જાણવા મળે છે. આ તમામ વિદ્યાર્થીઓ માટે સરકારે ખાસ એસટીની બસ મોકલી છે. આ બસમાં બેસીને તમામ વિદ્યાર્થીઓ આજે ગુજરાતમાં આવી પહોંચશે.

રાજ્યના પાટણમાંથી સાજા થયેલા ૨ દર્દી ફરી કોરોના સંક્રમિત થતા તંત્રમાં ફફડાટ

પાટણ

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના પોઝિટિવ કેસમાં ભારે વધારો થયો છે. આ સંજોગોમાં લોકો કોરોનાથી બચવા તમામ જરૂરી પગલાઓ લઈ રહ્યા છે અને લોકડાઉનના નિયમોનું પાલન કરી રહ્યા છે. બીજી બાજુ રાજ્યમાંથી કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, તેની સામે સાજા થઈને ઘરે જનાર લોકોની સંખ્યા પણ નોંધપાત્ર રીતે વધી રહી છે. પરંતુ પાટણથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે.

પાટણમાંથી ગુજરાતનો પ્રથમ કેસ સામે આવ્યો છે, જેમાં સ્વસ્થ થયેલા બે દર્દીઓ ફરીથી કોરોના પોઝિટીવ આવ્યા છે. આ ઘટનાથી લોકોમાં ગભરાટ ફેલાયો છે. જે લોકોના મનમાં એવું હતું કે, એકવાર કોરોના વાયરસ સામે જંગ જીત્યા બાદ ફરીથી વાયરસ ઉથલો મારતો નથી. આ વાત આ કેસમાં ખોટી સાબિત થઈ છે. પાટણમાં સ્વસ્થ થયેલા બે દર્દીઓ ફરીથી કોરોના પોઝિટિવ આવતા મોટા કહી શકાય તેવા એક અહેવાલ સપાટી પર આવ્યા છે, પાટણમાં બે દર્દીઓ કોરોના પોઝિટીવ આવ્યા બાદ તેમને સિધ્ધપુર ખાતેના ફેસેરિટી કોરોન્ટાઈમાં રખાયા હતા, ત્યારબાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જ્યાં તેમની સારવાર કર્યા બાદ ફરીથી તેમનો રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. હાલ આ બન્ને દર્દીઓની તબિયત નાજુક જણાતા તેમનો રિપોર્ટ કરાયો હતો.જ્યાં બન્ને દર્દીઓનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. તમને જણાવીએ કે, પાટણના નેદ્રા ગામના ૩ દર્દીઓને કોરોના નેગેટિવ આવ્યા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. બંને દર્દી હાલ ધારપુર હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરાયા છે. વિશ્વ કોરોના મહામારી મામલે ગુજરાતમાંથી આ સમાચાર લોકોને ઝાટકો આપવનાર છે.

સ્ટડીફ્રોમ હોમમાં ડિજીટલ મટીરીયલથી ભણાતા બાળકો

સોશિયલ મીડિયા કપરા સમયે કારગત

આહવા

ડાંગ જિલ્લામાં કોરોના વાઇરસની મહામારીને પગલે લોકડાઉનના સમયે સેલ્ફ ડિસ્ટન્સ રાખવુ અનિવાર્ય બની ગયું છે. આવા સમયે શાળાઓમાં શૈક્ષણિક કામગીરી થઈ શકતી નથી. આવા સમયે શિક્ષણ વિભાગ દ્વારા બાળકોનું શિક્ષણ સાતત્ય જળવાઇ રહે તે હેતુથી જીસીઇઆરટી ગાંધીનગર દ્વારા ?પરિવારનો માળો સલામત અને હુંફાળો' અને Study From Home' Weekly સાહિત્ય દ્વારા ધોરણ- ૩ થી ૮ ના બાળકોને શિક્ષકશ્રીઓ દ્વારા વાલીના વોટ્સએપ પર સાહિત્ય મોકલીને બાળકોને શૈક્ષણિક કાર્ય કરાવવાનું ઉમદા કાર્ય કરવામાં આવે છે. હાલની પરિસ્થિતિ જોતા ઘર એ શાળામાં પરિવર્તિત થઈ છે. જેમાં વાલીગણ પણ ખૂબ ઉત્સાહથી બાળકોને આ પ્રવૃત્તિ કરવા સતત પ્રેરણા અને માર્ગદર્શન પુરૂ પાડે છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી એમ. સી. ભુસારા ના માર્ગદર્શન હેઠળ આ ડીજીટલ શિક્ષણ આપવાનું શરૂ કરાયું છે. જેમાં આહવા તાલુકાના કુલ ૧૫,૭૪૯ બાળકોને આવરી લેવામાં આવ્યા છે. બીઆરસી કન્વકસિંહ જાદવે જણાવ્યુંહતુંકેતમામસીઆરસી, બીઆરસી દ્વારા યોગ્ય આયોજન કરી એસએમસી સભ્યશ્રીઓ, શિક્ષકો, બાળમિત્રો,તાલુકાના તમામ સરપંચશ્રીઓ, સભ્યશ્રીઓ વિગેરેના સાથ સહકારથી આ કાર્યમાં સફળતા મળી રહી છે.તેમણે કોરોનાની આફતને અવસરમાં બદલવા માટે સૌ પરિવારને અનુરોધ કર્યો હતો. આહવા તાલુકા શિક્ષક સોસાયટી,સીઆરસી,બીઆરસી દ્વારા જરૂરિયાતમંદ ૧૩૯૮ લોકોને અનાજની કિટ આપવામાં આવી હતી.

નવસારી ત્રીજા રાઉન્ડમાં ૮,૬૭,૫૧૮ ઘરોનો સર્વે કરાયો

નવસારી જિલ્લામાં ત્રણ પોઝીટીવ કેસ નોંધાયા છે

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે તા.૧૪/૦૪/૨૦ થી તા.૨૧/૦૪/૨૦ સુધી નવસારી જિલ્લામાં ૨૪૪ શંકાસ્પદ નમુના લેવામાં આવ્યા છે જેમાંથી ૨૧૩ નમુના નેગેટીવ આવ્યા છે. ૩૧ રિપોર્ટ આવવાના બાકી છે. જિલ્લામાં તા.૨૨/૦૪/૨૦૨૦ ના રોજ ૯૬ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી-૨૩, જલાલપોર-૨૯, ગણદેવી-૨૭, ચીખલી-૦૫, ખેરગામ-૦૫, વાંસદા-૦૭ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ-૬૩૯ સેમ્પલ પૈકી ૫૦૯ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૧૨૭ સેમ્પલના રીઝલ્ટ બાકી છે.

જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ત્રીજા રાઉન્ડમાં ૮,૬૭,૫૧૮ ઘરોનો સર્વે થયો છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ-૦૩ પોઝીટીવ કેસ નોંધ્યાયાના અહેવાલ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ ઘ્વારા જણાવાયું છે.

રાજ્યમાં કોરોના કેસો જોતાં લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહયું છે જેને ધ્યાને લઈને જિલ્લામાં સઘન સર્વેલન્સની કામગીરી થઈ રહેલ છે.જિલ્લાના લોકો પણ સરકારશ્રીની હેલ્પ લાઈન નંબર ૧૦૪ ઉપર સંપર્ક કરી માર્ગદર્શન અને માહિતી મેળવી રહયાં છે.

રાજ્યમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન તથા ટેલીમેડીસીન સુવિધા શરૂ કરાઈ છે.આ હેલ્પલાઈન દ્વારા આઈસોલેશન અથવા હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવેલ લોકોને ૨૪બ૦૭ કલાક માટે એમ.બી.બી.એસ.એમ.ડી. ફિઝિશીયન, ક્લીનીક સાઈકોલોજીસ્ટ અને સાઈકીયાટ્રીસ્ટ નિષ્ણાત તબીબો દ્વારા ટેલી મેડીસીન અને ટેલી કાઉન્સલીગ સહિત ટેલી એડવાઈઝ મળી રહે છે. કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા પણ ટેલી મેડીસીન સુવિધા ઉભી કરાઈ છે. સવારે ૦૯ કલાકથી ૧૦ કલાકની વચ્ચે ૦૭૯-૨૨૬૮૦૨૦૮ ઉપર સંપર્ક સાધી શકાશે

નવસારીમાં ૬૦ વર્ષથી વધુ વયના નાગરિકોને ઘરે ઘરે આરોગ્ય તપાસ

નવસારી

જીવનના કંઈક દસકા વટાવી ચુકેલા વરિષ્ઠ નાગરિકો સ્વસ્થ અને નિરોગી રહે તે માટે નવસારી જિલ્લામાં ઝુંબેશરૂપે કામગીરી કરવામાં આવી રહી છે. કોરોના વાયરસના સંક્રમણની સૌથી વધુ શકયતાઓ અને જોખમ વરિષ્ઠ નાગરિકોને છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા હેલ્થ ઑફિસર્સ દ્વારા ૬૦ વર્ષથી વધુ વયના નાગરિકોની રૂબરૂ મુલાકાત દ્વારા તેમની આરોગ્ય તપાસણી કરી જરૂરી દવાઓ ઘેર બેઠા પૂરી પાડવામાં આવી રહી છે.

કોરોના વાયરસના સંક્રમણની શક્યતાઓ ટાળી શકાય અને ચેપના લક્ષણો સમયસર ઓળખી શકાય તે માટે હાઉસ ટુ હાઉસ સરવેની કામગીરી કરવામાં આવી રહી છે. આ તમામ કામગીરી વચ્ચે આરોગ્ય વિભાગ દ્વારા સિનિયર સિટીઝનના આરોગ્યની વિશેષ દરકાર લેવામાં આવી. કોરોના વાયરસ સંક્રમણની શક્યતાઓની પરિસ્થિતિને ધ્યાને લઈ નવસારી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના ૬૦ વર્ષથી વધુ વયના નાગરીકોની હેલ્થ ઑફિસર્સ દ્વારા જાત તપાસ હાથ ધરવામાં આવી.

ઍપેડેમિક ઓફીસર ડૉ.મેહુલ ડેલીવાલાએ જણાવ્યું હતું કે, જિલ્લાના વરિષ્ઠ નાગરીકોના સ્વાસ્થ્યની ચિંતા કરી આરોગ્યકર્મીઓ સતત તેમને આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવા કર્તવ્યબદ્ધ છે. કોરોના વાયરસ સંક્રમણનું જોખમ ઘટાડી શકાય તે માટે આરોગ્ય વિભાગના કર્મચારીઓ સિનિયર સિટીઝનની રૂબરૂ તપાસ કરી યોગ્ય સારવાર દ્વારા તેઓ નિરોગી રહે તે કોરોના વોરીયર્સ તરીકે તેમના આરોગ્યનું રક્ષણ કરી રહયાં છે.

નવસારી જિલ્લામાં અત્યાર સુધીમાં આ સર્વેલન્સમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૬,૪૧૪ સિનિયર સિટીઝનનો સરવે કરવામાં આવ્યો.હેલ્થ ઑફિસર્સ દ્વારા શરદી, ખાંસી અને તાવ જેવા લક્ષણોવાળા ૫૫૪ વ્યક્તિઓની તપાસ કરવામાં આવી.

માણેકપોર ખાતે રહેતા સિનિયર સિટીઝન કાશીબેન હિરાભાઈ કહે છે કે, એક બાજુ આ કોરોના વાયરસ ફેલાઈ રહયો છે અને બિમાર હોય તેવા ઉંમરલાયક લોકોને તેનું જોખમ પણ વધારે છે. પણ સરકારી દવાખાનાના આરોગ્ય કર્મચારી મારા ઘરે આવી મારી તપાસ કરી ગયા. દવા પણ આપી છે એટલે હવે મને દવા લેવા બહાર જવાની પણ જરૂર નથી. ઘરે બેઠા જ સારવાર મળી છે તેના માટે હું સરકારનો આભાર માનું છું. હવે હું ઘરે જ રહીશ – સુરક્ષિત રહીશ.

વરિષ્ઠ નાગરીકોની આરોગ્ય સેવા માત્ર તપાસણી પૂરતી સિમિત ન રહેતાં આરોગ્યકર્મીઓ દ્વારા તેમને ઘેર બેઠા દવા પણ પૂરી પાડવામાં આવી. આરોગ્ય તપાસ સમયે જણાયેલી તકલીફની દવા ઉપરાંત ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર ધરાવતા વરિષ્ઠ નાગરીકોને એકથી દોઢ માસ સુધી ચાલે તેટલી દવા આરોગ્ય વિભાગ દ્વારા રૂબરૂ પહોંચાડવામાં આવી.

ખાસ કરીને નાના બાળકો, ક્ષયરોગના દર્દીઓ અને ૬૦ વર્ષથી વધુ વયના નાગરીકોને કોરોના વાયરસના સંક્રમણની શક્યતાઓ વધુ હોય છે.

વરિષ્ઠ નાગરીકોમાં બ્લડ પ્રેશરને લગતી બિમારીઓ, ડાયબિટીસ કે કેન્સર નૉન કૉમ્યુનિકેબલ ડિસીઝની શક્યતાઓ વધુ હોવાના કારણે તેમને સંક્રમણનું જોખમ પ્રમાણમાં વધુ હોય છે. ત્યારે આરોગ્ય વિભાગના કર્મચારીઓ કોરોના યોદ્ધા બની તેમને આરોગ્યલક્ષી રક્ષણ પુરૂ પાડી પ્રશંસનીય કામગીરી કરી રહયાં છે.

ખેત જણસોના પરિવહન માટે

કૃષિ વિભાગ દ્વારા કિસાન રથ મોબાઈલ એપ લોન્ચ કરાઈ

મોબાઈલ એપ ખેડુતો માટે ઉપયોગી છે

નવસારી

સમગ્ર દેશ અને રાજયમાં નોવેલ કોરોના વાઈરસ-૧૯ના કારણે લોકડાઉનની પરિસ્થિતિમાં કૃષિ પેદાશોના પરિવહન માટે આંતર રાજય અને રાજયમાં લાંબા અંતર માટે મુશ્કેલી પડી રહી છે. આ સમસ્યાના નિવારણ માટે ભારત સરકાર દ્વારા કિસાન રથ મોબાઈલ એપ તૈયાર કરી તમામ નાગરિકો માટે ખુલ્લી મૂકવામાં આવી છે.

આ મોબાઈલ એપ થકી ખેતી કરતાં, ખેડૂતો, વેપારીઓ અને ટ્રાન્સપોર્ટર (એગ્રીગેટર) માટે પરિવહન માટેની માહિતીના આદાન પ્રદાનનું માધ્યમ છે. આ મોબાઈલ એપથી ખેડૂતો, વેપારીઓ અને ટ્રાન્સપોર્ટર (કંપની તરીકે અને વ્યક્તિ તરીકે) રજીસ્ટર થઈ શકે છે. આ મોબાઈલ એપમાં જે ખેડૂતો કસ્ટમ હાઈરિંગ સેન્ટર (સી.એચ.સી)માં રજીસ્ટર થયેલ છે તેવા ખેડૂતોએ રજીસ્ટ્રેશન વખતે ફરગેટ પાસવર્ડમાં ફક્ત તેઓના મોબાઈલ નંબર નાખતા સીધા રજીસ્ટ્રેશન થઈ શકશે. અર્થાત આવા સી.એચ.સી માલિકોએ કિસાન રથ એપમાં સંપૂર્ણ રજીસ્ટ્રેશનની જરૂરત રહેતી નથી. આ એપમાં ફક્ત કૃષિ ઉત્પાદન કરતાં ખેડૂતો, કૃષિ પેદાશનું સંચાલન કરતાં વેપારીઓ અને પરિવહન સાધનોની સેવા પૂરી પાડતા ટ્રાન્સપોર્ટર કંપની તેમજ વ્યક્તિઓ વચ્ચે તેઓ પરિવહન કરવા/કરાવવા માંગતા કૃષિ પેદાશો, શાકભાજી, ફળો અને ફુલ માટે એક બીજા સાથે સીધા ઓનલાઈન માહિતીની આપ-લે ની અનુકુળતા મળી રહેશે.

જલાલપોરના માણેકપોર ખાતે સેનેટાઈઝ દવાનો છંટકાવ કરાયો

નવસારી

સમગ્ર વિશ્વ કોરોના નામની મહામારી સામે લડી રહયું છે. જે અન્વયે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાંઆવ્યુ છે, ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ ના ફેલાય તે માટે તકેદારી રાખવામાં આવે છે. જેના ભાગરૂપે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના માણેકપોર ખાતે ગામના તમામ જાહેર રસ્તાઓ અને ગલીઓમાં સેનેટરાઈઝનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

માણેકપોર/ટંકોલી જુથ ગ્રામપંચાયતના સરપંચશ્રી રીટાબેન નાયકાએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસ સામે સમગ્ર વિશ્વ ઝઝુમી રહયું છે. કોરોના વાયરસના સંક્રમણના કારણે દેશભરમાં બીજા તબક્કામાં તા.૩ મે સુધી લોકડાઉન અમલમાં મુકાયું છે. કોરોના વાયરસ ન ફેલાય તે માટે અમારા ગામમાં ૧૫ દિવસે સેનેટરાઈઝ દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા દરરોજ ગ્રામજનોની આરોગ્ય તપાસણી કરવામાં આવે છે. તપાસણીમાં તેઓ પોતે આરોગ્યની ટીમ સાથે રહે છે અને ઘરે ઘરે જઈને કહે છે કે કોઈ બહારગામથી આવ્યું છે, વારંવાર હાથ ધોવા, તાવ શરદી ઉધરસ છે કે નહિ તે અંગે પણ પુછપરછ કરે છે અને જરૂરિયાતમંદોને રાશનકીટ તથા જરૂરી મદદ કરવામાં આવે છે.

સોશીયલ મીડિયાનો ખોટો ઉપયોગ કરી ધાર્મિક લાગણી દુભાવનાર વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ દાખલ

ભરુચ

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજય ગાંધીનગર તથા પોલીસ મહાનિરીક્ષક વડોદરા રેન્જની સૂચનાથી ભરુચ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ કોરોના વાયરસની બિમારી ભારત દેશમાં ફેલાય નહી તે હેતુથી લોકડાઉન પીરીયડમાં જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તેવા પ્રયત્નો સતત કરી રહી છે ત્યારે કેટલાક લોકો દ્વારા સોશિયલ મીડિયાનો દુરૂપયોગ કરી ધાર્મિક લાગણી દુભાય, ખોટુ વૈમનસ્ય ફએલાય તેવા મેસેજો ચેનલ પ્રસાર માધ્યમોના ફેસબુક પેજ પર મુકી શાંતિ ડહોળવાનો પ્રયત્ન કરી રહ્યા છે જ્યારે કેટલાક જાગૃત નાગરિકો દ્વારા જાહેર સુલેહ શાંતિનું સુમેળભર્યું વાતાવરણ બની રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આવા જ એક જાગૃત નાગરિકે સુમેળભર્યુ વાતાવરણ જાળવી રાખવા પોલીસ ફરિયાદ નોંધાવી છે.

સોશીયલ મીડિયા પ્રસાર માધ્યમની પ્રસારણ કરતી એક ચેનલના ફેસબુક પર મહિલા દ્વારા એક સ્ક્રીન પોસ્ટ જાહેરમાં મુકી ધાર્મિક લાગણી દુભાવી ભરુચ જિલ્લાની શાંતિ ડહોળવાનો પ્રયાસ થયો હતો. જેથી જાગૃત નાગરીકની ફરિયાદના આધારે ફેસબુક પેજ ધારક મહિલા વિરુદ્ધ ભારતીય ફોજદારી ધારા હેઠળની કલમ મુજબ ગુનો નોંધી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. જે કોઈ ઈસમ સોશીયલ મીડિયા ફેસબુક, ઈસ્ટાગ્રામ, વોટ્સએપ, ટ્વીટર દ્વારા ધાર્મિક લાગણી દુભાય અને જાહેર સુલેહ શાંતિ ડહોળાય તેવી પોસ્ટ મુકી વાતાવરણ ડહોળવાના પ્રયત્નો કરશે તો તેવી પોસ્ટ કરનાર અને તે પોસ્ટ શેર કરનાર ઈસમો વિરુદ્ધ ભારતીય ફોજદારી ધારા, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, એપેડેમીક ડીસીઝ એક્ટ, અન્વયે કાયદેસરની કાર્યવાહી ભરુચ જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવશે. તેમજ ચેનલ પ્રસાર માધ્યમોને પણ પોતાના ફેસબુક પેજ પર ખોટી પોસ્ટ કરનાર ફેસબુક ફેન્ડ્સ ફોલોઅર્સ પર ધ્યાન રાખી ખોટી શાંતિ ડહોળાઈ નહી તેવી પોસ્ટ ન મુકવા અપીલ છે.

સુરત શહેરમાં અમરોલીમાં ૧૪મો નવો કલસ્ટરઝોન જાહેર કરાયો

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઇ કાલે તા.૨૨મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, સુરતમાં અમરોલીને ૧૪મા નવા ક્લસ્ટર તરીકે જાહેર કરાયું છે. અમરોલીમાં નવા કેસો મળવાના કારણે ટેસ્ટીગ વધારવામાં આવ્યું છે. કુલ ૮૧૭૬ કોમ્યુનિટી સેમ્પલ લેવામાં આવ્યા હતા, અને કુલ ૯૧૧૮ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૩૯૯ પોઝિટીવ કેસો નોંધાયા છે. અમરોલી સહિત કુલ ૧૪ જેટલા ક્લસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં એક્ટિવ અને પેસિવ સર્વેલન્સ દ્વારા સઘન ચકાસણી પ્રક્રિયા કરવામાં આવી રહી છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, કોરોનાની વિકટ પરિસ્થિતિના કારણે આરોગ્ય કટોકટીને પહોંચી વળવા માટે શહેરના ખાનગી ડોક્ટરોને 'કોવિડ કમાન્ડો' રૂપે આરોગ્ય વિભાગને સહયોગી બનવા અપીલ કરાઈ છે. આ પહેલ અંતર્ગત શહેરના મેયર ડો. જગદીશભાઈ પટેલ કે જે પોતે એક તબીબ પણ છે, તેમણે 'કોવિડ કમાન્ડો'ની પહેલમાં જોડાઈને અન્ય ખાનગી તબીબો માટે પ્રેરક ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. તેઓ સ્મીમેર હોસ્પિટલમાં તબીબી સેવા આપશે અને સ્મીમેરના વ્યવસ્થાપનમાં સહાયરૂપ બનશે એમ જણાવી તેમણે મેયરશ્રીને અભિનંદન આપ્યા હતા.

શહેરમાં આજે ધાર્મિક સ્થળો, એ.પી.એમ.સી. બેંકો, સરકારી કચેરીઓ સહિત મેડિકલ સેન્ટરો, ડેરીઓ અને આવશ્યક વસ્તુઓની દુકાનો જેવા મહત્વના સ્થળો સહિત કુલ ૪૩૨૦ સ્થળોએ ડિસઈન્ફેક્શનની કામગીરી કરવામાં આવી છે. આજ સુધી શહેરમાં ૮૫,૧૧૯ સ્થળોએ ડિસઈન્ફેક્શનની કામગીરી કરાઈ છે.

શ્રી પાનીએ કહ્યું કે, આજે શહેરના શ્રમિક ગરીબ વર્ગના ૭.૮૮ લાખથી વધુ લોકોને ફૂડ પેકેટની સામાજિક સંસ્થાઓના સહયોગથી વ્યવસ્થા કરવામાં આવી છે. સુરતની તમામ સામાજિક સંસ્થાઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. પાલિકાને કુલ ૧,૯૫,૭૬૫ કિલો ખાદ્યસામગ્રી અને રૂ.૭.૮૮ કરોડનું દાન પ્રાપ્ત થયું છે.

તેમણે શહેરીજનોને લોકડાઉન તેમજ કર્ફ્યુનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

કોરોના વાયરસની મહામારી દુર કરવા

કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ દ્વારા ઘરમાં વિશ્વશાંતિ યજ્ઞ કરાયો

ચાર દિવસના યજ્ઞમાં સવા લાખ મંત્રોનું જાપ

સુરત

કોરોનાથી મુક્તિ અને વિશ્વ શાંતિ માટે દક્ષિણ ગુજરાત કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ ભાણજીભાઈ પોકાર દ્વારા લોકડાઉન દરમિયાન સવા લાખના મંત્રોચ્ચાર કરી હવન વિધિ પૂર્ણ કરવામાં આવી હતી. કોરોનાના કહેરથી સમગ્ર વિશ્વ ઝઝુમી રહ્યું છે. ત્યારે કડોદરાના ભાણજીભાઈ પોકારે લોકડાઉન દરમિયાન સતત ચૈત્ર સુદ એકમથી એટલે ૨૨ માર્ચથી ચૈત્ર વદ અમાસ એપ્રિલ સુધી સવા લાખ મંત્રનું સતત અનુષ્ઠાન કરીને કોરોનાથી મુક્તિ માટે વિશ્વ શાંતિ માટે આજ રોજ પૂર્ણ વિધિ વિધાનથી માત્ર ઘરનાજ પરિવારજનો સાથે હવન વિધિ કરી પૂર્ણ કરવામાં આવેલ સામાજિક અંતર જાળવવાના અતિ આગ્રહી રહીને પ્રમુખશ્રી દક્ષિણ ગુજરાત સમાજના ભાણજીભાઈ પોતાના ઘરમાં જ રહીને પૂર્ણ રીતે એખલતામાં રોજ મળશકેથી સાંત સુધી પૂર્ણ દિવસો આ મંત્રોચ્ચાલ પરિપૂર્ણ કરેલ છે. લોકડાઉનની જાહેરાત થતા દૃઢ સંકલ્પ સાથે ભગવાન લક્ષ્મી નારાયણ ને વિશ્વ શાંતિનો આ પ્રયાસ કરવા બદલ તેમને અનેક શુભેચ્છાઓ પ્રાપ્ત કરેલ છે.

આ સમય દરમિયાન એ અનુકુળતાએ તેઓએ દક્ષિણ ગુજરાતના કાર્યકરો સાથે મસલત કરીને પીએમ ફંડમાં ૨ લાખથી રકમ આપવાની મંજુરી આપી તેમજ દક્ષિણ ગુજરાતમાં આ આફતના કારણે મુસીબતમાં મુકાયેલા પરિવારને ખાનગી રાહે રાહત રોકડ રકમ આપવાનો પણ નિર્ણય લીધેલ ને તે મુજબ રાહત અપાઈ રહી છે. ઉપરાંત સહુને સરકારના નિયમનું જતન કરવા એ ઘરમાંજ રહી આધ્યાત્મિક જીવન માટે વાંચન કરવા અનુરોધ કરેલ છે.

ડીટેઈન કરવામાં આવેલ વાહનો પોલીસ સ્ટેશનોમાંથી છોડાવી લઈ જવા ભરુચ જિલ્લા પોલીસની અપીલ

ભરુચ

કોવીડ-૧૯ મહામારીના લોકડાઉન સમય દરમ્યાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકો દ્વારા લોકડાઉનનો ભંગ કરવા બદલ એમ. વી. એક્ટ ૨૦૭ હેઠળ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા. પોલીસ મહાનિર્દેશક અને પોલીસ અધિકારી ગાંધીનગર તથા પોલીસ મહાનિરીક્ષક વડોદરા રેન્જની સૂચનાથી ભરુચ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં ડીટેઈન કરવામાં આવેલ વાહનોને છોડાવવાની કામગીરી હાલ ચાલુ છે જેથી જનતાને નિર્ધારીત ઓછા દંડમાં પોતાના વાહનો છોડાવી જવા અપીલ કરાઈ છે. લોકડાઉન બાદ ડિટેઈન થયેલ વાહનો આરટીઓ માંથી છોડાવવાના રહેશે.

ગૃહમંત્રી અમિત શાહ પોતાના મત વિસ્તાર ગાંધીનગરમાં ૬૦,૦૦૦ રાશન કીટ આપશે

અમદાવાદ

ગાંધીનગર સંસદીય વિસ્તારમાં રહેતા વિવિધ જરૂરિયાત મંદ લોકો સુધી રાસન કિટો પહોંચાડવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલી અપીલ જરૂરિયાત મંદ શ્રમિક વર્ગને મદદ કરવી તેને વધાવી લેતા ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક ના ડિરેકટર બિપીન પટેલ દ્વારા પણ ૧૦ હજારથી વધુ રાશન કીટ તેમના વિસ્તારમાં વિતરણ કરવામાં આવી છે અને હવે અમિત શાહદ્વારા ૬૦ હજાર જેટલી કીટોનું વિતરણ કરવામાં આવનાર છે તેની વ્યવસ્થા પણ તેમના વિસ્તારમાં ગોઠવવામાં આવી છે. બીપીન પટેલ દ્વારા તેમના મત વિસ્તારમાં ૧૦ હજારથી વધુ રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું છે જરૂરિયાત મંદ એવા મધ્યમ વર્ગના લોકો સુધી રાશન પહોંચાડવામાં આવી રહ્યું છે કે જેઓ નથી કહી શકતા કે નથી રહી શકતા તેમની આવક પણ બંધ છે તેવા લોકો સુધી ૧૦,૦૦૦ જેટલી રાશનની કીટોની વ્યવસ્થા બિપીન ગોતા દ્વારા કરવામાં આવી છે. ઉપરાંત તેમણે જણાવ્યું છે કે આપણા ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા ૬૦ હજાર કીટોનું વિતરણ પણ તેમના ગાંધીનગર સાંસદ મત વિસ્તારમાં કરવાનું છે. તેમની કિટો પણ ગોતા વિસ્તારમાં બીપીન ગોતા દ્વારા વિતરણ કરવામાં આવશે. ઉપરાંત વડાપ્રધાન મોદીએ જ્યારથી શ્રમિકોની મદદ માટે અપીલ કરી છે ત્યારથી વિશેષ કરીને અનેક લોકો જન-જનની પડખે આવ્યા છે અને તેમના માટે રાશન ની વ્યવસ્થા કરી રહ્યા છે. તેવામાં જ અમદાવાદ શહેરના ભાજપમાં ઉપાધ્યક્ષ હિતેશ બારોટ દ્વારા, એડીસી બેંક દ્વારા અત્યાર સુધી ૧૨,૦૦૦થી વધુ રાશનની કીટનું વિતરણ કરવામાં આવ્યું છે સાથે જ ગાંધીનગર સાંસદ સભ્ય અમિત શાહના મત વિસ્તારમાં ૬૦૦૦૦ કીટનું વિતરણ કરવામાં આવશે, જેમાં હિતેશ બારોટ તથા ભાજપના કાર્યકર્તાઓ દ્વારા વિશેષ જરૂરિયાત મંદ લોકોનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. તે લિસ્ટ અનુસાર ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા તેમના મત વિસ્તારમાં રાશન ની કીટનું વિતરણ કરવામાં આવશે.

કોરોના સામેની જંગમાં સુરતમાં બાળકોએ પોલીસને આપ્યા ૧૩૭૦૦ રૂપિયા

સુરત

હાલ કોરોનાએ લોકોને ભલે એક મેકથી જુદા કરી દીધા છે. પરંતુ આપણે ત્યાં માનવતાની કુંપળો દરેક હૃદયમાં સતત ફૂટતી રહેતી હોય તેવો કિસ્સો સુરતમાં સામે આવ્યો છે. સુરતના લાલગેટ પોલીસ મથક વિસ્તારમાં રહેતા બાળકોએ તેમના પિતાને સવાલ કર્યો કે આપણને આટલા દિવસથી ઘરમાં પુરી દેનાર પોલીસને શું કોરોના ન લાગે..બાદમાં પિતા તરફથી મળેલા જવાબ-સમજણથી બાળકોએ પોતાની જમા કરેલી પૂંજીની મદદ કરવા માટે લાલગેટ પોલીસ સ્ટેશન પહોંચી ગયા અને પીઆઈના ટેબલ પર પીગીબેક્રમાંથી સિક્કા અને નોટ કાઢીને ૧૩,૭૦૦ રૂપિયા પોલીસની મદદ માટે આપી દીધા હતાં.



લાલગેટ પોલીસ મથકમાં વિસ્તારમાં રહેતા કાપડીયા પરિવારના ચાર માસૂમ બાળકોએ સતત ઘરમાં પુરાયેલા રહીને રસ્તા પર લોકડાઉનનું પાલન કરાવતા પોલીસના જવાનોને જોયાં હતાં. જેથી પોલીસની મદદ કરવા માટેની જીદ પકડી હતી. ટેક્સટાઈલના વ્યવસાય અને ઓલ ઈન્ડિયા મેમણ જમાતના વાઈસ પ્રેસિડન્ટ ઈલ્યાસભાઈ કાપડીયાએ જણાવ્યું હતું કે,તેમના બે પુત્રોના ચાર બાળકો છે. તેઓ બાળહઠ લઈને બેઠા હતા કે અમારે અમારી પીગીબેક્ર પોલીસને આપવી છે.

ચાર બાળકોમાં ૧૧ વર્ષનો ઈબ્રાહિમ, ૯ વર્ષની લુકેના, ૭ વર્ષિય લબીબા અને ૫ વર્ષનો અમ્મારને લાલગેટ પોલીસ મથકે લઈ જવાયા હતાં. બાળકોએ પોલીસ સ્ટેશન જઈને પીઆઈ એ.જી.રાઠોની ચેમ્બરમાં જઈને આભાર માન્યો પોલીસનો અને સાથે લાવેલી પીગીબેક્રમાંથી નોટ અને સિક્કા કાઢીને ૧૩,૭૦૦ રૂપિયા પોલીસને મદદ માટે આપી દીધા હતાં. પોલીસ ઈન્સ્પેક્ટર રાઠોડ બાળકોની આ ભાવના જોઈને ભાવવિભોર થયાં હતાં. લાલગેટ વિસ્તાર કર્ફ્યુગ્રસ્ત છે તેમ છતાં બાળકોનની ભાવના જોઈને પોલીસ મથકના સ્ટાફે તેમને બિરદાવ્યાં હતાં.

કોરોના સામેની લડાઈમાં સુરત શહેરના મેયર હવે તબીબી ધર્મ પણ નિભાવશે

ખાનગી ડોકટરોને કોરોના સામેના જંગમાં કોવિડ કમાન્ડો તરીકે જોડાવાની મહાનગર પાલિકાની હાંકલ

સુરત

કોરોના વાયરસ સામેના જંગમાં સુરત મહાનગરપાલિકાએ ખાનગી ડોક્ટરોને સહયોગી બનાવવા માટે નવતર પ્રયોગ કર્યો છે. મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ કોરોનાની વિકટ પરિસ્થિતિના કારણે આરોગ્ય કટોકટીને પહોંચી વળવા માટે શહેરના ખાનગી ડોક્ટરોને 'કોવિડ કમાન્ડો' રૂપે આરોગ્ય વિભાગને સહયોગી બનવા હાંકલ કરી છે. આ પહેલ અંતર્ગત શહેરના પ્રથમ નાગરિક અને મેયર ડો. જગદીશભાઈ પટેલ કે જે પોતે એક તબીબ પણ છે, તેમણે 'કોવિડ કમાન્ડો'ની પહેલમાં જોડાઈને અન્ય ખાનગી તબીબો માટે પ્રેરક ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. કોરોના સામેની લડાઈમાં મેયર ડો. જગદીશભાઈ હવે તબીબી ધર્મ નિભાવશે. શહેરના મેયરની જવાબદારી નિભાવી રહેલા મેયરશ્રી કોરોના યોદ્ધા તરીકે પાલિકાના આરોગ્ય વિભાગમાં જોડાયાં છે. સમાજનું આરોગ્ય સાચવવા હવે તેઓ દરરોજ ચાર થી પાંચ કલાક મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં ફરજ બજાવશે. તેઓ કોરોના પોઝિટીવ દર્દીઓના પરિવારજનોનું કાઉન્સેલીગ પણ કરશે.

બી.એ.એમ.એસ.ની ડિગ્રી ધરાવતાં મેયરશ્રી ડો. જગદીશભાઈ પટેલે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, શહેરનો મેયર પછી, પહેલા હું એક ડોક્ટર છું, કોરોના સામે દેશ ઝઝૂમી રહ્યો હોય ત્યારે હું હાથ જોડીને બેસી ન શકું. આજે મારા તબીબી જ્ઞાન અને આવડતનો ઉપયોગ કરી સમાજને મદદરૂપ બનવાનો અવસર સાંપડ્યો છે. મેયર તરીકે સુરત શહેરની જવાબદારી મારા શિરે છે, ત્યારે કોરોના વાઈરસના સંક્રમણના વિકટ સમયમાંથી પસાર થઈ રહેલા શહેરને ડોક્ટરો, નર્સ, મેડિકલ સ્ટાફની સૌથી વધુ જરૂર ઊભી થઈ છે. હું પોતે ગોળ ખાતો હોઉં તો બીજાને ગોળ ખાવાનું બંધ કરવાનું કહી ન શકું. શરૂઆત મારાથી જ કરવી પડે. એ રીતે જયારે સુરત મહાનગરપાલિકાએ શહેરના ખાનગી ડોક્ટરોને 'કોવિડ કમાન્ડો' રૂપે શહેરી આરોગ્ય વિભાગમાં જોડાવા હાંકલ કરી છે, ત્યારે જવાબદાર નાગરિક અને એક ડોક્ટર હોવાના નાતે આ પહેલનું નેતૃત્વ પણ મારે કરવું જોઈએ એવી દ્રઢ ભાવના સાથે હું પણ 'કોવિડ કમાન્ડો' બન્યો છું. ડોક્ટર તરીકે સ્મીમેર હોસ્પિટલમાં શક્ય એટલો સહાયરૂપ બનાવનો પ્રયાસ કરીશ એમ તેઓ ગૌરવથી જણાવે છે.

નોંધનીય છે કે બહુમુખી પ્રતિભાના ધની ડો. પટેલ સમાજસેવાના ક્ષેત્રમાં યોગદાન આપવાની સાથે ઘણાં વર્ષોથી સુરતના રાજકારણમાં સક્રિય છે. મેડિકલ પ્રેક્ટિશનર તેમજ અગાઉ નાટ્ય અભિનેતા પણ રહી ચૂકેલા જગદીશભાઈ હાલ ખ્યાતનામ કિરણ હોસ્પિટલમાં વ્યવસ્થાપક તરીકે પણ સેવા આપી રહ્યા છે. 'યોગઃ કર્મસુ કૌશલમ્' પંક્તિને સાર્થક ઠેરવતાં મેયરશ્રી સમાજ માટે કર્તુત્વભાવનાનો ઉત્તમ દાખલો બેસાડ્યો છે. કોરોના વાઈરસના ભરડામાંથી શહેરીજનોને ઉગારવા તેમની અંદર રહેલો ડોક્ટરી જીવ જાગી ઉઠ્યો છે એમ કહીએ તો જરાય અતિશયોક્તિ નથી.

સાંસદ અહમદ પટેલે વાંદરીગામે તાકીદે ૫૦૦ અનાજની કીટ મોકલી

અંકલેશ્વર

રાજપીપલા નર્મદા જિલ્લાના ડેડીયાપડા તાલુકામાં આવેલ ગુજરાત નો છેલ્લો ગામ ગણાતો વાંદરી ગામ ખાતે રહેતા ૧૫૦૦ થી વધુ આદિવાસી સમાજ ના લોકો ને જીવન જરૂરી યાત સામગ્રી ની કિટો પહોંચાડવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલ સમગ્ર ભારત માં કોરોનાની વેશવિક મહામારી ના લીધે લોક ડાઉન કરવામાં આવ્યું છે જેમાં રાજ્ય સભા ના સાંસદ અહેમદ પટેલ વાંદરી ગામ ના લોકો નીવ્હારે આવ્યા તેમને ૨૦ દિવસ ચાલે એટલું અનાજ શાકભાજી સહિત ની જીવંજરૂરિયાત સામગ્રી નાંદોદ ધારાસભ્ય પી ડી વસાવા ને તાત્કાલિક મોકલી ૫૦૦ થી વધારે કિટો બનાવી જીવન જરૂરિયાત સામગ્રી લોકો સુધી પોહચાડી હતી જેમાં લોકો ખુશ જોવા મળ્યા હતા ગામમાં રહેતા લાલજી ડૂસીયા વસાવા એ તો આદિવાસી ભાષામાં તેમના આયુષ્ય માટે ભગવાન ને પ્રાથના કરી હતી અને બોલ્યા હતા કે અહેમદ પટેલ શા ભગવાન તુમન જીવતા રાખો તેમ ભગવાન પાસે પ્રાર્થના કરી હતી સાંસદ અહેમદ પટેલ એ જયારથી વાંદરીગામને દત્તક લીધો છે ત્યારથી ગામનો નાનામાં નાનો પ્રશ્ન ની પણ ચિંતા કરી ગામનો નકશો કાર્યાપલટ કરી દિધો હતો.

અંકલેશ્વર જય અંબે ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરીયાતમંદોને સહાય

અંકલેશ્વર

અંકલેશ્વરના જય અંબે ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે લોકડાઉનના કપરા સમયમાં જરૂરીયાતમંદોને અનાજ તથા આર્થિક સહાય કરવામાં આવી હતી.

લોકડાઉનના સમયમાં ગરીબ તથા મધ્યમવર્ગની હાલત કફોડી બની છે ત્યારે રાજય સરકારની સાથે સાથે સેવાભાવી સંસ્થાઓ પણ તેમની મદદ માટે આગળ આવી છે. અંકલેશ્વરના જય અંબે ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે કોસમડી, ગણેશ પાર્ક, સાઇ વાટીકા, યોગીનગર, સિધ્ધિવિનાયક સોસાયટી, ગડખોલ, વિજયનગર, સારંગપુર, મીરાનગર તથા અન્ય વિસ્તારોમાં અનાજની કીટ તેમજ આર્થિક સહાયનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ એલ.બી.પાંડે સહીત એસ.એસ.તિવારી, સંતોષ પ્રધાન, વિરેન્દ્ર ભોરે, સુમિત પાંડે, અનુરાગ પાંડે સહિતના અગ્રણીઓ હાજર રહયાં હતાં. સંસ્થા તરફથી ૧,૫૦૦ કરતાં વધારે ફુડપેકેટ તેમજ સહાય આપવામાં આવી હતી.

સુરતમાં લોકડાઉનમાં કર્મચારીઓને કામ સોંપાતા નારાજગી જોવા મળી

સુરત

કોરોના વાઈરસને લઈને લોકડાઉનની સ્થિતિ છે. ત્યારે સુરતમાં કર્મચારીઓને કામ સોંપાયું છે. કોરોનાના હોટ સ્પોટ એવા વિસ્તારોમાં પણ કામ કરવાના આદેશ થતાં કર્મચારીઓમાં નારાજગી જોવા મળી હતી. કંપની દ્વારા આજે તેમના તમામ કર્મચારીને શહેરના અલગ અલગ વિસ્તાર જવાના આદેશ કરતા કર્મચારી કંપની ઓફિસ પર આવ્યા હતાં.

કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો હતો. કર્મચારીઓએ ખાસ કરીને કેટલાક વિસ્તાર રેડ ઝોન જાહેર કરવામાં આવ્યા છે ત્યાં પણ તે વિસ્તાર સિવાયના વિસ્તારમાં જવાની વાત કરી હતી. પરંતુ તેમ છતાં દબાણ થતું હોવાના આક્ષેપ કર્મચારીઓએ કર્યા હતાં. રેડ ઝોન ૨૦ ટકા વિસ્તારમાં છે ત્યાં ન જવા દેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

સચિનમાં એન્ટી કોરોના ક્રિચન સુવિધાની ઉમદા સેવા

સુરત

સુરતના સચિન ખાતે શ્રી ચામુંડા પ્લેટ ડેપો દ્વારા રાજેન્દ્ર શેખાવત અને અજીતસિંહની ટીમ દ્વારા એન્ટી કોરોના ક્રિચન ચલાવવામાં આવી રહ્યું છે. આ ક્રિચન દ્વારા પ્રતિદિન લગભગ ૦૩ થી ૦૪ હજાર ગરીબ અને શ્રમિક વર્ગના લોકોને બે ટાઈમ જમાડવામાં આવી રહ્યા છે. સાથે અહીં સોશ્યલ ડિસ્ટન્સ રાખવામાં આવી રહ્યું છે. સેવાનાં આવા ભગીરથ કાર્યમાં જોડાવા બદલ સમગ્ર ટીમનો જુસ્સો વધારવા માટે સાંસદ શ્રી સી.આર. પાટિલ ઉપસ્થિત રહ્યા હતા. એમણે ચામુંડા પ્લેટ ડેપોની સેવાકીય કામગીરી નિહાળી સમગ્ર ટીમની સરાહના કરી હતી.

વિનામુલ્યે અનાજનું વિતરણ કરાતા ગ્રામ્ય જનોમાં સંતોષ

સુરત

ડાંગ જિલ્લામાં કોરોના વાઈરસને કારણે ઉભી થયેલી પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા લોકડાઉન અમલી બનાવવામાં આવ્યું છે. આવા કપરા સમયે નાના અને ગરીબ વર્ગના લોકો, ખેતમજૂર,વિધવા સહિત મધ્યમવર્ગના લોકોની પણ ચિંતા સરકારે કરી છે. રાજયનો એકપણ નાગરિક ભુખ્યો ન રહે તે માટે સરકાર કટીબધ્ધ છે. છેવાડાના માનવી સુધી સરકારશ્રી દ્વારા આપવામાં આવતું વિનામૂલ્યે રાશન પહોંચે તે માટે ડાંગ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ કાળજી લેવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંતરિયાળ ગામડાઓમાં લોકો સુધી અનાજ પહોંચે છે કે કેમ ? તેની ચકાસણી કરવામાં આવી હતી જેમાં લોકોને રૂબરૂ મળી પ્રતિભાવ આપતા સંતોષ વ્યક્ત કર્યો હતો. ટાંકલીપાડા ગામના દેવરામ આનંદભાઈ ભોયે એ જણાવ્યું હતું કે અમારા ગામમાં બધા જ લોકોને વિનામૂલ્યે અનાજનો લાભ મળ્યો છે. હવે કોઈ બાકી રહેતું નથી. લહાનચર્યા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચશ્રી રામસીંગભાઈ લક્ષ્મણભાઈ પવારે જણાવ્યું હતું કે અમારા ગામમાં તમામ રેશનકાર્ડ ધારકોને અનાજ મળી ગયું છે. જેઓ શેરડી કાપવા માટે બહારગામ ગયા હતા તેઓ પાસે રેશનકાર્ડ પણ નથી. આવા થોડા લોકો અનાજથી વંચિત હતા. પરંતુ તેઓને પણ બીજી વ્યવસ્થા કરીને અનાજ આપવામાં આવ્યું છે. હાલમાં અમારા ગામના લોકોને અનાજ મળતા તેઓ ખુશ છે. સરકારે છેવાડાના માનવીની ચિંતા કરી છે. મોટાચર્યા ગામના ગ્રામ પંચાયત સભ્ય શ્રી દિલીપભાઈ ગંગારામભાઈ પવારે જણાવ્યું હતું કે અમારા ગામમાં તમામ લોકોને સરકારનું વિનામૂલ્યે રાશન અમને મળી ગયું છે. અહીંથી ૮ જેટલા પરિવારો શેરડી કાપવાના કામે બહારગામ ગયા છે તેઓ જ બાકી છે. આ લોકો પાસે રેશનકાર્ડ પણ નથી પરંતુ અમે તેઓ માટે પણ પ્રાયોજના કચેરી દ્વારા અનાજની કિટની વ્યવસ્થા કરાવી છે. પ્રાયોજના કચેરી અને આગાખાન સંસ્થા તરફથી પણ અમારા ગામમાં ૩૫ જેટલી અનાજની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા મફત અનાજ આપવામાં આવી રહયું છે એવી વાત વાયુવેગે ફેલાઈ જાય છે ત્યારે ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. સરકારશ્રી દ્વારા અમને તમામ લોકોને અનાજ મળતા અમે ખુશ છીએ.

નવસારીમાં ૭૪,૦૦૦ લોકોને શક્તિવર્ધક ઉકાળાનું વિતરણ

૫૭,૮૧૫ લોકોને હોમીયોપેથીક દવાનું વિતરણ કરાયું

નવસારી

કોરોનાથી બચવા રોગ પ્રતિકારક શક્તિ વધારવી એ રામબાણ ઈલાજ છે. આથી નવસારી જિલ્લામાં ૭૪,૭૦૦ જેટલા લોકોને અમૃતપેય શક્તિવર્ધક ઉકાળો આપવામાં આવ્યો છે. ઉપરાંત ૫૭,૮૧૫ લોકોએ હોમીયોપેથીક દવાનો લાભ લીધો છે. જિલ્લામાં કાર્યરત આયુર્વેદ અને હોમીયોપેથી દવાખાનાથી વાયરસ સામે રોગ પ્રતિકારક શક્તિ વધારવા ઉકાળો તેમજ દવાનુ નિયમિત વિતરણ કરવામાં આવે છે.

આ અંગે વધુ માહિતી આપતા નવસારી કાલીયાવાડી સરકારી આયુર્વેદ હોસ્પિટલના ડૉ.ઉર્વિ પટેલે જણાવ્યુ હતું કે, આ ઉકાળા અને દવા વિતરણ નવસારી જિલ્લાના નાગરિકોની સાથે-સાથે શહેરના જાહેર સ્થળો, ફરજ બજાવતા પોલીસ સ્ટાફ, હોમગાર્ડ તથા નાગરિકોની સુરક્ષા માટે કાર્યરત અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારને પણ આ રોગપ્રતિકારક શક્તિ વધારનાર ઉકાળા અને દવાઓનો લાભ મળે તે માટે આયોજન કરવામાં આવેલ છે.

આ ઉપરાંત કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત, નગરપાલિકામાં કામ કરતા તમામ અધિકારી અને કર્મચારીઓને રોજેરોજ ઉકાળો પીવડાવવામાં આવે છે તથા તેમના પરિવાર પણ આ ઉકાળાનું નિયમિત સેવન કરી શકે તે માટે ઉકાળાના પેકેટનું વિતરણ કરવામાં આવે છે. તાજેતરમાં ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા હાલની મહામારીથી બચવા માટે વિશેષ રોગ પ્રતિકારક શક્તિ વર્ધક દવા માટે ગાઈડલાઈન જાહેર કરવામાં આવેલ છે તેમજ પ્રધાનમંત્રીશ્રી દ્વારા પણ આ ગાઈડલાઈનનો ઉપયોગ કરવા ખાસ અનુરોધ કરવામાં આવેલ છે. જાહેર જનતાને વધુ માહિતી માટે સરકારી આયુર્વેદ હોસ્પિટલ, કાલીયાવાડી, નવસારીનો સંપર્ક કરવા જણાવ્યું છે.

સુરતમાં લોકડાઉન અને કરફ્યુ ભંગ કરનાર વધુ ૧૬૮ પકડાયા

પોલીસે વધુ ૧૦૮ વાહનો પણ જપ્ત કર્યા

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૧૬૮ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૧૦૮ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૦૫ તથા સી.સી.ટીવી કેમેરા દ્વારા ૦૨ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૧,૭૯૦ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૧૩,૦૩૩ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં કેટલાક વિસ્તારોમાં વાઈરસના સંક્રમણ અને પોઝીટીવ કેસોની સંખ્યાને ધ્યાને લઈને સલાબતપુરા, મહિધરપુરા, લાલગેટ, અઠવાલાઈન્સ પોલિસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તથા લિંબાયત પોલિસ સ્ટેશનની કમરૂનગર પોલીસ ચોકીના સમગ્ર વિસ્તારમાં કર્ફ્યું અમલી છે, ત્યારે શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળી કર્ફ્યુનું પાલન કરી કોરોના સંક્રમણને અટકાવવામાં મદદરૂપ બનવાનો અને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

આહવા બજાર મેઈન રોડ પર લોકડાઉનનું કડક પાલન

ડાંગ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આજરોજ ડાંગ જિલ્લા પોલીસ દ્વારા મેઈન રોડ આહવા બજાર વિસ્તારમાં લોકડાઉન દરમિયાન કડક અમલ કરાવાયો હતો. હાલમાં જ ચાલી રહેલા કોરોના વાઈરસને અટકાવવા માટે સરકારશ્રી દ્વારા અનેક પગલા લેવાઈ રહયા છે ત્યારે ડાંગ પોલીસ વડા શ્રીમતિ શ્વેતા શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

આહવા મેઈન રોડની આજુબાજુ વહેલી સવારથી શાકભાજી નાના ધંધાર્થીઓ પોતાનો રોજગાર શરૂ કરે છે. કોરોના વાઈરસને આવતો જ અટકાવવા માટે આવા સમયે લોકોની ભીડ થાય અને સોશ્યલ ડિસ્ટન્સ ન જળવાય તો મુશ્કેલી ઉભી થાય જેથી આહવા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી પી.એમ.જુડાલ અને તેમની ટીમ દ્વારા કડક અમલ શરૂ કરાયો છે. શાક માર્કેટ તેમજ કરિયાણાની દુકાનમાં લોકો દુર દુર ઉભા રહી ખરીદી કરે તે ઈચ્છનીય છે. આહવા ખાતે આવેલ બેંક ઓફ બરોડાના પટાંગણમાં ગ્રાહકો માટે મંડપની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યાં પોલીસની ટીમે સોશ્યલ ડિસ્ટન્સ રાખવા કહયું હતું.

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

લોકડાઉનમાં પણ કોઈ પણ પ્રકારની પ્રોડકટ વેચ્યા વગર રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્ય નું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859


Act No. 33586780623

State Bank of India

Ifsc code SBIN0009164

Pritam nagar Branch, Bharuch 392002)

સુરતમાં વધુ ૩૦ કેસ અને એક મહિલાનું મોત થતા કેસોનો કુલ આંક ૪૪૫ થયો



સુરત

શહેર-જિલ્લાને કોરોના વધુ ભરડામાં લઈ રહ્યો છે. વધુ નવા ૩૦ કેસ નોંધાતા પોઝિટિવ કેસની સંખ્યા ૪૪૫ પર પહોંચી ગઈ છે. જ્યારે આજે વધુ એક વૃદ્ધ મહિલાનું મોત થતા આંકડ ૧૩ પર પહોંચ્યો છે. છેલ્લા બે દિવસમાં પોઝિટિવ કેસની સંખ્યામાં ધરખમ વધારો થઈ રહ્યો છે. ગત રોજ એક જ દિવસમાં ૬૭ જેટલા કેસોનો વધારો થયો હતો. ફરશીદબી ખાન (ઉ.વ.૭૫ રહે. ઓમનગર સોસાયટી, ડુંભાલ)ને ૨૧મીના રોજ એડમિટ કરવામાં આવ્યા હતા. તેમને ૧૦ દિવસથી શરદી હતી. ત્યારબાદ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. દરમિયાન રાત્રે ૧ વાગ્યે ટ્રોમા સેન્ટરમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ૩.૧૫ વાગ્યે મૃત જાહેર કર્યા હતા. તેમને ડાયપર ટેન્શન અને ડાયાબિટીસની બીમારી હતી.

કિરણ હોસ્પિટલના વધુ ૨ હેલ્થ વર્કર કોરોનાની ઝપેટમાં આવી ગયા હતા. જોકે લોખાત હોસ્પિટલના પોઝિટિવ આવેલા ડ્રાઈવર સાજીદ અંસારીને સાજો થઈ જતાં રજા આપી દેવામાં આવી હતી. આમ જિલ્લાના ૨ સહિત અત્યાર સુધી કુલ ૧૫ દર્દી સાજા થયા છે. સુરતના માંડવીમાં ૧ પોઝિટિવ કેસ નોંધાયો હતો. આજે પણ સહુથી વધુ કેસ લિંબાયત ઝોનમાંથી મળી આવ્યા હતા ત્યાર બાદ સેન્ટ્રલ અને કતારગામ ઝોનમાંથી પણ નોંધપાત્ર કેસ મળી આવ્યા હતા.

પાલિકા કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું કે, કોરોના શરૂઆતના તબક્કામાં ટેસ્ટિંગની સુવિધા સુરતમાં ન હતી. સેમ્પલ અમદાવાદ મોકલવામાં આવતા હતા અને પછી રીપોર્ટ આવતા હતા. ત્યારબાદ નવી સિવિલમાં ટેસ્ટિંગની શરૂઆત કરાઈ. સિવિલની લેબ પણ ૨૪ કલાક કાર્યરત કરાઈ. સ્મીમેરમાં પણ ટેસ્ટિંગની શરૂઆત કરાઈ અને ટેસ્ટ કરવાની ક્ષમતા વધારાઈ છે. જેના કારણે ટેસ્ટ વધુ થાય છે એટલે કેસ વધુ મળી રહ્યા છે.

એપાર્ટમેન્ટ નીચે ટોળુ ભેગુ થતા મહિલાએ અભયમને કોલ કર્યો

પાંડેસરા પોલીસે યુવકો વિરુદ્ધ ગુનો દાખલ

સુરત

કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે સમગ્ર દેશમાં લોકડાઉન છે. સરકાર અને પોલિસ દ્વારા વારંવાર ટોળું ન વળવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા અપીલ કરવામાં આવી રહી છે, પરંતુ કેટલાક લોકો આ અપીલને ઘોળીને પી જાય છે. સુરતના ભેસ્તાન ગાર્ડન પાસેના એક એપાર્ટમેન્ટ ના રહીશોને એપાર્ટમેન્ટ નીચે ટોળું ન વળવાનું કહેતા માથાભારે લોકોએ મહિલા પ્રમુખ પર હુમલો કર્યો હતો. ૧૮૧ અભયમ દ્વારા તાત્કાલિક પહોંચી મામલો શાંત પાડવાનો પ્રયત્ન કરાયો હતો, પરંતુ માથાભારે યુવકોને સમાધાન મંજુર ના હોવાથી પાંડેસરા પોલીસને જાણ કરવામાં આવતા હુમલો કરનાર યુવકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

અભયમ ટીમને મહિલા પ્રમુખે જણાવ્યુ કે, હાલની લોકડાઉનમાં ટોળે ન વળવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા સરકારે દિશાનિર્દેશ જારી કર્યા છે. પરંતુ અમારા એપાર્ટમેન્ટમાં કેટલાક રહીશો આ સુચનાની અવગણના કરી અવારનવાર સોસાયટીના ગેટ અને પાર્કિંગમાં એકઠા થઈને કાયદાનો ભંગ કરી આવતાં જતાં મહિલા સભ્યોની મશ્કરી અને કોમેન્ટ કરતાં હતા,. તેમને સમજાવવા જતા એમાંના કેટલાક વ્યક્તિઓએ ઉશ્કેરાઈ જઈને મહિલા પ્રમુખ પર ગાળાગાળી કરી હુમલો કર્યો હતો. જેથી તેઓએ તાત્કાલિક મદદ માટે અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી મદદ માંગી હતી.

તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચેલી અભયમ ટીમે યુવકોને સમજાવ્યુ કે લોકડાઉનમાં સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ હાલની વિકટ પરિસ્થિતિમાં ભેગા થવા પર પ્રતિબંધ છે. કોરોનાનું સંક્રમણ ન ફેલાય એ માટે તેમજ આપ સૌના આરોગ્ય માટે તમારે સહયોગ આપવો જોઈએ. આમ સમજાવવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ માથાભારે યુવકોએ વાતને ગંભીરતાથી ના લેતા પાંડેસરા પોલીસને જાણ કરતા ગુનો નોંધવામાં આવ્યો હતો, અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

લોકડાઉનની સ્થિતિમાં પુત્રવધુ સાથે સસરાએ ગંભીર હરકત કરી



મહિલા હેલ્પ લાઈને સસરાની સાન ઠેકાણે લાવી દીધી

સુરત

રાજયની હજારો મહિલાઓને આફતની ઘડીમાં તત્કાલ સહાય અને સધિયારો આપીને ૧૮૧ અભયમ હેલ્પલાઈન મહિલા સુરક્ષાનો પર્યાય બની છે. સુરતમાં ફરી એક વાર અભયમ દ્વારા મહિલાની વ્હારે આવીને સસરાની હેરાનગતિનો ભોગ બનેલી મહિલાને મદદ પૂરી પાડવામાં આવી હતી.

વાત એમ છે કે, ગત રોજ સુરતના ડિંડોલી વિસ્તારમાંથી એક પરણિતાએ ૧૮૧ અભયમ પર કોલ કરી પોતાની આપવીતી રજૂ કરતા વિનંતી કરી હતી કે 'મારા સસરાના ત્રાસમાંથી મને મુક્ત કરાવો'. જેથી કતારગામ પોલીસ સ્ટેશન સ્થિત અભયમ રેસ્ક્યુ ટીમ દર્શાવિલા સ્થળ પર જઈ પરીણિતા અને સસરા સાથે ચર્ચા કરી સમાધાન કરાવતા પરિણિતાએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઘટના પ્રમાણે બે બાળકો સાથે સંયુક્ત કુટુંબમાં રહેતા નીલાબેન (નામ બદલ્યું છે)એ પોતાની આપવિતીમાં જણાવ્યાં પ્રમાણે તેમના પતિ થોડા સમય પહેલા માનસિક બિમારીનો ભોગ બનતાં તેમના સ્વાસ્થ્ય પર અવળી અસર થઈ અને પતિ પથારીવશ બની ગયા હતા. આવા સંજોગોમાં મીનાબેનના સસરા કોઈ ને કોઈ બહાનું કાઢી ને તેની સાથે વાતચીત કરવા સાથે અશ્લીલ હરકતો કરવાનું શરૂ કર્યું. સસરાની હિંમત એ હદે વધી કે તે શારીરિક સંબંધ રાખવા દબાણ કરવા લાગ્યો. પતિ શારીરિક માનસિક બીમાર હોવાથી બે બાળકો અને પતિની સારવાર માટે સસરા પર આર્થિક રીતે આધારિત હોવાથી આ મજબૂરીનો ફાયદો લેવાની સસરાને કુબુદ્ધિ સુઝી. નીલાબેન પોતાના પતિ અથવા સાસુને આ વાત કહેતા ડરતા હતા. તેમના પતિ પથારીવશ હોવાથી નીલાબેને આખરે સસરાની હરકતોથી તંગ આવી ૧૮૧ પર કોલ કરી પોતાની વ્યથા જણાવી હતી.

સુરતમાં પુણા પોલીસે સોશિયલ મીડિયામાં ખોટા મેસેજ વાયરલ કરનારની કરી ધરપકડ



સુરત

સુરતમાં પુણા પોલીસે સોશિયલ મીડિયામાં ખોટા મેસેજો વાઈરલ કરતા ત્રણ શખ્સોની ધરપકડ કરી છે..આ શખ્સોએ વોટસએપ પર એવો મેસેજ વાઈરલ કર્યો હતો કે તમે અમારી અને પોલીસ સાથે કામ કરવા માગો તો જોડાઈ શકો છો.

મિટિંગ બાદ તમને આઈકાર્ડ બનાવી આપવામાં આવશે .સાથેજ સફેદ શર્ટ અને બ્લુ પેન્ટનો ડ્રેસ કોડ નક્કી કરવામાં આવ્યો છે..તેવો મેસેજ ફેસબુક અને વોટ્સએપ પર આ મેસેજ ફરતો કર્યો હતો. સુરક્ષાસેતુનો ભાગ બનવા માંગતા હોય તેવા લોકોને મેસેજ કર્યા હતા. મીટિંગ થયા પછી આઈકાર્ડ સાથે જવાબદારી આપવામાં આવશે તેવું વાયરલ મેસેજમાં જણાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનિય છે કે મેસેજ વધું વાયરલ થાય તે પહેલાજ પોલીસે આ ત્રણેય શખ્સોને ઝડપી પાડ્યા છેપઅને ત્રણેયને હાલ જેલના સળીયા ગણવાનો વારો આવ્યો છે.

લોકડાઉનમાં ભાવ ન મળતા નર્મદાના ખેડૂતે કેળાના પાક પર ફેરવ્યું ટ્રેક્ટર



નર્મદા

સમગ્ર દેશમાં લોકડાઉનનો બીજો તબક્કો હાલ ચાલુ છે ત્યારે નર્મદામાં કેળા પકવતા ખેડૂતોને વેપારીઓ યોગ્ય ભાવ ન આપતા ખેડૂતોને નુકસાન સહન કરીને તેમનો માલ વેચવાનો વારો આવ્યો છે. આ વાતથી ખેડૂતો કંટાળીને પોતાનો ઉભો પાક જાતે જ નષ્ટ કરી રહ્યા છે. બીજી બાજુ અમુક ખેડૂતો ઉભા પાકને આગ લગાડી રહ્યા છે. આવી પરિસ્થિતિમાંથી ખેડૂતોને ઉગારવા માટે સરકાર મધ્યસ્થી બનીને વેપારીઓ પાસેથી યોગ્ય ભાવ અપાવે તેવી માંગ ઉઠી છે.

કેળાના ઉત્પાદનમાં નર્મદા જિલ્લો આખા રાજ્યમાં પ્રથમ નંબરે આવે છે. જિલ્લામાં ૧૫ હજાર હેક્ટર જમીનમાં કેળાનો પાક કરવામાં આવ્યો છે. દેશ-વિદેશોમાં પણ નર્મદા જિલ્લાના કેળાની મોટી માત્રામાં નિકાસ થાય છે.

નર્મદા માંથી ગલ્ફ દેશોમાં પાક જાય છે. જેમાં ૨૦૦ થી ૩૫૦ રૂપિયે ૨૦ કિલોના ભાવ આવે છે. લૉકડાઉન કારણે મોટા શહેરોમાં કર્ફ્યૂ જેવો માહોલ છે. હોલસેલ વેપારીઓ માલ લેતા નથી એટલે ખડૂતોની મુશ્કેલી વધી છે.

બીલીમોરાની ૪૦ વર્ષીય ઝરીના શબ્બીરનું કેનેડામાં કોરોનાના કારણે મોત

નવસારી

ગુજરાતમાં કોરોના વાયરસના કારણે અનેક દર્દીઓ નોંધાઈ ચૂક્યા છે. બીજી બાજુ વિદેશોમાં વસતા મૂળ ગુજરાતીઓ પણ વૈશ્વિક મહામારી કોરોનાના ઝપેટમાં આવી રહ્યા છે. ત્યારે આજે નવસારી બીલીમોરાની મહિલાનું કેનેડામાં મોત થતા પરિવારના માથે આભ ફાટી પડ્યું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. બીલીમોરાની મહિલા છેલ્લા કેટલાંક સમયથી કેનેડામાં રહેતી હતી, પરંતુ કોરોના વાયરસે વિદેશોમાં હાહાકાર મચાવ્યો છે, ત્યારે તેની ચપેટમાં આ મહિલા આવી ગઈ હતી અને તેનું કરૂણ મોત નિપજ્યું હતું. આ ઘટનાથી બિલીમોરામાં રહેતા તેના પરિવારના સભ્યોમાં ગમગીની છવાઈ ગઈ છે. આ ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે, નવસારીના મૂળ બિલ્લીમોરાના ઝરીના શબ્બીર



ચા વાળાનું કેનેડામાં કોરોનાથી મોત થયાના સમાચાર સામે આવી રહ્યા છે. બિલ્લીમોરાના ઝરીના શબ્બીર ચા વાળા કેનેડાના મરખમ વિસ્તારમાં છેલ્લા કેટલાંક સમયથી રહેતા હતા. પરંતુ દુર્ભાગ્યવશ વૈશ્વિક બિમારી કોરાનાની ઝપેટમાં ઝરીના શબ્બીર ચાવાળાને ચેપ લાગ્યો હતો અને તેમને ત્યાંની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. લાંબી સારવાર બાદ તેઓ કોરોના સામેના જંગમાં હારી ગયા હતા. કેનેડામાં રહેતી મુસ્લિમ પરિવારની ૪૦ વર્ષીય મહિલાનું મોત થતાં નવસારીના બિલ્લીમોરામાં રહેતા પરિવારના સભ્યોમાં ગમગીન છવાઈ ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બુધવારે નોંધાયેલા વધુ ૧૩ મૃત્યુ સાથે ગુજરાતમાં મોતનો આંકડો કુલ ૧૦૩ પર પહોંચ્યો છે. આ ઉપરાંત ૨૨૯ નવા કેસો સાથે કોરોના પોઝિટિવ દર્દીઓનો આંકડો કુલ ૨,૪૦૭ પર પહોંચ્યો છે. જ્યારે ૧૭૯ દર્દીઓ સાજા થતા તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યું છે.

કોરોના સાવચેતીઃ અમદાવાદી મહિલાએ લારીવાળા પાસેથી ડોલમાં શાકભાજી ખરીદી

વડોદરા

કોરોના થી બચવા માટે વિવિધ પ્રકારના સલાહસૂચનો આપવામાં આવે છે. જેનુ કેટલાક લોકો પાલન કરી રહ્યાં છે, તો કેટલાક લોકો ઉલ્લંઘન કરે છે. પરંતુ કોરોનાથી બચવા માટે વડોદરા પોલીસની અપીલ રંગ લાવી છે. શાકભાજી ડોલમાં ખરીદવાની અપીલને ગુજરાતભરની મહિલાઓ માની રહી છે. ત્યારે અમદાવાદમાં પણ મહિલાઓ ડોલ લઈને બહાર નીકળેલી જોવા મળી હતી. કોરોના વાયરસના કેસમાં જે રીતે દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. તેમજ શાકભાજીના વેપારીઓમાં મોટી સંખ્યામાં કેસ પોઝિટિવ આવ્યા છે. જેને લઈ રાજ્ય સરકાર તરફથી પણ અપીલ કરવામાં આવી રહી છે કે, શાકભાજી ખરીદતા સાવચેતી રાખવામાં આવે અને તેને લઈ હાટકેશ્વરની એક સોસાયટીમાં રહીશોએ જાગૃતા દાખવી છે કે ઘરના દરવાજે ઉભા રહી શાક ખરીદે રહ્યાં છે. આ મહિલાએ ઘરની બહાર ડોલમાં જ શાકભાજી ખરીદી હતી. મહિલાએ ડોલમાં શાકભાજી લઈને તેને ત્યાં જ પાણીથી ધોઈ નાંખી હતી.

જેથી કોરોનાના કીટાણું ડોલમાં જ ધોવાઈ જાય અને સુરક્ષિત રહેવાય. આમ, શાકભાજી પણ સલામત રીતે ઘરમાં લાવી શકાય છે. વડોદરા પોલીસનો માઈક પર એનાઉન્સ કરતો એક વીડિયો હાલ સોશિયલ મીડિયામાં જોરદાર વાયરલ થઈ રહ્યો છે. જેમાં વડોદરા પોલીસ લોકોને સમજાવી રહી છે કે, કેવી રીતે કોરોનાથી બચવા માટે ડોલનો ઉપયોગ કરો. વારસીયા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એસ, આનંદ દ્વારા માઈક પર લોકોને જાહેરાત કરાઈ હી કે, શાકભાજીઓને કોરોના પોઝિટિવ આવી રહ્યો છે.

તેથી શાક લેવા આવો ત્યારે થેલી નહીં પણ ડોલ લઈને આવો અને અડકયા વગર ડોલમાં શાક લઈ ડોલમાં ખાવાના સોડા બે ચમચી નાંખી દો અને ૧૦ મિનીટ રહેવા દઈ પછી જ શાક બહાર કાઢો. નહીંતર તમારા ઘરમાં પણ કોરોના આવી જશે. એક અઠવાડીયું શાક ભાજી ના ખાવ તો ચાલી જાય. શાકભાજી અને અનાજ કરીયાણાને ત્યાંથી જ ચેપ લાગે છે. એક અઠવાડીયું કઠોળ ખાવ, દાળ રોટી ખાવ. જો ઘરમાં બધાને સલામત રાખવા હોવ તો... તમારા ઘરમાં એટલું અનાજ કરીયાણું છે કે તમે ૧૦ દિવસ તમારા પરિવારને ખવડાવી શકો. આખરે તેમણે કહ્યું હતું કે હવે અમારા પર મહેરબાની કરો.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે.કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો
૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

નર્મદામાં વધુ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાતા તંત્ર ચિંતામાં : ભદામ ગામની મહિલા પોઝીટીવ આવતા આંકડો ૧૨ પર પહોંચ્યો



ગુરુવારે સવારે આવેલા ૬ સેમ્પલના પરિણામો માંથી એક પોઝિટિવ અન્ય પાંચ નેગેટિવ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં ઘણા દિવસ થી કોરોના બાબતે આરોગ્ય વિભાગ મહેનત કરી રહ્યું છે સાથે નગર પાલિકા ની ટિમો પણ આ માટે ઠેર ઠેર તૈનાત હોય કોરોના ને અટકાવવા માટે સતત પ્રયાસ કરે છે જેના કારણે ઘણા દિવસ થી જિલ્લા માં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા ૧૧ થી વધી નથી, પરંતુ ગુરુવારે સવારે આવેલા ૬ સેમ્પલ ના રિપોર્ટ માં રાજપીપળા નજીક આવેલા ભદામ ગામની મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતા તંત્રની મહેનત પણ પાણી ફરી વળ્યું એમ જણાયું જોકે આ માટે કેટલાક લોકો પણ એટલાજ જવાબદાર છે કે જે કાયદાનું પાલન ન કરી સોસીયલ ડિસ્ટન્સ સહિતની બાબતો નજર અંદાજ કરે છે.

ગુરુવારે પોઝીટીવ આવેલા ભદામ ગામના શ્રેયાબેન મહેન્દ્રભાઈ પટેલ (૨૬) ગત તારીખ ૧૫ એપ્રિલની આસ પાસ રાજપીપળા ની એક બેંક અને શાક માર્કેટમાં આવ્યા હોય તેમની આ હિસ્ટ્રી બાદ બે દિવસથી શરદી કફ અને તાવ હોવાનું જાણવા મળ્યું છે ઉપરાંત કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી પણ નથી કે કોઈ બહારથી તેમના ઘરે આવ્યા નથી તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.હાલ આ મહિલા કોવિડ ૧૯ હોસ્પિટલમાં દાખલ છે તેમજ તેમના પરિવારને પણ ફેસિલિટી કોરનટાઈન કરાયા છે.આ ઘટનાને લોકલ ટ્રાન્સમિશન સાથે સરખાવી શકાય જે ખરેખર ચિંતાની બાબત કહી શકાય. હાલની સ્થિતિમાં નર્મદા જિલ્લામાં ટોટલ કોરોનાના ૧૨ પોઝીટીવ કેસો થયા છે.

શ્રેયાબેન મહેન્દ્રભાઈ પટેલની હિસ્ટ્રી બાદ હાલની સ્થિતિ મુજબ નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગે રાજપીપળા બેન્ક ઓફ બરોડા શાખાના ૭ કર્મચારીઓના સેમ્પલ ટેસ્ટ માટે લીધા છે અને એમને હોમ કોરોન્ટાઈન કર્યા છે.નર્મદા જિલ્લામાં કુલ કોરોનાના ૧૨ કેસો સામે આવ્યા છે. જેમાંથી એક ૬૦ વર્ષીય મહિલાને વધુ સારવાર અર્થે વડોદરા ગોત્રી ખાતે ટ્રાન્સફર કરાઈ છે.

નર્મદાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોન્ટાઈન કરેલા લોકો સાથે જાણે અછૂત વ્યક્તિ જેવો વ્યવહાર..?!

રાજપરા ગામનો પરમાર પરિવાર ઘરની બહાર નીકળતો નથી,તેમને કોઈ મદદ પણ કરતુ નથીઃ તંત્ર પાસે આશા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કારોના ગ્રસ્ત વિસ્તારો માંથી જિલ્લામાં આવ્યા હોય કે કોરોના પોઝિટિવના સંપર્ક માં આવ્યા હોય તો સરકાર ની ગાઈડલાઈન મુજબ ૧૪ દિવસ માટે જેતે વ્યક્તિને કોરન્ટાઈન કરવામાં આવે છે. કોરન્ટાઈન કરેલ વ્યક્તિઓ કોરોના પોઝિટિવ હોતા નથી જિલ્લામાં આવા ૩૦૦ થી વધુ ના સેમ્પલો નેગેટીવ આવ્યા છતાં આ લોકો પ્રત્યે વ્યવહાર સારો કરતા નથી કોરોના બાબતે આટલી જાગૃતિ આવી હોવા છતાં લોકોમાં એક ડર ઘૂસ્યો છે.

નાંદોદ તાલુકાના નાવરા ગ્રામપંચાયત માં આવતા રાજપરા ગામમાં રહેતા નગીન ભગવાનભાઈ પરમાર તેમના પુત્રના ટાંકા તોડાવવા ના હોય વાઘેથા નર્સ ના સંપર્કમાં આવ્યા હતા.આ નર્સ કોરોના પોઝિટિવ નીકળતા જેની ટ્રાવેલ હિસ્ટ્રી તપાસતા રાજપરા ના આ પરિવાર ના ૧૦ સભ્યો ને ૧૯ એપ્રિલ થી કોરન્ટાઈન કરવામાં આવ્યા છે. હવે આ પરિવાર ત્રણ દિવસથી ઘરમાં છે તેમને જરૂરિયાતના સામાન પૂરો થયો છે.ગામમાં કોઈ મદદ કરતુ નથી એટલે હાલત ખરાબ બની છે.

આ બાબતે નગીનભાઈ પરમારે જણાવ્યું હતું કે અમને ૧૯ તારીખના કોરન્ટાઈન કર્યા છે ગામના સરપંચને જાણ કરી પણ કોઈ મદદ કરતુ નથી આજે જીવન જરૂરી વસ્તુ નો પુરવઠો ઘટી રહ્યો છે. ઘંટી એ દળાવવા પણ જવાતું નથી, ત્યારે અમને કોઈ તંત્ર દ્વારા પણ મદદ મળે તેવી માંગ છે. હજુ અમારે ૧૦ દિવસ ઘરમાં કાઢવા કેવી રીતે, માટે આરોગ્ય વિભાગ વહીવટી તંત્ર કે કોઈ સામાજિક સંસ્થા મદદ કરે એવી માંગ છે.

લોકડાઉન હમણાં આવ્યું પરંતુ....

નર્મદાના કેટલાય ગામોમાં રહેતા આદિવાસી પરિવારો સોસીયલ ડિસ્ટનસિંગ પદ્ધતિ પહેલેથી જ અપનાવે છે : ઘર દૂર દૂર હોય છે અને નમસ્તે જ કરતા આવ્યા છે

● આદિવાસી રિતરીવાજ મુજબ નર્મદા જિલ્લાના ડુંગર વિસ્તારના રહેણાંક ઘરોમા સોશિયલ ડિસ્ટન્સનો સદીઓથી થતો અમલ

● સોસિયલ ડિસ્ટન્ટ જેવા સતત કાને અથડાતા શબ્દ નુ ચુસ્તપણે અમલ આદિવાસી સમુદાય ઓ સદીઓ થી કરતો આવ્યો છે





(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સમગ્ર વિશ્વમાં હાલના સમયે ખાસ કરીને કોરોના મહામારી બાદ જ સાંભળવા મળતો શબ્દ એટલે સોશિયલ ડિસ્ટન્સ જોકે લોકો માટે આ શબ્દ અને તેની અમલવારી નવી લાગી રહી છે પરંતુ આદિવાસીઓ આ શબ્દ વિશે જાણકારી ભલે ધરાવતા ન હોય પરંતુ તેનુ મહત્વ અને તેની અમલવારી સદીઓથી કરતા આવ્યો છે.

આદિવાસીઓ પોતાના રહેણાંક ઘરો સદીઓથી સો દોઢસો મીટર થી વધુ ની દૂરી રાખી બનાવીને જ રહેતો આવ્યો છે, આજે કોરોના જેવી મહામારી ને લીધે આખુ વિશ્વ સામાજિક દૂરી (સોશિયલ ડિસ્ટન્સ)ની વાત કરી રહ્યુ છે અને તેનો કડકાઈથી અમલ માટે ના કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે,ત્યારે આદિવાસીઓની બેનમૂન જીવન પધ્ધતિ થી એવુ લાગે છે ક સોશ્યલ ડિસ્ટેન્સિંગ જેવી વાત આદિવાસી ઓ માટે કોઈ નવી વાત નથી, છતાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં સરકાર દ્વારા નક્કી કરવા માં આવેલ માર્ગદર્શિકાનુ ચુસ્ત પણે પાલન કરવા સૌ કોઈ એ પોતાની નૈતિક જવાબદારી સમજવી તે સમય ની માંગ છે.

આદિવાસી સમાજના દેવજીભાઈ જણાવ્યા મુજબ આદિવાસીઓ જ્યારે એક બીજા ને મળે ત્યારે બિન જરૂરી ભેટવુ કે હસ્તધૂન જેવી પધ્ધતિ થી દૂર રહી સોશિયલ ડિસ્ટેન્સિંગ જેવા નિયમ ની અમલવારી રુપે બે હાથ જોડીને સહેજ નીચે નમીને ભાવ પૂર્વક અભિવાદન કરતા હોય છે, આમ આદિવાસીઓ સદીઓ થી વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ રાખી ને પોતે કઈ રીતે સ્વસ્થ અને સલામત જીવન જીવી શકે અને અન્ય બીજા કોઈ ને પણ સ્વસ્થ અને સલામત જીવન જીવવાની શીખ આપતી એવી જીવન પધ્ધતિઓની અમલવારી કરતો આવ્યો છે. આમ તંદુરસ્ત,નિરોગી અને લાંબુ જીવન જીવવા માટે દુનિયાના બુદ્ધિજીવીઓ પણ આદિવાસીઓની જીવન શૈલી અપનાવવા અને આદિવાસી જીવનશૈલી ટકાવી રાખવાની તરફેણ કરી રહ્યા છે.

લોકડાઉન જેવા કપરા સમયે નર્મદાના અંતરિયાળ ગામોના HIV પીડિતોને દવા પહોંચાડવા DAPCU ઈન્ચાર્જ મદદરૂપ ન થયા..?!

● સુરત GSNP+ સંસ્થા ના નર્મદા માં કામ કરતા મહિલા ORW એ પોતાની એક્ટિવા ગાડી પર દવા પહોંચાડી

● સરકાર HIV પીડિતો માટે મફત દવા સહિતની યોજના અમલ માં મૂકે છે પરંતુ સ્થાનિક તંત્ર લોકડાઉન સમયે મદદરૂપ ન થાય એ ગંભીર બાબત કહેવાય



DAPCU ઈન્ચાર્જ એ કોઈ મદદ ન આપતા હું મારા ટુ વ્હીલર પર જવા મજબુર બનીઃ ORW

આ બાબતે નર્મદા જિલ્લામાં ORW તરીકે ફરજ બજાવતા મહિલા કર્મચારી એ જણાવ્યું કે અમારી સંસ્થા ના પ્રમુખે વાત કરી ત્યારે DAPCU ઈન્ચાર્જ એ હા કહી પરંતુ ત્યારબાદ મને અંતરિયાળ ગામોમાં જવા માટે પાસ ની પણ કોઈ મદદ ન કરી કે વાહન ની પણ વ્યવસ્થા ન કરી આપતા જરૂરી દવા માટે હું મારા ટુ વ્હીલર પર ગઈ હતી.જેમાં ત્રણ રાઉન્ડ માં ૮૦ થી વધુ પીડિતોને બે બે મહિનાની દવા પહોંચાડી હતી.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોન ના કારણે નર્મદા જિલ્લામાં લોકડાઉન ચાલુ હોય વાહન વ્યવહાર બંધ છે તેવામાં જિલ્લાના HIV પીડિતો માટે વડોદરા ART સેન્ટર દ્વારા નર્મદા સહિતના ઘણા જિલ્લાઓ માં દવા પહોંચાડવામાં આવી હતી પરંતુ નર્મદા ના અંતરિયાળ ગામોમાં રહેતા અને જીવવા માટે જરૂરી તેવી દવા દર મહિને લેતા HIV પીડિતો ને દવા પહોંચાડવા સ્થાનિક તંત્ર ની મદદ માટે સુરત GSNP+ સંસ્થા ના પ્રમુખ દક્ષાબેન પટેલે નર્મદા જિલ્લા DAPCU ના ઈન્ચાર્જ સાથે ટેલિફોનિક વાત કરી તેમના નર્મદા ના મહિલા ORW ને અંતરિયાળ ગામો માં દવા પહોંચાડવા વાહન અને પાસ ની મદદ કરવા જણાવ્યું પરંતુ આ બાબતે કોઈજ મદદ ન મળતા આખરે મહિલા ORW પોતાની એક્ટિવા ગાડી પણ દવાના બોક્ષ લઈ અંતરિયાળ ગામોમાં જઈ ૮૦ થી વધુ HIV પીડિતોને દવા પહોંચાડવા મજબુર થયા હતા.ત્યારે સ્થાનિક તંત્ર લોકડાઉનમાં અત્યંત જરૂરી એવી દવા બાબતે પણ જો સહકાર ન આપે તો સરકાર ની યોજનાઓનો શુ મતલબ.?

સુરતમાં મોત કરતા રિકવરીની ટકાવારી વધુ આવતા હાશકારો

સુરતમાં કોરોના ના કારણે ૧૩ લોકોના મોત, ૧૫ થયા સાજા



સુરત

કોરોના વાઈરસના પગલે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી ગયો છે. રોજે રોજ કેસની સંખ્યા વધવાની સાથે પોઝિટિવ દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે. જ્યારે સુરત જિલ્લામાં પોઝિટિવ દર્દીઓમાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. ત્યારે તેને માત આપનારની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. જોકે, સાથે સાથે મૃતકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. સુરત જિલ્લામાં કોરોનાનો ભોગ બનનાર ૧૩ વ્યક્તિ છે અને કોરોનાને માત આપનાર ૧૫ વ્યક્તિ છે.

સમગ્ર વિશ્વમાં કોરોનાના કારણે મહિલાઓ કરતાં પુરૂષોના મોત વધુ થયા છે. જોકે, આ બાબતે સુરતમાં અલગ બાબત સામે આવી છે. કુલ ૧૨ મૃતકોમાંથી મહિલાઓના મોત વધુ થયા છે. પાંચ જ પુરૂષોના મોત સુરતમાં થયા છે. જ્યારે આઠ મહિલાઓના મોત થયાનું સુરતમાં સામે આવ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરાનાને માત આપી રિકવર થવા પુરૂષોની સંખ્યા વધુ છે. સુરતમાં પણ ૧૫ રિકવર થયેલા દર્દીઓમાં પુરૂષોની સંખ્યા વધુ છે. સુરતમાં રિકવર થયેલા પૈકી ૬ મહિલાઓ છે જ્યારે ૯ પુરૂષોનો સમાવેશ થાય છે.

સુરતનાં સલાબતપુરમાં હોમગાર્ડ જવાનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતા ફફડાટ



સુરત

સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ તરીકેની ફરજ બજાવતા જવાનને કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો. આ જવાન પીસીઆર વાન તેમજ અલગ અલગ વિસ્તારોમાં ફરજ બજાવી ચૂક્યો છે. જેથી અનેક લોકોના સંપર્કમાં આવ્યો હોવાની શંકા પણ વ્યક્ત કરવામાં આવી છે.

હોમગાર્ડ જવાન નો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા પોલીસ બેડા માટે આ ચિંતાનો વિષય બની ગયો છે. સુરતમાં રેડ ઝોન ગણાતા માન દરવાજા વિસ્તાર સહિત કતારગામ, સેન્ટ્રલ ઝોન, ઉધના સહિત વરાછા ઝોન વિસ્તારમાં પણ કોરોના પોઝિટીવના કેસો સામે આવ્યા છે. શહેરમાં અત્યાર સુધીમાં આશરે નવ હજારથી વધુ સેમ્પલો લેવામાં આવ્યા છે. છે માંથી ૩૯૯ જેટલા કેસ પોઝીટીવ આવ્યા છે. જ્યારે ૧૬ કેસ જિલ્લમાંથી નોંધાયા છે.

અંકલેશ્વર બહેનના ઘર રહેવા આવેલા પાટણનાં ભાઈની અટક

યુવક વિરુદ્ધ લોકડાઉન ભંગનો ગુનો દાખલ

અંકલેશ્વર

વર્તમાન સમયમાં કોરોના વાયરસના કારણે એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં મંજુરી વિના જઈ શકાતું નથી ત્યારે અંકલેશ્વરમાં રહેતી બહેનના ઘરે આવેલાં ભાઈની પોલીસે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રિય માહિતી અનુસાર અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલા પશુપતિનાથ મંદિરની પાસે આવેલાં આરાધનના એવન્યુમાં રહેતાં ગીતાબેન પટેલને ત્યાં જયેન્દ્રભાઈ પટેલ પાટણથી રહેવા માટે આવ્યાં હોવાની માહિતી પોલીસને મળી હતી. જયેન્દ્રભાઈએ ગીતાબેનના ભાઈ છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી જયેન્દ્રભાઈ પાસે અંકલેશ્વર ખાતે આવવા માટે મંજુરી લીધી હોય તેના દસ્તાવેજો બતાવવા માટે જણાવ્યું હતું. તેઓ કોઈ દસ્તાવેજો રજુ નહિ કરી શકતા જીઆઈડીસી પોલીસે તેમની અટકાયત કરી છે. જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં તેમના વિરૂધ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આમ તંત્રની પરવાનગી વિના એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જતાં લોકો માટે આ કિસ્સો સબક લેવા સમાન છે.

નવસારીમાં લોકડાઉનનો ભંગ ૨૩૧ લોકો સામે ગુનો નોંધાયા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૨૧ મી એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ તમ્બૂ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૨૩૧ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૬૩ ની અટક કરવામાં આવી છે. તેમજ ધ એપીડેમીક ડીસીઝ એક્ટ ૨૦૦૫ હેઠળ ૦૩ ઈસમો સામે એફઆઈઆર કરવામાં આવી છે. અને ૦૫ વ્યકિતની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૨૧૮ વાહનો ડીટેઈન કરાયા હતા. તા.૨૧ એપ્રિલ સુધીમાં કુલ ૫૨૩૬ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૫૭૭૨ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

વલસાડમાં પતિ સાથે વીડિયો કોલ પર વાત કરતા અચાનક પત્નીએ કરી આત્મહત્યા

વલસાડ

વલસાડના મોગરાવાડી ખાતે પિયરમાં રહેતી પરિણીતાએ કોઈક અકળ કારણસર બુધવારે સવારે પતિ સાથે વીડિયો કોલ પર વાત કરતા કરતા લાઈવ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. મોગરાવાડીના અંબુનગર ખાતે આવેલા માલતી એપાર્ટમેન્ટના રૂમ નં.૧માં રહેતા જાહીરખાન પઠાણની પુત્રી નાજિયાબાનુના લગ્ન કપરાડા તાલુકાના દાબખલ ગામે રહેતા આદિલખાન પઠાણ સાથે એક વર્ષ પહેલા થયાં હતાં. લગ્ન બાદ પતિ-પત્ની વચ્ચે કોઈક બાબતે ખટરાગ સર્જાતા, નાજિયાબાનુ છેલ્લા ૧૨ દિવસથી મોગરાવાડી ખાતે પિયરમાં આવીને રહેવા માંડી હતી. દરમિયાન નાજિયાબાનુએ બુધવારે સવારે ૧૧-૦૦ વાગ્યે પતિ આદિલખાનને વીડિયો કૉલ કરીને વાતચીત કર્યા બાદ, વાત કરતા કરતા જ હુક સાથે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઘટના બાદ પરિણીતાના પરિજનો તેણીને તાત્કાલિક સારવાર માટે અત્રેની કસ્તુરબા હોસ્પિટલમાં લઈ ગયાં હતાં.

જ્યાં તેણીનું ટૂંકી સારવાર બાદ મૃત્યુ થયું હતું. ઘટના અંગે ફરજ પરના તબીબે વલસાડ સિટી પોલીસ મથકમાં જાણ કરતા, પોલીસે હાલ તો અકસ્માત મોત મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. લગ્નના એક જ વર્ષમાં પરિણીતાએ લાઈવ આત્મહત્યા કરી લેવાની ઘટનાથી અનેક તર્કવિતર્કો વહેતા થયાં છે.પોલીસ સમગ્ર બનાવ અંગે ગંભીરતા પૂર્વક ઝીણવટભરી તપાસ કરી રહી છે.